



કુમાર

વર્ષ ૪૮મું · અંક ૧૧
નવેમ્બર ૧૯૭૧
સંસ્થાપક · રવિશંકર રાવળ · તંત્રી બચુભાઇ રાવત
ક્રમાંક ૫૭૫





કુમાર નવેમ્બર ૧૯૭૧ · અંક ૫૭૫

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

વાચકો લખે છે

रम्ये दीपोत्सवे भव्या
भासतां भारती कथा।
आरोग्यं स्नेह-समृद्धिः
मांगल्यं वै गृहे गृहे॥

सस्याढ्यां वसुधां वीक्ष्य
हृष्येत् केदार–दारिका।
क्षीरिण्यः धेनवः सन्तु
मोदन्तां कवि–कोविदाः।

स्वाधीना चेतसो वृत्तिः
सदा मानोन्नतं शिरः।
कारुण्यं सर्व–भूतेभ्यः
सेवया संभृतं यशः॥

मातृभूः मातृभाषा च
गौरवाय प्रकल्पताम्।
प्रबोधः जनता चित्ते
तामिस्रे ज्योतिषां जयः॥

(पोरबंदर) —विद्यालंकारः शंकरदेवः

આભ ભીંસે અંધાર ને
તગે સ્મિતનાં તારકફૂલ;
ભાયગ આપણુ ભોમનાં
ફોર્યાં શૂળની સ્હોડે ફૂલ.

વેળની વેળુમાં ય ધખેલાં
જળની ઊડે લા'ય;
આગ પીનારાં તટનાં ત્રાવર
પાથરી દેતાં છાંય!

વાટની ઊંડી નેળમાં ગાજે.
જનમ વાંકાં ઝાડ.
નેહનાં કિરણુ પાડતાં કેડી
ભીંસ નડે ના આડ!

(અમદાવાદ) —વ્રજલાલ દવે

અનંતની વેલ પરે ઊગેલું
મ્હેકે પ્રસૂન અવ નૂતન વર્ષનું આ,
પરાગ થૈ જે પ્રસરે પળો તે
મ્હેકાવજો સતત જીવન આપનું હ્યાં!

(રાજકોટ) —ભાનુપ્રસાદ પંડયા

બારણામાં આળખેલ લાભ-શુભ,
ટોડલામાં કોરેલા ગ્હેકે રે મોર;
વાયરાની જેમ વહે આખું વરસ
રહે સોડમનો આછો કલશોર!

(ધંધૂકા) —નિરંજન યાજ્ઞિક

વાટજોગું લેજો રૂ, ભાઈ એ જ ધરમ
રે એનો દીવો કરો!
ચાંગળુંક લેજો ઘી, ભાઈ એ જ સ્નેહ
રે એનો દીવો કરો!
મૂકજો કોડિયામાંહિ, ભાઈ એ જ કરમ
રે એનો દીવો કરો!
થાઓ સદાય સૌ સુખી, ભાઈ એ જ મરમ
રે એનો દીવો કરો!
સાથે લેજો પ્રભુનું નામ, ભાઈ એ જ પરમ
રે એનો દીવો કરો!

(અમદાવાદ) —હસમુખ પાઠક

બે ઝૂલતી વિટપનાં કુસુમો નિહાળે
અન્યોન્યને ઝૂલત નમ્ર નિગાહ હૈયે
છો દૂર, આત્મરસ ઐક્યસુગંધ માણે,
એવાં થતું મિલનતૃપ્ત રસાળ વિશ્વે!

(પોરબંદર) —સુધાંશુ

'કુમાર' સપ્ટે૦ '૭૧ અંક પરનો 'પોયણી' શીર્ષકવાળો ફોટો ખરેખર 'પોયણી' નથી પણ કમળ છે. અનેક રીતે સરખાં લાગતાં આ બંને ફૂલો વચ્ચે એક મહત્ત્વનો તફાવત છે: કમળ દિવસે ખીલે છે, પોયણું રાતે. ('પોયણી' લતા છે, 'પોયણું' તેનું ફૂલ.)

આ માસ ઇતિહાસમાં વિનોબાની જન્મતારીખમાં સ્હેજ મુદ્રણદોષ રહી ગયો લાગે છે. વિનોબાનો જન્મ ૧૨ નહિ પણ ૧૧ સપ્ટેમ્બરે ને ૧૮૯૪ નહિ પણ ૧૮૯૫. (જુઓ: 'સામ્યયોગી વિનોબા' લે૦ પ્રબોધ ચોકસી પૃ. ૧૩).

(પોરબંદર) —નરોત્તમ પલાણ

[* વિનોબાની જન્મતારીખ અંગે વિનુભાઈ પંડયા (કરનાલી) એન.બી.નાયક (સાવરકુંડલા). દત્તુ ગોરે (પૂના) વગેરે એ પણ લખ્યું છે.]

ઑગસ્ટ '૭૧ના અંકમાં બે હકીકતદોષો છે: ૧) પાના ૩૨૫ પર શ્રી અરવિંદને 'ઈ. સ. ૧૯૪૦માં પોતાના જન્મદિવસે લપસી પડવાથી પગનું હાડકું તૂટયું' એમ જે લખ્યું છે તે ખોટું છે. હકીકતમાં એ દિવસ શ્રી અરવિંદના ૨૪ નવેમ્બર ૧૯૩૮ના 'સિદ્ધિ દિન'નો આગલો દિવસ એટલે ૨૩ નવેમ્બર ૧૯૩૮નો હતો.

(૨) પૃ. ૩૨૯, પહેલી પંક્તિમાં ઇ. ૧૯૪૮માં વારકો ડા ગામા અંતે કાલીકટ પહોંચ્યો. તે ૧૯૪૮ એ ખોટું છે. ઈ. ૧૪૯૮ જોઈએ.

(અનુસંધાન પૂઠાના ત્રીજે પાને)

ઉનાળાના કભાવનું ને ફ્લાણુના અભાવનું ગીત

રમેશ પારેખ

ઉનાળો ફેલાતો જાય……

'માતેલો તાપ ઠેઠ જીવ સુધી પહોંચ્યો તે દરિયા પણ સુક્કા દેખાય.
હોઠમાંથી ખરી પડયું પાણીનું ભાન અને વસ્યું એક ઝાંઝવાંનું ગામ,
નહીંને જો ઓચિંતો આવે વરસાદ તો તો પડી જાય ફંવેફંવે ડામ,
પારધીના હાથમાંથી છૂટેલી હોય તેવી લૂથી તો પથ્થરો વીંધાય
ઉનાળો ફેલાતો જાય……

તરસે લીલોતરી પીવાની ઝાળઝાળ લાગી છે કોણ અહીં પાશે?
તૂટયા સંબંધ યાદ આવે કદીક એવી ખાલીખમ પરબો પણ કયાં છે?
બેંક ટીપાં રડવું આવ્યું છે મને—એવી હું અફવા ફેલાવું પણ, હાય…
ઉનાળો ફેલાતો જાય…

પ્રકૃતિ તાંડવનું ગીત/વીરુ પુરોહિત

·ગાન·

ઝૂમ ઝૂમ ઝુમકાતાં પવનોનાં લશ્કર,
કંઈ અંધારી રાત નથી પીડતી.
આખલાની જેમ ધરી સામસામાં શીંગ
બધે વૃક્ષો કૈં એકધારાં ઝઘડે,
મોઢેથી ફીણાતાં ફીણુ સમાં ચોગરદમ
પર્ણો છવરાઇ ગયાં વગડે;
ખેતર શા શિશુને કરતી ભયમુક્ત
વાડ્ય ઊભી છે આંકડિયા ભીડતી…

રણશીંગાં સાંભળીને અબળાઓ આડેધડ
દોડે, પડે ને તો ય ભાગે,
નદિયું ભાગે છે એમ વિહ્વળ બનીને
તો ય પર્વત જતિની જેમ તાગે;
તારાની આંખ્યુંમાં ખટકે કણા
ને ઓલ્યાં નભને ડમરિયું જાય પીડતી;
ઝૂમ ઝૂમ ઝુમકાતાં પવનોનાં લશ્કર,
કંઈ અંધારી રાત નથી પીડતી!

બે હાઈકુ

આહમદ મકરાણી

પંથ બતાવે:
છતાં ન ભરે ડગ
માઈલ-સ્ટોન!

વીત્યો સમય
શ્વસે ચહેરા પર
રેખાઓ બની.

આજે / દિનેશ મોદી

·ગઝલ·

હીરાને મૂલ્ય પોતાનું સ્વયં કે'વું પડે આજે;
ઝવેરીઓ તણાં કાર્યો વખા-માર્યા કરે આજે.

અરે આકાશની વીજળી! કરી લે કડકડાટી તું:
સૂના ચમકાર તારા કૈં નજરમાં નહિ પડે આજે.

હકીકતમાં તમારું સ્થાન તો પહેલાં હતું તે છે;
ખરેખર તો સમય છે, જે સહિત સઘળું ફરે આજે.

ગમે ત્યાંથી સૂરજ કેવો, ભલા, ડોકાઈ લેતો'તો!
હવે તો વાદળો પાછળ રહીને કરગરે આજે.

નયનનું કામ નૈનોથી થતું હો તો થવા દેજો;
રખે 'દિનેશ' હોઠો અંતરાયો ત્યાં ધરે આજે!

'ઉનાળાના ફ્ભાવનું…ગીત': એક તો ગ્રીષ્મ, અને તેમાં વળી વિરહની વેદના અંતસ્તાપને કેટલો વધારી દે છે તેનું લયઊછળતું ગાન; 'કુંવારી કન્યાની કામના': વરસાદના પ્રથમ ટીપા જેવી, વસંતના પ્રથમ ઉઘાડ જેવી કોઈ કન્યાની કામનાઓને વાચા આપતી કૃતિ; 'પ્રકૃતિ તાંડવ'નું હૂબહૂ શબ્દચિત્ર; 'અનુભૂતિ': નવી કલ્પનાઓ દ્વારા અગમની અનુભૂતિની કવિત્વમય અભિવ્યક્તિ; 'આજે': આજના યુગસંદર્ભમાં સર્જાઈ રહેલી વિપરીત પરિસ્થિતિઓના કટાક્ષની કૃતિ.

કુંવારી કન્યાની કામના

ડૉ. ચન્દ્રકાન્ત દત્તાણી

હું તો કુંવારી કન્યાની કામના.

સંગાથે આખ્ખું આકાશ લઇ ઊતરતું
પહેલા વરસાદનું હું ટીપું,
પહેલી વસંતના લીલા ઉઘાડના
ટહુકાથી રોમ રોમ દીપું;
લાખલાખ શતરાણી ફોરમતી હોય
એવી લીલી સુગંધ હું તમામમાં…

ઝંખનાનાં વનમાં ઝરવાના દંન સખિ,
કાળા કાળોતરાનાં ઝેર,
એવાં એ ઝેરની ભમ્મર નીલાશમાં
ન્હાતી હું નીલી નાઘેર;
વાયરાની જેમ બધે મારો વિસ્તાર
મને સાંભરતું કોઈ હવે ગામ ના…

સંભવના સોનેરી પેટાળે ઘંઘવતું
ઝળહળ અભાવનું હું મોતી,
સાત સાત દરિયાઉં વીંધીને રાજ,
મને લઇ જાવ દરિયાઉં સોતી;
હું તો પથ્થર અહલ્યાનો પોઢેલો કંપ,
મને અડકે ચરણુ કોઈ રામનાં…
હું તો કુંવારી કન્યાની કામના.

અનુભૂતિ / જગદીશ જોષી

·ગાન·

પાંદડી તે પી પીને કેટલું રે પીશે
કે મૂળિયાંને પડવાનો શોષ?
આભ જેવા આભને હૈયામાં હોય કદી
જળના વરસ્યાનો અફસોસ?

એક પછી એક મોજાં આવે ને જાય
એને કાંઠે બેસીને કોણ ગણતું?
વાદળના કાફલાનું ગીત અહીં લહેરખીમાં
રેશમનો સૂર રહે વણતું;
ઉઘાડી આંખે આ જાગતા ઉજાગરાને
આઘાં પરોઢ આઠ કોશ!

નીંદરતી આંખમહીં ઊમટીને ઊભરાતું
જાગે છે સપનાંનું ટોળું,
કિરણોની એક એક કાંકરીઓ નાખીને
જાગ્યું તળાવ નહિ હહોળું
આખા આકાશને ઓઢીને ઠરવાનો
જળને છે ઝીણો સંતોષ!

મુક્ત વિચારધારા નીડર પ્રવૃત્તિ અને અડગ આત્મશ્રદ્ધાથી સિદ્ધિનાં સોપાન ચડનાર તાલિમનાડના સપૂત અને ભારતના નરપુંગવ

સચિવોત્તમ

સર સી. પી.* રામસ્વામી આયર

હિંમત અને વફાદારીના તાણાવાણાથી જેમનું જીવનપોત વણાયું હતું....

લેખક
ધીરુભાઇ પરીખ



'न मुखे नेत्रयोश्चापि ललाटे च भ्रुवोस्त था ।
अन्येष्वपि च सर्वेषु दोषः संविदितः क्वचित् ॥'

(એના ચહેરા પર કે ચક્ષુમાં, ભાલ પર કે ભવાંમાં, અન્યત્ર, સર્વત્ર કે ક્યાં યે કુટિલતા કદાપિ કળાય નહિ.)

રામાયણના કિષ્કિંધા કાણ્ડના ત્રીજા અધ્યાયમાં એક આદર્શ સચિવનું વર્ણન કરતા કેટલાક શ્લોકની સાથે જ યાદ આવી જાય છે 'સચિવોત્તમ' સર સી.પી.ની મુખાકૃતિ. વિશાળ ભાલ, ગાઢાં ભવાં નીચે પહોળાં પોપચાંથી રક્ષાએલી વિશાળ ભૂરી સ્વપ્નિલ આંખો, ગૌરવાંકિત લાંબી અણીદાર નાસિકા, મનની મક્કમતાને મુદ્રિત કરતા હોઠ અને હડપચી, સપ્રમાણ સુદીર્ઘ કાન અને મુખસૌષ્ઠવને દઢાવતી શ્વેત મદ્રાસી પાઘડી. કૉલિન ક્રૂક્સે ઇંગ્લૅંડના સૌન્દર્યશ્રેષ્ઠ પુરુષ એડવર્ડ માર્શલ હૉલ સાથે સર સી.પી.ની તુલના કરી છે તેની પ્રતીતિ એમની આવી મુખાકૃતિ અવશ્ય કરાવી આપે છે.

આવા નયનલુભાવન નરરત્ન સર સી.પી. રામસ્વામી આયરનો જન્મ ઈ. ૧૮૭૯ના નવેમ્બરની બારમી તારીખ અને દિવાળીને દિવસે થએલો. પિતાશ્રી સી. આર. પટ્ટાભિરામ આયર કૉલેજકાળમાં તેજસ્વી છાત્ર હતા. અંગ્રેજી સાહિત્યના એ ઉત્સાહી વિદ્યાર્થી. કવિ વર્ડ્ઝવર્થ, કોલરિજ ને શેલીના એઓ અઠંગ અભ્યાસી. વર્ડ્ઝવર્થના 'ધ પ્રિલ્યૂડ'-માંથી ચારસો-પાંચસો પંક્તિઓ તો એમની જીભને ટેરવે રમે! આવી અજબ સ્મરણશક્તિ ધરાવનાર પિતાએ ઉચ્ચ અદાલતમાં વકાલતના પ્રારંભથી કારકિર્દી આરંભી મદ્રાસના ન્યાયાલયનું સન્માન્ય ન્યાયાધીશ-પદ પ્રાપ્ત કરેલું. પુત્રને પણ પોતાની જેમ વિખ્યાત વકીલ બનાવવાની પિતૃ-ઇચ્છાને સર સી.પી.એ સફળ કરી હતી. આરંભના અનીશ્વરવાદી પિતાએ પાછળથી ચુસ્ત ધર્મશ્રદ્ધાથી હૈયાને ભરી દીધેલું. પુત્ર પાસે પિતાએ વર્ડ્ઝવર્થ, કોલરિજ, શેલી અને ટેનિસન વગેરે કવિઓના પદ્યાંશો અને શૉપનહૉઅર તેમજ નિત્શે જેવા તત્ત્વજ્ઞાના ગદ્યાંશો કંઠસ્થ કરાવેલા. માતા સીતામ્મલ પણ મદ્રાસના પ્રથમ ભારતીય ન્યાયાધીશ સી.વી. આર. શાસ્ત્રીની પુત્રી. આમ, તેજસ્વી બુદ્ધિપ્રતિભાનો વારસો સી. પી. એ પિતૃ-માતૃ ઉભય પક્ષેથી મેળવ્યો અને સ્વપ્રયત્ને કેળવ્યો હતો.

રામસ્વામીનું શાળાજીવન વેસ્લી સ્કૂલમાં વીત્યું. પાશ્ચાત્ય સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો પિતાપ્રેર્યો પરમ પ્રભાવ હોવાથી પ્રશ્ન ભાષા તરીકે એઓ અંગ્રેજી શીખ્યા. આ જ અરસામાં એક પાદરીએ ફ્રેન્ચનો પણ અભ્યાસ કરાવ્યો. વળી, એમણે જ કિશોર રામસ્વામીને ચિત્રકલા, શિલ્પ અને અન્ય લલિતકલાનો ચટકો લગાડ્યો. ફ્રેન્ચના અભ્યાસથી ફ્રેન્ચ ગદ્ય શૈલી પ્રત્યે પણ અનુરાગ પ્રગટ્યો. પશ્ચિમના કવિઓ અને ચિતકોનો પણ પરિચય વધતો ગયો. શૉપનહૉઅરના વાચન પ્રેરિત ભ્રાંતિવાદે એમના વિચારોને બરાબર રંગી દીધા. જગત પરની અશ્રદ્ધા દૃઢ થઈ અને એમના કૉલેજશિક્ષણની સમાપ્તિ સુધી એ જ અશ્રદ્ધામાં શ્રદ્ધા રાખીને એઓ જીવન ઘડતા રહ્યા. દરમિયાનમાં એક મિ. ફ્લિંગે એમને બાઇબલના અભ્યાસ તરફ દોર્યા. પરિણામે, બાઈબલ અને પાશ્ચાત્ય ઇશ્વરજ્ઞાનમાં પ્રાવીણ્ય માટે એમને અનેક પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં. પરંતુ એમની વિચારસરણીનો મુખ્ય ઝોક તો નાસ્તિવાદ તરફ જ હતો.

એમની આ માન્યતાને કૉલેજકાળમાં પોષણ મળ્યું મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજના આચાર્ય સ્ટુઅર્ટના સમાગમથી. એની નાસ્તિવાદી દૃષ્ટિનો પ્રભાવ રામસ્વામી પર પડ્યો ને અનીશ્વરવાદ વધુ દૃઢ થયો. હવે તે પાશ્ચાત્ય રહેણીકરણી, ખાણીપીણી અને આચારવિચારના મોહપાશમાં ફસાયા. પાશ્ચાત્ય કેળવણીના તત્કાલીન પ્રભાવમાંથી આ તેજસ્વી યુવાન પણ બચી ન શક્યો! પરંતુ કૉલેજકાળ દરમિયાન કરેલો સંસ્કૃતનો અભ્યાસ, પિતાએ આપેલી તત્ત્વજ્ઞાનજન્ય પર્યેષક દૃષ્ટિ અને જન્મજાત

* ભારતભરમાં અને વિદેશમાં 'સી. પી.'ના ટૂંકા નામથી ખ્યાત આ સચિવોત્તમનું ખરું નામ તો રામસ્વામી આયર. દક્ષિણ ભારતમાં વ્યક્તિનાં નામ તથા અટક વિવિધરીતે લખાય છે. તે પૈકી આ પ્રકારમાં પહેલો વતનના નામનો પ્રથમાક્ષર, પછી પિતાના નામનો પ્રથમાક્ષર, તે પછી પોતાનું આખું નામ, ને છેલ્લે આખી અટક નિર્દિષ્ટ હોય છે. તદનુસાર આ નામમાં 'સી.' તે એમના વતનના નામનો અને 'પી.' તે એમના પિતાના નામ (પટ્ટાભિરામન્)નો પ્રથમાક્ષર માત્ર છે, અને એમનું પોતાનું નામ તો રામસ્વામી તથા અટક આયર છે. ક્યાંક કેવળ પિતાના નામના પ્રથમાક્ષરથી જ શરૂઆત થાય છે. દા. ત. 'એન. ગોપાળસ્વામી આયંગર' અને એમના પુત્ર 'જી. પાર્થસારથિ આયંગર.'

મૌલિક મેધાએ એમને કૉલેજ છોડયા પછી ભારતીય તત્ત્વજ્ઞાનના અભ્યાસ પ્રતિ પ્રેર્યા. સ્વસંસ્કૃતિનો મહિમા હવે એમને સમજાયો.

સંસ્કૃતિ અને સાહિત્યના આ રસિક વિદ્યાર્થીને અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક થવાની કેડકેડા હતી. આથી જ એમણે મદદનીશ અધ્યાપકની જગ્યા માટે અરજી પણ કરી નાખી. પરંતુ તેમના પિતાએ પુત્રના આ વિચાર-વ્યવસાયને નકાર્યો. પુત્રને પણ પોતાના જેવા બાહોશ વકીલ બનાવવાના મનોરથો પિતાને માટીમાં મળી જતા લાગ્યા. એવામાં પુત્ર રામસ્વામીએ પૂનામાં ગોખલેની 'સર્વન્ટસ ઑવ ઇન્ડિયા સોસાએટી'માં જોડાવાનો પ્રયાસ કર્યો. પિતા આથી તો ખૂબ હતાશ થયા. છેવટે રામસ્વામીએ મદ્રાસની લૉ કૉલેજમાં જોડાઈ વકીલ થવાનો મનસૂબો મુકરર કર્યો ત્યારે જ પિતાના કાળજે કરાર વળ્યો.

વકીલ તરીકેની એમની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ તે સમયના પ્રખર વકીલ અને ઉદાર મતવાદી મહામાનવ વી. કૃષ્ણસ્વામી આયરને ત્યાં તાલીમ લેવાથી થયો. આમ, કૃષ્ણસ્વામીના વિચાર અને વ્યક્તિત્વની તરુણ રામસ્વામીના માનસ-ઘડતર અને જીવન દૃષ્ટિ પર ખૂબ જ ગહેરી અસર પડી. ઈ. ૧૯૦૩માં પિતાનું અવસાન થતાં એમણે હવે સ્વતંત્રપણે વકાલત કરવાનો વિચાર કર્યો અને એ જ વર્ષે કોઈ પણ પ્રકારનાં બાહ્ય સહાય અને સહકાર વગર તેનો આરંભ કર્યો. પ્રથમ વર્ષે એમની આવક માત્ર રૂપિયા એકસો આઠ! બીજે વર્ષે એ આવક વધીને રૂપિયા ૫૬૦ સુધી પહોંચી. પરંતુ આ બે વર્ષ દરમિયાન જે લાભ એમને થયો તે તો મહાન વકીલો અર્ડલી નૉર્ટન અને જે. એલ. રોઝારીઓની દૂરગામી અસરનો. નૉર્ટનને ત્યાં એમની લાયબ્રેરીમાં ફ્રેન્ચ અને અંગ્રેજી પુસ્તકોનું વાચન વધ્યું. નૉર્ટને એમનામાં અશ્વ, શ્વાન અને ફ્રેન્ચ સાહિત્ય તરફની ચાહના કેળવી. વિશાળ વાચન અને માનવ સ્વભાવની અતાગ પહેચાન પણ નૉર્ટનના સંસર્ગથી જ કેળવાયાં. એમના ભાવિ વ્યાવસાયિક સાફલ્યનો પાયો અહીંથી નખાયો. આરંભનાં બે વર્ષની કારકિર્દી આમ તો નિરાશાજનક હતી, છતાંય અડગ શ્રદ્ધા અને અપાર ધૈર્યથી એમણે કામ જારી રાખ્યું. ત્યાં જ સ્વ. પિતાની ઇચ્છાથી વિપરીત પ્રસંગ આવી ઊભો.

પોતાના સાળા કુમારસ્વામી શાસ્ત્રી ત્યારે નામાંકિત ધારાશાસ્ત્રી હતા. પિતા ઇચ્છતા હતા કે પુત્ર આ સાળાની સાથે વકાલતમાં ન પડે. પણ કુમારસ્વામીને મધુપ્રમેહનો સખત હુમલો થયો ને એમને પોતાના વ્યવસાયમાં સી. પી.ની મદદ લેવી પડી. ત્યાર પછીથી તો બંનેવી હમેશાં સાળાને મદદ કરતા રહ્યા. ત્યાં તો ૧૯૦૫માં કુમારસ્વામી વકાલત છોડી



◁ કૉલેજના વિદ્યાર્થી

કૉંગ્રેસના મંત્રી ▽





કુશળ રાજનીતિજ્ઞ અને પ્રગતિશીલ તત્ત્વજ્ઞ
પ્રભાવક વક્તા અને દૂરંદેશ દ્રષ્ટા
સ્વાતંત્ર્યના હિંમતવાન લડવૈયા અને
લોકચારિત્ર્યના દૃષ્ટિવાન ઘડવૈયા
અવિરત કર્મયોગી અને મુત્સદ્દી મહામાનવ

પ્રચંડ મનોઘટનાશાલી પુરુષ

ન્યાયાધીશ બન્યા. હવે સી. પી.નો સિતારો ચમક્યો. એમની આવક ફદકે ને ભૂસકે વધવા માંડી, કુમારસ્વામી જેવા જબ્બર હરીફ હવે માર્ગમાંથી ખસી ગયા હતા. ઈ. ૧૯૦૭ની એક શુભ સવારે તો સી. પી.ના ટેબલ પર મદ્રાસના નામાંકિત વેપારીઓ અને પેઢીઓના સામટા ૩૦૦ કેસ આવી પડ્યા. એમના મદદનીશ વકીલ ઘણી વાર ગેરહાજર રહેતા તેથી ઘણાખરા મુકદ્દમા એમને જાતે જ ચલાવવા પડતા. એમની વાક્છટા અને મુકદ્દમો લડવાની વિશિષ્ટ પદ્ધતિથી સી. પી.ની કીર્તિ ઊગતા સૂર્યની કાંતિ જેમ સર્વત્ર ફેલાવા લાગી. એક વાર તો એ જ અરસામાં ઉચ્ચ અદાલતના ન્યાયાધીશપદની દરખાસ્ત પણ એમની પાસે આવી. પરંતુ એમની લાક્ષણિક રીતે એ દરખાસ્તનો અસ્વીકાર કરતાં એમણે કહ્યું: 'I prefer, Mr. Chief Justice, to talk nonsense for a few hours each day than to hear nonsense ereryday and all day long.' (વડા ન્યાયમૂર્તિશ્રી, હમેશાં ને આખો ય દિવસ અર્થહીન બકવાટ સાંભળવા કરતાં દરરોજ થોડા કલાક વ્યર્થ વાતો કરવી હું વધુ પસંદ કરું છું.) વકીલની સ્વતંત્રતાનું ગૌરવ, બુદ્ધિચાતુરી અને વેધક કટાક્ષ આમાં અછતાં રહેતાં નથી. આમ આઠ-નવ વર્ષમાં જ એઓ મદ્રાસના અગ્રણી વકીલોમાં ગણાવા લાગ્યા. એવામાં ૧૯૧૪માં એમના જીવનમાં એક સીમાસ્તંભ જેવો બનાવ બની ગયો.

એ વખતના આધ્યાત્મિક પુરુષ અને જે. કૃષ્ણમૂર્તિના પિતાએ પોતાના પુત્રોને શિક્ષણ અને સંસ્કાર માટે ઍની બેસંટને હવાલે કર્યા હતા. તેમનું વાલીપણું પાછું મેળવવા એમણે મુકદ્દમો માંડયો. સર. સી. પી.ને



△ યુવાન વકીલ



ચીફ સ્કાઉટ કમિશનર ▷



◁ વાઈસરૉયની એકઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય



△ ત્રાવણકોરના દીવાન

એમણે વકીલ તરીકે રોકયા અને ડૉ. ઍની બેસન્ટ જેવાંની સામે એમને ઊભા રહેવાનું આવ્યું. એમણે અતિ કુનેહપૂર્વક ઍની બેસન્ટ, મિ. લેડબીટર, ડૉ. સર એસ, સુબ્રહ્મણ્યમ આયર, ડૉ. ભગવાનદાસ જેવી મહાઆગેવાન વ્યક્તિઓની જે બુદ્ધિચાતુરીની ઊલટ તપાસ કરી તેના પરિણામે ભારતીય અદાલતમાં એઓ જીત્યા, પરંતુ પ્રિવી કાઉન્સિલમાં હાર્યા. પણ આ મુકદ્દમાનું મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે એમની અને ઍની બેસંટની વચ્ચે સુભગ સખ્ય સ્થપાયું. સી. પી. ની અગાધ શક્તિઓથી આકર્ષાઈ ડૉ. ઍની બેસંટે એમને 'હોમરૂલ' અને 'રાષ્ટ્રીય શિક્ષણ' જેવી પોતાની પ્રવૃત્તિઓમાં જોડયા. અને આ રીતે સી. પી. માટે રાજકીય રંગમંચનું પ્રવેશદ્વાર ખૂલ્યું. વિધિએ ફરી અણધારીરીતે એમના જીવનને નવો મોડ આપ્યો. એક બાજુ તે 'હોમરૂલ લીગ'ના ઉપ-પ્રમુખ બન્યા અને બીજી બાજુ હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ના મંત્રી પણ બન્યા. આ દરમિયાન જ એઓ વિખ્યાત કવયિત્રી સરોજિની નાયડુના પરિચયમાં પણ આવ્યા અને મહાત્મા ગાંધીની અસહકારની લડતના શ્રીગણેશ મંડાયા ત્યાં સુધી એમણે શ્રીમતી નાયડુ સાથે કામ કર્યું. એમના લડાયક જોસ્સાને આમ જાહેર જીવનમાં મોકળું મેદાન મળ્યું.


હોમરૂલની આ ચળવળને પરિણામે એઓ એક તરફ પંડિત મોતીલાલ નેહરુ, સર તેજ બહાદુર સપ્રુ, સર હસન ઈમામ, મુહમ્મદાબાદના રાજા વગેરેના પરિચયમાં આવ્યા તો બીજી તરફ ઉદાર અને હિમ્મતબાજ લડવૈયા ઉમર શોભાણી, મહમદઅલી ઝીણા, નરોત્તમ મોરારજી અને જમનાદાસ દ્વારકાદાસ જેવાઓના પરિચયમાં પણ આવ્યા. પંડિત મોતીલાલ નેહરુએ તો સર સી. પી. ને પોતાના ધારાશાસ્ત્રી તરીકે રોકયા, તેમ ત્રાવણકોરના મહારાજાએ, આર્કટના રાજકુમારે તથા વિજયનગરમના રાજાએ પણ એમને પોતાના તથા રાજ્યના ધારાશાસ્ત્રી તરીકે રાખ્યા. પંદરેક વર્ષમાં તો વકીલ તરીકેની એમની કીર્તિપતાકા ઉચ્ચ શિખરે લહેરાવા લાગી અને ભારતમાં સર્વત્ર એમની સલાહની માગ જાગી.

પરંતુ આ ધીકતા ધંધામાં હવે જાહેરજીવને વારંવાર વિક્ષેપ પાડવા માંડયો. ડૉ. ઍની બેસંટ સાથે દેશ-વિદેશની યાત્રાએ પણ જવું પડયું. ભારતીય હોમરૂલની ચળવળનો પક્ષ સમજાવવા એમણે ઍની બેસંટ સાથે પ્રથમ ઇંગ્લૅંડયાત્રા કરી. ત્યાર પછી તો એ સંદર્ભમાં એઓ અનેક વાર ઇંગ્લૅંડ જઈ આવ્યા. આ જ યાત્રા દરમિયાન એ બ્રિટિશ સરકારે જેમને ભારતના કેસનો હવાલો સોંપ્યો હતો તે સર મૉન્ટેગ્યુ અને લૉર્ડ ચેમ્સફૉર્ડના સમાગમમાં આવ્યા. મૉન્ટેગ્યુના તો એ ગાઢ મિત્ર પણ બની ગયા. એમની જ પ્રેરણા અને પ્રોત્સાહનથી ઈ. ૧૯૨૦માં મદ્રાસની પ્રચંડ શક્તિશાળી 'જસ્ટીસ પાર્ટી' સામે એઓ ચૂંટણી લડવા પણ તૈયાર થયા. આ ચૂંટણી દરમિયાન એમને જાનથી ઠાર કરવાની ધમકીઓ પણ અપાઈ. એક પ્રચારસભામાં તો એમની પર ફૂટેલી શીશીઓ અને ફાટેલા જોડા ફેંકવામાં આવ્યા. પણ એમ હિમ્મત હારે તો સી. પી. શાના? એમણે તરત જ પિસ્તોલ ધરીને કહ્યું કે આ શીશીઓ અને જોડા ફેંકનારને હું ગોળીથી વીંધી નાખીશ. ઘણી રસાકસીભર્યા અને ગરમાગરમ વાતાવરણમાં સર. સી. પી. ચૂંટાઈ આવ્યા. આ હતો સર સી. પી. નો નહિ પણ એમની અજોડ હિમ્મતનો વિજય!

આ ચૂંટણી પછી મદ્રાસના ત્યારના ગવર્નર લૉર્ડ વિલિંગ્ડને એમની પાસે મદ્રાસ પ્રાંતના ઍડવોકેટ જનરલના પદની દરખાસ્ત મૂકી. સહુએ આ સ્થાન સ્વીકારી લેવાની એમને સલાહ આપી. ડૉ. ઍની બેસન્ટની પણ એ જ સલાહ પડી. એમણે એ સ્થાનનો સ્વીકાર કર્યો ત્યારે તો એક ધરખમ વકીલ તરીકે એમને ત્યાં લક્ષ્મીની છોળો ઊછળતી હતી. વળી, આગળ જતાં મિત્ર વિલિંગ્ડને સર સી. પી. ને દિલ્હીની વડી સરકારની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (દેશની અગ્રિમ વહીવટ સમિતિ)નું સભ્યપદ આપવાનું કહ્યું. એ સભ્યપદનો સ્વીકાર કરતાં મોટી કમાણી ગુમાવવી પડે તેમ હોવાથી ઘણા સંબંધીઓએ એમને એ સ્થાનનો અસ્વીકાર કરવા કહ્યું, પરંતુ ડૉ. બેસન્ટને લાગ્યું કે સર સી. પી. એ કાઉન્સિલમાં ઉચ્ચ પદે રહીને ઘણી રાજકીય તેમજ રચનાત્મક યોજનાઓનો સારી રીતે અમલ કરાવી સ્વદેશની ન્યારી સેવા કરી શકશે. આમ ડૉ. બેસંટના આગ્રહથી ધરખમ કમાણી છોડી તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય બન્યા. આ સભ્યપદેથી એમણે મેત્તુર અને પાયકારા જેવી કીર્તિદા સિંચાઈ અને વિદ્યુત યોજનાઓ આરંભી. કોચીન, વિઝાગાપટ્ટમ અને તુતીકોરીનમાં ઔદ્યોગિક યોજનાઓ અને બંદર-વિકાસ યોજનાઓનાં ઉદ્ઘાટન પણ કર્યાં. આ આકસ્મિક પદ એમની કારકિર્દીનો એક ઘડતર-ભાગ છે. પછીથી તો સેન્ટ્રલ કૅબિનેટના સભ્યપદેથી કાયદો, વ્યાપાર, રેલવે તેમજ માહિતીનાં ખાતાં પણ એમણે સફળતાથી સંભાળ્યાં. અહીં એમનો ઉત્કટ સ્વદેશપ્રેમ વ્યક્ત થયા વગર રહેતો નથી.

આ દરમિયાન એમણે જેમ પોતાની કાર્યશક્તિનો લાભ આપેલો તેમ કેટલીક સિદ્ધિઓ પણ મેળવેલી. ઈ. ૧૯૧૨માં એઓ મદ્રાસ યુનિવર્સિટીનાં ફેલો નિમાએલા. ઈ. ૧૯૧૪થી '૧૯ સુધી પચયપ્પા કૉલેજના ટ્રસ્ટીમંડળમાં ટ્રસ્ટી તરીકે તેમજ ઈ. ૧૯૧૧માં મદ્રાસ કૉર્પોરેશનના





△ મંદિરોમાં હરિજન પ્રવેશ કરાવ્યા પછી ગાંધીજી સાથે; જમણી બાજુ: ત્રણ મનીષી-વૈજ્ઞાનિક: સર ચંદ્રશેખર વ્યંકટ રામન; રાજપુરુષ: સર સી. પી. રામસ્વામી; તત્ત્વજ્ઞ: સર સર્વપલ્લી રાધાકૃષ્ણન્.

સભ્ય તરીકે અનેક સમિતિઓમાં એમણે પ્રશસ્ય કામગીરીઓ બજાવી.

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની મુદત પૂરી થતાં એમણે ફરી વકાલત શરૂ કરી અને ઈ. ૧૯૨૮માં અલ્લાહાબાદમાં ભરાએલી પ્રથમ સમસ્ત ભારતીય વકીલ પરિષદના પ્રમુખસ્થાનેથી એમણે વકીલો માટેના ઉદાર ફંડની મૌલિક યોજના રજૂ કરી. હૈદરાબાદના નિઝામ, ભોપાલના નવાબ, પતિયાલા દરભંગા અને કોલ્હાપુરના મહારાજા, સન્દુરના રાજા વગેરે ભારતીય રજવાડાંની સમસ્યાઓ માટે સર તેજબહાદુર સપ્રુ, સર ચિમનલાલ સેતલવડ અને સર એન. એન. સરકાર જેવાની સાથે હવે સર સી. પી. પણ કાયદાની સલાહ કાજે ઊભા રહેતા. ત્રાવણકોર સરકારના તે કાનૂની અને બંધારણવિષયક સલાહકાર રહેલા. એમના કાયદાના જ્ઞાને અનેકધા સેવાઓ આપેલી. ઈ. ૧૯૧૯ના રિફૉર્મ્સ ઍક્ટના અન્વયે નિયમો ઘડનાર કમિટીના એક સભ્ય તરીકે એમને પસંદ કરાએલા. ઈ. ૧૯૨૩ થી '૨૮ મદ્રાસ સરકારમાં કાનૂન સભ્ય તરીકે સેવા આપેલી. ૧૯૩૦માં બ્રિટિશ, હિંદ અને દેશી રાજ્યોને એક સમવાયી રાજ્યતંત્રમાં ફેરવવા માટે બંધારણ ઘડવાની જે પેટા સમિતિ રચાએલી તેમાં પણ તે હતા. ૧૯૩૨માં કલકત્તા યુનિવર્સિટીને આશ્રયે 'ટાગોર કાયદા વ્યાખ્યાનમાળા'માં વ્યાખ્યાનો પણ આપી આવેલા. ઈ. સ. ૧૯૩૩માં 'રાજવી મહામંડળે' (ચેમ્બર ઑવ પ્રિન્સિઝ) એમને 'શ્વેતપત્ર' વિષે વિચારણા કરવા રચેલી સમિતિના અધ્યક્ષસ્થાને મૂકેલા. ઈ. સ. ૧૯૩૪માં એમણે કાશ્મીર માટે નવું બંધારણ ઘડી આપેલું. એમના આ અગાધ કાનૂની જ્ઞાનની કદરરૂપે ૧૯૩૯માં ત્રાવણકોર યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑવ લૉઝ'ની માનાર્હ પદવી એનાયત કરેલી. આ રીતે એક વિદ્વાન ધારાશાસ્ત્રી તરીકે વ્યાવસાયિક અને બિનવ્યાવસાયિક અનેકવિધ સેવા એમણે સમાજને આપેલી.

શિક્ષણશાસ્ત્રી તરીકે પણ એમનું કાર્ય નોંધપાત્ર છે. ઈ. ૧૯૩૭માં એમણે ત્રાવણકોર યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપેલી, તો એ જ વર્ષે લંડનની વિખ્યાત 'રૉયલ સોસાએટી ઑવ આર્ટ્સ'ના ફેલો ચૂંટાવાનું વિશ્વવિશ્રુત માન એમને મળેલું. મૈસૂરની શ્રી કૃષ્ણ રાજેન્દ્ર યુનિવર્સિટીમાં તેમજ દિલ્હી, ઓસ્માનિયા, ગુજરાત અને કલકત્તા યુનિવર્સિટીઓમાં આપેલાં એમનાં વ્યાખ્યાનો એમની મુક્ત શિક્ષણકાર તરીકેની દૃષ્ટિનાં દ્યોતક છે. વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થએલા એમના શિક્ષણ અને સાહિત્યવિષયક નિબંધો પણ એમનું શિક્ષણકાર તરીકેનું પાસું અભિવ્યક્ત કરે છે. બનારસ, ત્રિવેન્દ્રમ્ અને અન્નમલાઈ નગરની એમની કારકિર્દી કેળવણીકારની છે. ડૉ. રાધાકૃષ્ણ એમની આ કાર્યસિદ્ધિને નવાજતાં લખે છે: 'His contributions to the cultural renaissance of our country are outstanding.' (આપણા દેશના સાંસ્કૃતિક પુનરુત્થાનમાં એમનો ફાળો આગળપડતો છે.)

પરંતુ સૌથી મહત્ત્વની એમની સેવાઓ તો રહી છે ભારતના રાજકીય તખ્તા પર. આપણે આગળ જોયું કે ડૉ. ઍની બેસન્ટ સાથેનો પરિચય રાજકીય કારકિર્દીના પ્રારંભમાં પરિણમ્યો હતો. પરંતુ ત્યાર પછી તો એમણે તે ક્ષેત્રે અનેક કાર્યો કર્યાં. હિંદની બ્રિટિશ સરકારે બોલાવેલી દિલ્હીની યુદ્ધ પરિષદમાં એમણે મદ્રાસના પ્રતિનિધિ તરીકે હાજરી આપેલી. ઈ. ૧૯૧૯માં સાઉથબરો કમિશન સમક્ષ હિંદના સુધારાઓ અને મેસ્ટન કમિટી સમક્ષ હિંદની નાણાંકીય બાબતો પર જુબાની આપેલી. એ જ વર્ષે લંડન જઈ હિંદના સુધારા પર 'જૉઈન્ટ પાર્લમેન્ટરી કમિટી' સમક્ષ પણ જુબાની આપેલી. ઈ. ૧૯૨૦માં સુધારેલા બંધારણ અન્વયે મદ્રાસ તરફથી ધારાસભાના સભ્ય વરાયેલા અને ઈ. ૧૯૨૬ અને '૨૭માં જિનીવામાં ભરાએલી 'લીગ ઑવ નેશન્સ'—રાષ્ટ્રસંઘની સભામાં હાજરી આપવા ગએલા ભારતીય પ્રતિનિધિ મંડળમાં એમનો સમાવેશ થએલો. વળી એ જ વર્ષે જાહેર સુખાકારી માટેની રાષ્ટ્રસંઘની કમિટીમાં પણ એઓ લેવાએલા. મદ્રાસ સરકારના કાનૂની સભ્ય તરીકે ઈ. ૧૯૨૩થી '૨૮ સુધી એ રહેલા. ઈ. ૧૯૨૪માં એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઉપ-પ્રમુખ બનેલા. ઈ. ૧૯૨૮માં રટ્લર તપાસ સમિતિ સમક્ષ કોચીન રાજ્યનું પ્રતિનિધિત્વ એમણે જ રજૂ કરેલું. ભારતીય ગોળમેજી પરિષદમાં પણ એમણે હાજરી આપેલી અને ઈ. ૧૯૩૨માં ભારત સરકારના સક્રિય વાણિજ્ય સભ્ય નિમાએલા. ૧૯૩૩માં વિશ્વ આર્થિક પરિષદમાં પણ એઓ પ્રતિનિધિ તરીકે ગએલા. ૧૯૪૨ના ઑગસ્ટની ત્રીજી તારીખે (હિંદ છોડોની ચળવળ ચાલતી હતી ત્યારે) ભારતના ગવર્નરજનરલની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં માહિતી-સભ્ય તરીકે ચૂંટાએલા, પરંતુ સત્તર જ દિવસમાં, ૨૦મી ઑગસ્ટે એમણે એ હોદ્દાનું રાજીનામું આપેલું. ૧૯૪૪માં બ્રિટિશ હિંદ સરકારની બીજા વિશ્વયુદ્ધ પછીની પુનર્નિર્માણ સમિતિમાં એઓ સભ્ય તરીકે લેવાએલા. આ ઉપરાંત એ જ વર્ષે સરકારના કેન્દ્રીય શિક્ષણમંડળમાં પણ એઓ સભ્યપદ પામેલા. આમ, અનેક પ્રકારે એમણે પોતાની શક્તિઓનો રાજકીય ક્ષેત્રને લાભ આપેલો.

હરિ: ૐ આશ્રમ તરફનું
ઑક્ટોબર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ચંદ્રશેખર આઝાદ'ના લેખક
શ્રી મનહર શાહને આપવામાં આવ્યું છે

આમ છતાં યે એમની કારકિર્દીનો એક અગત્યનો ભાગ તો છે ત્રાવણકોરનું એમનું દીવાનપદું. ત્રીસીના આરંભમાં ત્રાવણકોરના મહારાજાના કૌટુંબિક કલહમાં એમને સહાય કરવાનું સર સી. પી.એ માથે લીધું. એ કારણ માટે મહારાજાને બદલે તે ઈંગ્લૅંડ ગયા. પરિણામે મહારાજાના હક્કો પ્રસ્થાપિત થતાં લૉર્ડ વિલિંગ્ડને ભારપૂર્વક સૂચવ્યું કે એમણે સી. પી.ને કાયદા અને બંધારણના સલાહકાર નીમવા જોઈએ. સર સી. પી.ની કાયદાશાસ્ત્રની કુશાગ્ર બુદ્ધિપ્રતિભાને આ નાનોસૂનો અર્ઘ્ય નથી! ત્રાવણકોરના મહારાજાએ ઈ. ૧૯૩૧માં સી. પી.ને દીવાનપદની ઑફર કરી. એ કાળે એમની વકાલતનો મધ્યાહ્ન તપતો હતો. શુભેચ્છકોએ એમને આ ધીકતી કમાણી છોડી દીવાનપદ ન સ્વીકારવા સમજાવ્યા. પરંતુ સર સી. પી.ની દષ્ટિ તો દીવાનપદા કરતાં ત્રાવણકોરની દીનતા તરફ વધારે મંડાએલી હતી. ત્રાવણકોરમાં ઉદ્યોગીકરણ કરવા અને ત્યાંના કચડાએલા વર્ગના ઉદ્ધાર માટે એમણે આ દીવાનપદનો સ્વીકાર કર્યો.

એ પદ પર રહીને એમણે પ્રજાસેવા અને રાજસેવાનાં જે કાર્યો કર્યાં તેને ત્રાવણકોર કદાપિ વિસરી નહિ શકે. ઈ. ૧૯૩૬માં 'મંદિરપ્રવેશ' હરિજનો માટે ખુલ્લો મૂકતો ઢંઢેરો ત્રાવણકોરના મહારાજાની અનુમતિથી બહાર પાડ્યો. ગાંધીજીની વિચારણાથી રંગાએલાં ઉચ્ચ વર્ણનાં લોકોએ પણ આ સુધારાને વધાવ્યો. પરંતુ ગાંધીજીને આ સુધારાની બહુજન-બહાલીમાં વિશ્વાસ બેઠો નહિ. આથી સર સી. પી. એ મહાત્માજીને ત્રાવણકોર બોલાવ્યા. ગાંધીજીએ જાતે ચારે પાસ ફરીને એની સત્યતા પારખી લીધી અને એમનો આત્મા આનંદિત થઈ ઊઠ્યો. બીજું મહત્ત્વનું કાર્ય પુખ્ત મતાધિકારના ધોરણે એમણે રાજ્ય માટે ઠીકઠીક લોકશાહી કક્ષાનું બંધારણ ઘડી આપ્યું તે. ત્રાવણકોરમાં માર્ગ વાહનવ્યવહારનું રાષ્ટ્રીયકરણ કરી રાજ્યની આવક વધારી આપી. ત્રાવણકોરની એમની આ સેવાઓની કદર રૂપે મહારાજાએ એમને ત્રાવણકોરના 'લેફ્ટેનન્ટ જનરલ'નો હોદ્દો અને 'સચિવોત્તમ'નું બિરુદ આપ્યાં. ઑગસ્ટ ૧૯૪૭ સુધી એમણે આ પદે રહી પોતાની અનન્ય સેવાઓ આપી.

એ દરમિયાન એમને જે અંગત ફાયદો થયો તેણે તો એમના જીવનને જુદો જ વળાંક આપ્યો. એ વખતે એઓ ભારતના બે મહાન આધ્યાત્મિક નેતાઓના પરિચયમાં આવ્યા. પ્રથમ વ્યક્તિ તે શૃંગેરી મઠના શંકરાચાર્ય સ્વામીગલ અને બીજી મહાન વ્યક્તિ તે રમણ મહર્ષિ. આ બન્ને મહાત્માઓના સંસર્ગથી જીવનસમસ્યાઓ પ્રત્યેનું એમનું જૂનું દૃષ્ટિબિંદુ બદલાઈ ગયું. સંદેહવાદ અને અનીશ્વરવાદમાંથી એમની શ્રદ્ધા ચળી અને વેદાન્ત સિદ્ધાંતો તરફ વળી. એમને આખરે સમજાયું કે જીવનની પૂર્ણતા એકાંત અને મહાન વિચારકોનાં સાન્નિધ્યમાં પામી શકાય છે.

આમ, એમનું આખું ય આયુષ્ય એક અજબ ઘડતરકથા છે. પિતા પટ્ટાભિરામ આયર; વર્ડ્ઝવર્થ, શેલી, કોલરિજ, ટેનિસન, આદિ કવિઓ; શૉપનહોઅર, નિત્શે આદિ વિચારકો; અર્ડલી નૉર્ટન અને જે. એલ. રોઝારિયો જેવા ઉત્કૃષ્ટ વકીલો; શંકરાચાર્ય અને રમણ મહર્ષિ જેવા આધ્યાત્મિક નેતાઓ; ગાંધીજી અને ઍની બેસંટ જેવાં રાષ્ટ્રવાદીઓ; બાઈબલ, 'લાઈટ ઑવ એશિયા' આદિ ગ્રંથો;—આ સહુએ જુદાજુદા તબક્કે એમના જીવનને ઘડવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો.

તામિલનાડના સપૂત અને ભારતના નરપુંગવ સર. સી. પી. રામસ્વામી આયરનું વ્યક્તિત્વ નિરાળું હતું. મુક્ત વિચારધારા, નીડર પ્રકૃતિ અને અડગ આત્મશ્રદ્ધાથી એ સિદ્ધિનાં સોપાન એક પછી એક સર કરતા ગયા હતા. વફાદારી અને હિમ્મતના તાણાવાણાથી એમનું જીવનપોત વણાયું હતું. પોતે જ એ વિષે લખે છે: 'Of all the qualities that one has to cherish in this world, the most significant are courage and loyalty.' (આ વિશ્વમાં ખીલવવા જેવા સદ્‌ગુણોમાંથી હિમ્મત અને વફાદારી સૌ વધુ મહત્ત્વના છે.) પ્રખર રાષ્ટ્રવાદી અને પ્રવર વહીવટકર્તા, મૌલિક મેધાવી અને સમુત્કટ સેવાભાવી, કુશળ રાજનીતિજ્ઞ અને પ્રગતિશીલ તત્ત્વજ્ઞ, પ્રભાવક વક્તા ને દૂરંદેશ દ્રષ્ટા, પ્રજાપ્રવૃત્તિના સંસ્કારી નેતા ને યુવાન પેઢીના દિલવિજેતા સ્વાતંત્ર્યસંગ્રામના હિમ્મતવાન લડવૈયા અને લોકચારિત્ર્યના દૃષ્ટિવાન ઘડવૈયા સર સી. પી. ને ૧૯૨૩માં સી. આઈ. ઈ. (કમ્પૅનિયન ઑવ ધી ઇંડિયન એમ્પાયર) ૧૯૨૫માં કે. સી. આઈ. ઈ. (નાઈટ કમાન્ડર ઑવ ધી ઇંડિયન એમ્પાયર) ને ૧૯૪૧માં કે. સી. એસ. આઈ. ના (નાઈટ કમાન્ડર ઑવ ધ સ્ટાર ઑવ ઇંડિયા)ના ઈલકાબોથી વિભૂષિત કરાએલા.

ઉત્તરાવસ્થા એમણે જ્ઞાનપ્રસાર અને સંસ્કૃતિસંવાહનમાં ગાળેલી. ત્રાવણકોરના દીવાનપદેથી છૂટા થઈ એમણે એક વ્યાખ્યાનશ્રેણી માટે અમેરિકાનો પ્રવાસ ખેડેલો. ઈ. ૧૯૪૮માં એવા જ કાર્ય માટે દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂ ઝીલૅન્ડમાં પણ ગએલા. ઈ. ૧૯૪૯ના મે અને જૂનમાં હોનોલુલુમાં ભરાએલી પૂર્વ અને પશ્ચિમની તત્ત્વજ્ઞાન પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે હાજરી આપવા ગએલા. ૧૯૫૦માં એડિનબરઅમાં મળેલી આંતરરાષ્ટ્રીય પી. ઈ. એન. પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે એમને મોકલવામાં આવેલા.

એમનાં કેટલાંક ઉત્તમ વ્યાખ્યાનો અને લખાણોનો સંગ્રહ (અ સિલેક્શન ઑવ સ્પીચીઝ ઍન્ડ રાઈટિંગ્ઝ)ના બે ગ્રંથમાં કરવામાં આવ્યો છે. એમના નિબંધો, વાયુપ્રવચનો અને અન્ય ઉદ્‌બોધનોનો એક સંગ્રહ ૧૯૪૮માં 'પેન-પૉર્ટ્રેઈટ્સ' નામે પ્રસિદ્ધ થયો છે. ૧૯૪૯મ. 'એસેઈઝ ઑન રિલીજીઅસ ઍન્ડ કલ્ચરલ ટૉપિક્સ' નામે એક બીજો નિબંધસંગ્રહ પણ બહાર પડેલો. 'મિસ્ટિસીઝમ ઍન્ડ અધર એસેઈઝ' નામક તત્ત્વજ્ઞાનવિષયક લખાણોનો ગ્રંથ ઈ. સ. ૧૯૫૦માં પ્રગટ થએલો. એમાં એમની સચોટ, જોશીલી, પ્રવાહી અને કાવ્યમય ગદ્ય શૈલીનો પ્રભાવ કોઈ પણ વાચક અનુભવી શકશે.

આવા અવિરત કર્મયોગી, 'પ્રચંડ મનોઘટનાશાળી' પુરુષ, મુત્સદ્દી મહામાનવ, અનોખા આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિચારક તથા પ્રચારક, શ્રી અને સરસ્વતી ઉભયના કૃપાપાત્ર 'સચિવોત્તમ' સર સી. પી. રામસ્વામી આયરનું ૧૯૬૬ની ૨૬મી સપ્ટેમ્બરે ૮૬ વર્ષની ઉમ્મરે લંડનમાં કાર્ય કરતાં કરતાં જ અવસાન થયું ત્યારે કનૈયાલાલ મુનશીએ એમને આપેલી અંજલિના આ શબ્દો, આજે એમની પાંચમી પુણ્યતિથિ વીતી ગઈ છે ત્યારે પણ એમના સમર્થ વ્યક્તિત્વની ખોટની પ્રતીતિ કરાવી આપે છે: 'In the demise of Sir C. P. Ramaswami Aiyar, the country has lost one of her great and versatile sons of the century.' (સર સી. પી. રામસ્વામી આયરના અવસાનથી આપણા દેશે એના આ સદીના મહાન અને વિવિધ શક્તિસંપન્ન સપૂતોમાંનો એક સપૂત ગુમાવ્યો છે.) એમનું પ્રવૃત્તિ અને પુરુષાર્થસભર જીવન તેમજ પુણ્યબુદ્ધિ પ્રેરિત અસ્ખલિત કર્મનિર્ઝર સહુને પ્રેરણાવારિ પાતાં રહે એ જ એમની સાચી સ્મૃતિ બનો! □

ઊરુભંગ

પછીના દુર્યોધનનું ઉજ્જ્વલ દર્શન કરાવતી **મહાકવિ ભાસ રચિત** નાટકનું વાર્તાંતર **મધુસૂદન પારેખ**

ભીમ ને દુર્યોધન વચ્ચે ભયંકર ગદાયુદ્ધ જામ્યું હતું. એમની ગદાઓના સંઘર્ષમાંથી વેરના તણખા પ્રગટતા હતા.

કુરુક્ષેત્રના યુદ્ધમાં દુર્યોધન સિવાયના બધા જ કૌરવો ખપી ગયા હતા. પાંડવોએ વિજય પ્રાપ્ત કર્યો હતો. જોકે એ વિજયનું તેમને ભારે મૂલ્ય ચૂકવવું પડ્યું હતું. છતાં ભીમની વેરલાલસા હજુ શમી ન હતી: જ્યાં સુધી દુર્યોધન જીવિત હોય ત્યાં સુધી પાંડવોનો વિજય અધૂરો જ ગણાય. દ્રૌપદીના અપમાનનું દુર્યોધન પર વેર લેવાય ત્યારે જ પાંડવોનો વિજય સાર્થક ગણાય. ભીમે દુર્યોધનને શોધીને ગદાયુદ્ધ માટે આહ્‌વાન આપ્યું. દુર્યોધન એકલો હતો. એના લગભગ બધા જ મહારથીઓ રણમેદાનમાં મૃત્યુ પામ્યા હતા. ભીમના પડકારથી તેનો ઘવાએલો ગર્વ એકદમ ઊછળ્યો. તેના અંતરમાં વૈરાગ્નિ જ્વાળામુખીની જેમ ધીખી ઊઠ્યો. તેણે ભીમનું આહ્વાન સ્વીકારી લીધું. બંને મહારથીઓ જુગજૂની વેરતૃષા છિપાવવા એકબીજા પર ગદાના પ્રહાર કરવા માંડ્યા.

પાંડવો આતુર નયને આ યુદ્ધ નિહાળી રહ્યા હતા. કૃષ્ણ પણ સચિંત હતા. કૃષ્ણના વડીલ બંધુ બલરામ પણ આ યુદ્ધ વખતે અચાનક આવી ચડ્યા હતા અને શિષ્યપ્રીતિથી રસપૂર્વક એ નિહાળી રહ્યા હતા. યુદ્ધ તુમુલ બની રહ્યું હતું. ભીમ બળવાન હતો, પણ દુર્યોધન ચપળ હતો અને મરણિયો બન્યો હતો. તક સાધીને એણે ભીમની વિશાળ છાતીમાં જોરથી ગદાનો ઘા કર્યો. ભીમ તમ્મર ખાઈને ભૂમિ પર પડી ગયો. એણે તત્કાળ દુર્યોધન પર ગદાનો વળતો પ્રહાર કર્યો. પરંતુ દુર્યોધને સહજ રીતે તે ઘા ચુકાવી દીધો. દુર્યોધનના દાવપેચ આગળ ભીમનું સામર્થ્ય નિષ્ફળ નીવડવા માંડ્યું.

દુર્યોધને વળી તક સાધીને ભીમ પર ગદાપ્રહાર કરી તેને ભૂમિ પર પાડી દીધો. ભીમ વ્યાકુળ બની ગયો. દુર્યોધન તેની મશ્કરી કરી ફરી ફરી આહ્વાન આપવા માંડ્યો. યુધિષ્ઠિર દીન બની રહ્યા. વિદુરજી આંખના ખૂણા લૂછવા માંડ્યા. દુર્યોધનની કુશળતા પર બલરામ વારી જઈને વાહવાહ કરી રહ્યા હતા. દુર્યોધને ભીમને ગદાયુદ્ધમાં વ્યાકુળ, હતાશ બનાવી દીધો હતો. ભીમનો દેહ લોહીથી ખરડાઈ ગયો હતો. કૃષ્ણ એક પળમાં પરિસ્થિતિ પામી ગયા. તેમણે પોતાની સાથળ પર હાથ પછાડી ભીમને નિશાની કરી. ભીમે ભવાં ચડાવી, હાથથી પરસેવો લૂછી ધૂળવાળા હાથ કરીને જમીન પરથી વીજળીની જેમ ઊભા થઇ જઈને તત્કાળ દુર્યોધનની ઊરુ પર ચિત્રાંગદા ઝીંકી દીધી. અસાવધ દુર્યોધન આ આકસ્મિક પ્રહારથી મરણતોલ થઈને ભૂમિ પર ગબડી પડ્યો.

બલરામથી ભીમનો આ પ્રપંચ સહન થયો નહિ. તે ભીમને હળથી હણવા ધસ્યા, પરંતુ કૃષ્ણ અને પાંડવો તેમના ક્રોધથી ઉગારવા ભીમને લઈને અદૃશ્ય થઈ ગયા. યુદ્ધના નિયમનો ભંગ કરી ભીમે દુર્યોધનની ઊરુ પર ગદાનો ઘા કર્યો તે બલરામ સહી શકે તેમ ન હતા. ભીમને શોધીને તેનો સંહાર કરવા તે તત્પર બન્યા. ત્યાં તેમણે પાછળથી ભાંગેલી સાથળે ભાંખોડિયા ભરતા દુર્યોધનને કરુણ હાલતમાં નિહાળ્યો.

બલરામ થંસી ગયા ને દુર્યોધનને ધીરજ આપતા બોલ્યા: 'તું ક્ષણભર જીવન ટકાવી રાખ. હું સર્વ પાંડવોને મુસળથી ખાંડીને સીધા સ્વર્ગે મોકલી આપું છું. આવો અધર્મ, આવો અન્યાય કરી ભીમે તને હણ્યો!'

દુર્યોધન આર્દ્ર સ્વરે તેમને વીનવવા લાગ્યો: 'ના, ના. એમ ના કરશો. ભીમે એની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. મારા સર્વ ભાંડુ સ્વર્ગમાં સિધાવ્યા; હું આ દશાને પામ્યો. હવે વિનાકારણ વેરની જ્વાલા પ્રદીપ્ત કરવાથી શું?'

બલરામ આશ્ચર્યથી કહે: 'અરે, પણ મારી સાક્ષીએ ભીમે તને છેતરીને ઘા કર્યો' દુર્યોધન તત્કાળ બોલી ઊઠ્યો: 'હું છેતરાયો? ના, હલાયુધ, ના. ભીમ જેવા અતિસમર્થ મહારથીને મારી સાથે ગદાયુદ્ધમાં અધર્મ આચરવો પડ્યો તેમાં છેતરાયો કોણ? હું કે એ? મેં ધર્મપૂર્વક ગદાયુદ્ધ કર્યું છે, પરંતુ કૃષ્ણે ભીમની ગદામાં પ્રવેશીને મારે માટે મૃત્યુ પાઠવ્યું. મને હવે કશો શોક નથી.'

દુર્યોધનની દુર્દશાના સમાચાર સાંભળી ધૃતરાષ્ટ્ર, ગાંધારી અને અન્ય રાણીઓ તથા દુર્યોધનનો પુત્ર દુર્જય તેને શોધતાં ત્યાં આવી પહોંચ્યાં. દૂરથી દુર્યોધન તેમને નિહાળી રહ્યો. પિતાની અંધ આંખો આંસુભીની હતી. માતા ગાંધારી દીન મુખે ધૃતરાષ્ટ્રને ટેકો આપી રહી હતી અને દુર્યોધનની રાણીઓ છૂટે માથે રણક્ષેત્રમાં વિલાપ કરતી આવતી હતી. ભીમની ગદાએ કરેલા ઘાનું શલ્ય દુર્યોધનને હવે ખૂબ સાલવા માંડ્યું. પોતાનાં સ્વજનોની આ દશા! દુર્યોધનના દેહમાંથી જીવનબળ ઓસરવા માંડ્યું. ધૃતરાષ્ટ્ર કરુણ સ્વરે પોકારી રહ્યા: 'બેટા દુર્યોધન! ક્યાં છે તું? મારું અભિવાદન પણ નહિ કરે?' દુર્યોધન એકદમ આવેગમાં ઊભો થવા ગયો પણ ભોંય પર પડી ગયો: 'ઓહ, પિતાને વંદન કરવાનું પણ ભાગ્ય હવે રહ્યું નહિ! ભીમની ગદાએ મારું પિતૃવંદન પણ છીનવી લીધું?' ઊરુ પરનો ઘા એના ઉરમાં શલ્યની જેમ પીડા કરવા લાગ્યો. પિતાના કરુણ સ્વરે તેના સમગ્ર અંતરને વ્યથિત કરી મેલ્યું. દુર્જયે ધૃતરાષ્ટ્રનું વસ્ત્ર ખેંચવા માંડ્યું. 'દાદા! બાપુ ક્યાં હશે?'

'જા બેટા! એમને શોધી કાઢ.' ધૃતરાષ્ટ્રે દીનતાપૂર્વક કહ્યું.

'ના દાદા. હું તો થાકી ગયો છું.'

'તારા બાપુ તને ખોળામાં બેસાડશે એટલે બધો થાક ઊતરી જશે... જા ઝટ એમને શોધી કાઢ.'

દુર્જય રણભૂમિ પર પિતાને શોધી રહ્યો. દુર્યોધન ઊરુભંગ થએલો ભૂમિ પર બળપૂર્વક શરીર ટેકવી રહ્યો હતો. દુર્જય દૂરથી તેને જોઈ આશ્ચર્યચકિત થઈ પોકારી ઊઠ્યો: 'અરે! બાપુ તો ભોંય પર બેઠા છે!'

દુર્યોધનની પાંપણ પલળી ગઈ; 'અરે બેટા, તું અહીં કેમ આવ્યો?'

'તમે મોડું કર્યું એટલે. હું તો તમારા ખોળામાં બેસવા આવ્યો છું.' એમ કહેતો એ ખોળામાં ચડવા ઉત્સુક બની ધસ્યો. દુર્યોધને હાથ લંબાવી તેને આંતર્યો, 'ના...આ, નહિ દુર્જય!'

'પણ મને તમે ખોળામાં કેમ બેસાડતા નથી? હું તો બેસવાનો...'

દુર્યોધને તેને પંપાળીને ગદગદ કંઠે કહ્યું: 'બેટા! હવે બાપુનો હમેશનો ખોળો મેલીને ગમે ત્યાં બેસવાનું શીખ.'

'બાપુ, તમે ક્યાં જવાના છો?'

'મારા ભાઇઓ ગયા ત્યાં...'

'મને સાથે લઈ જાવ ને?'

'ભીમકાકાને કહેજે...!' એવામાં દુર્જયની શોધ કરતાં ધૃતરાષ્ટ્ર-ગાંધારી અને દુર્યોધનની રાણીઓ પણ ત્યાં આવી પહોંચ્યાં. દુર્જય એકદમ બોલી ઊઠ્યો: 'મા! આ રહ્યા બાપુ!'

'ક્યાં છે? ક્યાં છે મારો દીકરો?' ધૃતરાષ્ટ્ર ને ગાંધારી એક અવાજે પોકાર કરી ઊઠ્યાં. દુર્જય કહે: 'દાદા, જુઓ તો, બાપુ જમીન પર બેઠા છે.'

ધૃતરાષ્ટ્ર નીચા નમી દુર્યોધનને શોધતા તેનાં અંગને સ્પર્શવા મથામણ કરી રહ્યા. ગાંધારી દુર્યોધનને ભૂમિ પર બેઠેલો સાંભળી વેદનાપૂર્વક પૂછી રહી: 'બેટા, ખૂબ થાકી ગયો છે તું?'

'મા, તમારી કૂખે જન્મ્યો છું.'

દુર્યોધનનો સ્પર્શ પામી વ્યાકુળ બનેલા ધૃતરાષ્ટ્ર આઘાતથી ભૂમિ પર પડી ગયા. દુર્યોધનની વેદના ફરી ઊભરાઈ આવી: (અનુ. પૃ. ૪૫૬)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

૫૭૯ થીઑસૉફી મંડળ

ઈ. ૧૯૨૩ના ઑગસ્ટ માસમાં મને જીવનમાં એક સદ્‌ગુરુ જેવા સજ્જન વિદ્વાન, કવિ ને વિમર્શક પુરુષનો પ્રથમ સમાગમ થયો. અમદાવાદમાં થીઑસૉફીનું એક મંડળ ચાલતું.તેના સેક્રેટરી કે ચેરમૅન ડૉ. જૅકબ સૉલોમનનું દવાખાનું મારા મિત્ર ડૉ. માધવજી મચ્છરની નજીકમાં હતું. થીઑસૉફી સંપ્રદાયે આ દેશમાં ગાંધીજીના આગમન પૂર્વે કેટલુંક સુંદર કાર્ય કર્યું છે, તેની જાણ ઘણાને નથી. રૂઢિચુસ્ત જમાનામાં ઇંગ્લૅન્ડથી આવેલાં શ્રીમતી ઍની બેસંટે ભારતના વિવિધ ધર્મો, વાડાઓ અને મતમતાંતરો વચ્ચે, કોઇનો યે વિરોધ કર્યા વિના, સર્વના સદ્‌ગુણો અને સત્પુરુષોને સન્માનતું આ ભ્રાતૃમંડળ સ્થાપી અભ્યાસ, ચિંતન ને આત્મશુદ્ધિનો માર્ગ ઉઘાડયો હતો. તેમાં જાતિવાદની તકરારો નહોતી, પૂર્વજન્મો અને કર્મોના પરિપાકનો સ્વીકાર હતો; છતાં સભ્યતા, સંસ્કાર અને સદ્‌વિદ્યા માટે નિયમિત આગ્રહ અને પરિશીલન હતાં. તેથી તેના અનુયાયીઓ રાજકાજની પક્ષાપક્ષીમાં પડતા નહિ, પણ ભગવત્-ભજન કે પ્રજાશિક્ષણ અને સેવાનાં કાર્યોમાં નિષ્ઠાપૂર્વક કામ કરતા અને તેનો ઉપદેશ કરતા. આથી દેશી રાજ્યોમાં કે બ્રિટિશ રાજ્યમાં તેમના અનુયાયીઓમાં ઊંચા પદાધિકારીઓ, પ્રોફેસરો ને શિક્ષણવેત્તાઓ સમાનભાવે હળતા-મળતા રહેતા. મુસ્લિમ, પારસી, હિંદુ કે યહૂદી હોય કે યુરોપિયન હોય તેમની વચ્ચે માનવ-સમાનતાનું વ્યાપક વાતાવરણ જામ્યું હતું.

આ બેસંટ મૈયા આયર્‌લૅંડનાં નિવાસી હોઈ એમણે વખત જતાં આયર્‌લૅંડે હોમરૂલની જેવી ઝુંબેશ ઉપાડી હતી તેવી ઝુંબેશ ભારત માટે પણ ઉપાડેલી ને તેનાં પ્રધાન સંસ્થાપક અને સંચાલક બની રહેલાં. નારીશક્તિનું એમનું પ્રતાપી, પ્રભાવી સ્વરૂપ ભારતને ભાવભક્તિથી અભિભૂત કરી ગયું હતું અને તેમનાં વચનો તથા આદેશો એક મહાન ધર્માધ્યક્ષ કે ધર્મસંસ્થાપકની જેમ પ્રમાણ મનાતાં. હોમરૂલ માટે તેઓ જેલમાં પણ ગએલાં. તે વખતે સમસ્ત ભારતના સુજ્ઞ ગણાતા થીઑસૉફિસ્ટો સક્રિય બની ઝુંબેશમાં ઊતરેલા. મદ્રાસ પાસેનું અડ્યાર તેમની મુખ્ય પીઠ હતું. ગાંધીજીની સત્યાગ્રહ લડતમાં તેમની સંમતિ હતી, પણ જ્યારે દમન અને હુલ્લડો વગેરે થયાં ત્યારે તેઓ પાછાં હઠી ગયાં; છતાં રાષ્ટ્રીય શિક્ષણકાર્યને વેગ આપવાનો સંકલ્પ તેમણે જાહેર કર્યો હતો. તેમનું અનુસરણ કરી અનેક અંગ્રેજ વિદ્વાનો ભારતના સંસ્કાર-ક્ષેત્રમાં સેવા આપવા આવી લાગ્યા હતા.

૫૮૦ પ્રો. ડૉ. જેમ્સ કઝિન્સ

એવાં પરદેશથી આવનારાં પૈકી પ્રો. જેમ્સ કઝિન્સ અને તેમનાં પત્ની હતાં. તેઓ જાપાનની યુનિવર્સિટીમાં વર્ષેક દિવસ માટે અંગ્રેજીનાં પ્રોફેસર તરીકે રહ્યા હતા. ત્યાં તેમની કલાદૃષ્ટિ પૂર્વની પ્રજાના શ્રેષ્ઠ ગુણોથી ખૂબ જ પ્રભાવિત થએલી; એટલે ભારતમાં આવી અડ્યાર ખાતે રહ્યા ત્યારે ત્યાંના મનોરમ વાતાવરણમાં નિવાસ કરી બંને જણે ભારતને પોતાની સેવા અર્પવાનો નિશ્ચય કર્યો. તદનુસાર અડ્યારના શિક્ષણ-કાર્યમાં ડૉ. કઝિન્સ જોડાઈ ગયા, જ્યારે તેમનાં પત્ની હેત્રીએટા ભારતની નારીઓના સમુદ્ધારના કામમાં પ્રવૃત્ત થઈ ગયાં. શ્રીમતી કઝિન્સનું સંગીતનું જ્ઞાન નિષ્ણાત કોટિનું હતું અને જાહેર જીવનમાં પાછળથી તેઓ અખિલ ભારતીય મહિલા પરિષદના પ્રમુખપદ સુધી પહોંચ્યાં હતાં.

બેસંટ મૈયાના આદેશથી, ભારતના શિક્ષણ ક્ષેત્રે નવા સુધારા અને ધોરણો વિષયક વ્યાખ્યાનો આપી સંસ્થાનિર્માણને માટે પ્રજાને જાગ્રત કરવા ડૉ. જેમ્સ કઝિન્સે ભારત-ભ્રમણનો પ્રવાસક્રમ ઘડયો હતો, તેમાં તેમનાં વ્યાખ્યાનો અને મુલાકાતો માટે ભારતવ્યાપી થીઑસૉફિકલ સંસ્થાઓના અધિકારીઓને લખાણ મોકલાયાં હતાં. તદનુસાર ઑગસ્ટ માસમાં અમદાવાદની તારીખો પણ હતી.



ઍની બેસન્ટ: એ પરદેશી સન્નારીની સેવાઓના ઋણસ્વીકારમાં ભારતે એમના સ્મરણમાં ટિકિટ બહાર પાડી છે.

ડૉ. કઝિન્સ ભારતની કળામાં પણ રસ લેતા હતા અને વિઝાગાપટ્ટમમાં તેમણે એક આર્ટ સ્કૂલ ખોલાવી, પ્રમોદચંદ્ર ચૅટરજીને તેના અધ્યાપક બનાવી ઘણી સફળતા બતાવી હતી. આથી અમદાવાદમાં જ્યારે ડૉ. જૅકબ સૉલોમન તેમની મુલાકાતો ગોઠવતા હતા ત્યારે તેમાં કળા બાબતમાં ડૉ. મચ્છરની સલાહ લીધી કે અમદાવાદમાં જે કલા-કાર્ય થતું હોય તેનું પણ તે અવલોકન કરવા માગે છે.

ડૉ. મચ્છરને તો મારા માટે ઘણો અનુરાગ હતો. તેમણે તરત મુલાકાતની યાદીમાં મારા ઘરની મુલાકાત નોંધાવી દીધી. કાર્યક્રમની ટાઈપ કરેલી યાદી તેમણે મને મોકલી ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. અમદાવાદની કલાપ્રવૃત્તિના પ્રતિનિધિ તરીકે મને મળવા, મારા પોળના જૂના મકાનમાં એક યુરોપિયન વિદ્વાન આવશે તેનો ખૂબ જ ક્ષોભ મેં અનુભવ્યો. અંતે ઠરાવેલા દિવસે સમયસર હું મારા જૂના મેડાની જરા સાફસૂફી કરી, જમીન પર બિછાત નાખી, ચા-નાસ્તાની ગોઠવણ કરી રાહ જોતો બેઠો હતો ત્યાં બરાબર સમયે, વરસાદને કારણે પોળમાં જમા થએલો કાદવ વટાવતા મહેમાનને આવતા ઉપરની બારીમાંથી મેં જોયા.

મેડાનો ખડખડપાંચમ દાદરો ચડી તેઓ ઉપર આવ્યા ત્યારે મારા વિદ્યાર્થીઓ અને ડૉ. હરિપ્રસાદ તથા બચુભાઈ વગેરે મિત્રો પણ હાજર હતા. મહેમાન માટે મારી એકમાત્ર આરામ-ખુરસી રાખી હતી પણ તે તો સૌની સાથે નીચે જ બેસી ગયા. થોડી ઓળખાણ થયા બાદ આ હસમુખા વિનોદી વિદ્વાને રમૂજો કરતાં ચિત્રો જોયાં, વિદ્યાર્થીઓનાં કામો પણ જોયાં. મેં માત્ર કહ્યું: 'I have started only a little garden.' (મેં તો હજી નાની વાડી જ શરૂ કરી છે.) તેમણે તરત કહ્યું: 'Well well, but what of the gardener'! (ભલે, ભલે, એના માળીને પણ કંઈ યશ ખરો ને!) એમ કહી મને બિરદાવ્યો. મારા મિત્રો તો ખુશ થયા. 'તમે અમસ્તા લાઘવ-ગ્રંથિ પકડી બેઠા છો.' એ તેમની નોંધ હતી.

૫૮૧ કઝિન્સને કવિનું નિમંત્રણ

પ્રો. કઝિન્સ મારે ત્યાં આવનાર છે એ વાત કવિશ્રી નાનાલાલને કલા મંડળના મંત્રી માહુલીકર અને ચંદુલાલ શાહે પહોંચાડેલી, એટલે મારે ત્યાં તેઓ કવિની ચિઠ્ઠી લઈ આવ્યા કે અમદાવાદના કલામંડળના પ્રમુખ આપને મળવાની રાહ જુએ છે. ડૉ. કઝિન્સે તરત મુલાકાતોની નોંધ કાઢી કહ્યું કે આમાં તેમની મુલાકાત લખી નથી, એટલે સમય માટે તો ડૉ. જૅકબ સૉલોમન કહે તેમ જ મારે કરવાનું છે. ડૉ. જેકબે કહ્યું: 'અરધા કલાકનો ગાળો છે. કવિશ્રીને ખોટું ન લાગે માટે જઈ આવીએ.' અને મને પણ સાથે લઈ તેમની મોટર હઠીભાઈના મંદિરના ચોગાન આગળના મકાનમાં કવિ રહેતા ત્યાં પહોંચી.

કવિશ્રીએ પ્રો. કઝિન્સનાં કાવ્યો વાંચ્યાં નહોતાં; પ્રો. કઝિન્સે પણ તેમનું નામ આજે જ જાણ્યું હતું. વળી સમયની તંગી હતી, એટલે કલાની કે કાવ્યની કશી ચર્ચા જામી નહિ. ચા અને ફળો વગેરેથી સરભરા કરવામાં સમય પૂરો થઈ ગયો અને વિદાય લઈ મહેમાનો ઊપડી ગયા.

તે દિવસે સાંજે ચિનાઈ પ્રેમાભાઈ હૉલમાં પ્રો. કઝિન્સે રાષ્ટ્રીય



કઝિન્સ દંપતી: We Two Together

કેળવણી ઉપર જે પ્રબોધક વ્યાખ્યાન આપ્યું તેથી એમની સ્મૃતિ અમદાવાદ માટે પ્રભાવપૂર્ણ બની રહી. આવા સંસ્કારપૂર્ણ, વિદ્યાકલા વિભૂષિત માનવરત્નની મૈત્રીનો લહાવ મને તેમના અંત સમય સુધી મળ્યા કર્યો એ મારા જીવનની એક મોટી ધન્યતા છે. આ પહેલી મુલાકાત પછી તેમના તરફથી મને વારંવાર પ્રેરણાદાયક પત્રો મળતા રહ્યા. ગુજરાત વિષે તેમણે બંગાળ આદિ અનેક પ્રાંતોમાં સદ્‌ભાવપૂર્ણ અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમના સદાગ્રહથી જ હું હિમાલય-નિવાસી મહાનુભાવ કલાકાર ડૉ. નિકોલસ રોરિકનો પરિચય પામ્યો અને કલાની સાધના દ્વારા પણ અધ્યાત્મ-દૃષ્ટિ કેળવી શકાય છે એ હું સમજી શક્યો. તેમની જ બાંહ્યધરી પર મહર્ષિ રોરિકે પોતાનાં સુપ્રસિદ્ધ હિમાદ્રિ-દશ્યોનાં ચિત્રો અમદાવાદમાં પ્રદર્શિત કરવા સોંપ્યાં હતાં. તે વખતે કુલપતિ કઝિન્સે આઠ દિવસ કલા પર વ્યાખ્યાનો આપ્યાં. તે પછી એ ચિત્રો મુંબાઈની આર્ટ સોસાએટી મારફત પણ હું ત્યાંની પ્રજાને બતાવી શક્યો. ડૉ. કઝિન્સે છેવટે ત્રિવેન્દ્રમના શિક્ષક-શિબિરમાં એક માસ માટે મને આમંત્રણ મોકલવાનું પણ ગોઠવેલું. એમનાં પત્નીએ અને તેમણે સંયુક્તપણે લખેલી આત્મકથા 'We Two Together' (અમે બે જીવનસાથી)-માં અમદાવાદ વિષે ભાવપૂર્ણ ઉલ્લેખો કરેલા છે. તેમાંથી તેમનું સંક્ષિપ્ત જીવનવૃત્ત 'કુમાર'ના અંક ૩૮૮ થી ૪૦૪માં આપ્યું છે.

મારા ખડખડ-પાંચમ ઘરની એમની આ મુલાકાતે મારામાં ઘણો ઉમંગ ને પ્રેરણા પૂર્યાં હતાં. તેમણે એ પ્રસંગે પોતાની આત્મકથામાં લખ્યું છે:

August 1923, 13-14

Ahmedabad on the way home, gave me the fullest idea of the available creative material for a local Academy. Senior and Junior literary groups and the beginning of a distinctive school of painters under obviously inspiring master Ravishanker M. Raval was full promise and gave a sense of accomplishments to the Academy Conference which was one of the eight full brigth functions in the two days of my visit. (Page 403. 'We Two Together')

(સ્વસ્થાને પાછા વળતાં અમદાવાદમાંથી પ્રાપ્ત સર્જક તત્ત્વોમાં એક સ્થાનીય કલાકેન્દ્રની શક્યતાનો સંપૂર્ણ ખયાલ મળ્યો. પીઢ અને યુવાન સાહિત્યકારો તેમજ શ્રી રવિશંકર મ. રાવળ જેવા ગુરુની પ્રેરણા નીચે તૈયાર થતા ચિત્રકારોની અનોખી ચિત્રશાળાનો પ્રારંભ વગેરે મારી બે દિવસની મુલાકાતના આઠેક જેટલા ભરચક કાર્યક્રમોવાળી એક ઍકૅડૅમિક કૉન્ફરન્સને આશાસ્પદ અને ગુણવિશેષવાળી કરતા મને લાગ્યા.)

વારતા ૧૬

વૈતાળ પચ્ચાસી

પજવણી સંઘ

વિનોદ ભટ્ટ

–અને રાબેતા મુજબ ફરી એક વાર રાજા વિક્રમે મસાણમાં પ્રવેશ કર્યો અને સિદ્ધ વડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી ચાલવા માંડ્યું અને મડાએ ફરી એક વારતા શરૂ કરી:

એક નગર હતું. કોઈ પણ પ્રકારે પોતાના પતિને ત્રાસ આપવો જ એ જાણે નગરની સ્ત્રીઓનું અલિખિત અફર ધ્યેય હતું અને આ ધ્યેયની સફળ સિદ્ધિ અર્થે વ્યાપક સભ્યસંખ્યાવાળી 'હસબન્ડ હૅરેસ ક્લબો' પણ તેઓ ચલાવતી હતી, જેની શહેરના ઝોન પ્રમાણે અનેક શાખાઓ હતી. આ ક્લબમાં સભ્ય સ્ત્રીએ શપથ લેવા પડતા કે પોતે યથાશક્તિ પોતાના પતિને પજવવાના અવનવા નુસખા શોધવા સદા પ્રયત્ન કરશે તથા શોધાએલા નુસખાનો પોતાના પતિ પર છૂટથી ઉપયોગ તો કરશે જ અને ક્લબની સભ્ય અન્ય બહેનોને પણ એ યુક્તિઓ શીખવશે.

પતિને વધારે ખાંડવાળી ચા આપી તેની સવાર બગાડવાથી માંડીને તેના ઑફિસે જવાના સમયે મોટર કે સાઈકલની ચાવી ખોઈ નાખવા જેવા સામાન્ય અખતરાથી માંડી કરોડપતિ પતિને લખપતિ અને મોટરગાડીવાળાને પગે ચાલતો કરી નાખવા જેવા અસામાન્ય ઉપાયો અજમાવવાનું ય આ સ્ત્રીઓ ચૂકતી નહિ. અરે નગરની વહીવટકર્તા તરીકે પણ આ સ્ત્રીઓએ એક માથાભારે સ્ત્રીને ચૂંટી હતી.

'હસબન્ડ હૅરેસ ક્લબ'ના નૉર્થ ઝોનની પ્રેસિડેન્ટ સ્ત્રી પતિપજવણીમાં નગરની કોઈ પણ સ્ત્રી કરતાં વધુ હોશિયાર હતી. પણ તેનો પતિ ય સામે અત્યંત ધીરજવાળો હતો. હસતાંહસતાં તે બધું જ સહી લેતો. પતિને હેરાન કરવાના પોતાના આગવા અને ક્લબમાંથી શીખેલા તમામ અખતરા પેલી સ્ત્રીએ પોતાના પતિ પર અજમાવ્યા હતા, પણ એના પતિએ તે બધા જ ગળી ખાધા હતા. આથી પેલી સ્ત્રીને પોતાનું સ્વમાન ઘવાતું લાગવા માંડ્યું. અંતે છેવટના ઉપાય તરીકે તે સ્ત્રીએ પોતાના પતિને ઉશ્કેરવા એક અન્ય પુરુષને પ્રેમ કરવા માંડ્યો. આ જાણ્યા પછી યે તેના પતિનું લોહી તપતું જણાયું નહિ.

છેવટે એક દિવસ પેલી સ્ત્રીએ પોતાના પતિ આગળ જાહેર કર્યું કે એ પોતાના પ્રેમી સાથે પરણવા ઇચ્છે છે. જાણે પત્નીના આવા કોઈ પ્રસ્તાવની રાહ જોતો હોય તેમ પતિએ, સામે ચાલીને, પેલા પ્રેમીને પત્ની ભેટ તરીકે આપી દીધી. આ સમયે પણ એ પતિ મરકતો હતો.

વારતાને અહીં જ અટકાવતાં વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ! પેલા માણસને પોતાની પત્ની ભેટ આપવાનું પોતાના પૌરુષને લાંછન રૂપ એવું કાર્ય કરતાં યે પતિ મરક્યો કેમ હશે?'

'પત્નીના ત્રાસમાંથી છૂટ્યાનો આનંદ તો સ્વાભાવિક હશે જ, પણ પેલા પુરુષ પ્રત્યે કોઈ જૂની અદાવતનું વેર વાળ્યાનો આનંદ પણ તેમાં ભળ્યો હશે–આમ એને એક કાંકરે બે પક્ષી માર્યાનો લાભ થયો હશે.'

વિક્રમ આ પૂરું કરે ત્યાં તો મડું છટકીને સિદ્ધ વડે જઈ લટકી ગયું.

દોઢસો વર્ષજૂના મુંબઈ સમાચારની વિકાસકથા

લેખક · યજ્ઞેશ શુક્લ

ગુજરાતી ભાષાનું સૌપહેલું આ અખબાર પ્રકટ કરતાં પૂર્વે ફર્દુનજીએ એ અખબારની નીતિ, એમાં પ્રકટ થનારી માહિતી, લવાજમ વગેરે વિગતો જાહેર કરતી 'મદેહનજર' તા. ૧૦ જૂન ૧૮૨૨ના રોજ પ્રકટ કરી હતી. ઠીકઠીક લાંબી એ 'મદેહનજર' તે સમયની ભાષા વગેરેનો ખયાલ આપતી હોઈ તેનો થોડો નમૂનો જોઇએ:

તા. ૧લી જુલાઈ ૧૮૨૨ શંવત ૧૮૭૮નાં આખાડ શુદી ૧૨ને વાર શોમે શ્રી મુમબઈના શમાચાર ગુજરાતી ભાશા મધે દર અઠવાડીએ શ્રી મુંમબઈનાં ધરમરાજ અંગરેજી રાજદુઆરની મોટી કુરૂપાથી ફરેદુનજી મોબેદ મરજબાનજી બનાવશે તથા છાપશે તેહની વીગત.

'શરવે ગુજરાતી વાંચનારા શેઠ લોકોની શેવામાં શેવક ફરેદુનજી મોબેદ મરજબાનજી અરજ અને જાહેર અને જાણીતું કરે છે જે એ શેવકે ગુજરાતી ભાશા મધે એક અઠવાડીઆનું (નીઉજપેપર) એટલે અઠવાડીઆંનાં શમાચાર છાપવા ડેડવેઉ છે. તે તારીખ ૧લી આવતા જુલાઈ મહીનાંની, શંવત ૧૮૭૮નાં આખાડ શુદી ૧૨ને શોમવારને દંનથી પેહલું શ્રી મુંમબઈનાં શમાચારનું પતર પરેશ મધેથી એટલે જે છાપાનાં ઈઅંતર મધેથી બાહેર પડશે. અને એ દંનથી શદા દર અઠવાડીઆંનાં શોમવારે શ્રી મુંમબઈનાં શમાચાર છપાએઆ કરશે, અને એ અઠવાડીઆંનાં પતરનું નામ શ્રી મુમબઈનાં શમાચાર રાખેઉં છે. જે કાંઈ મુંમબઈનાં શમાચાર પતર મધે ગુજરાતી ભાશામો દર અઠવાડીએ છપાશે તેહની વીગત.

'જે કાંઈ જીનશો તથા વશતુઓ શ્રી મુંમબઈમાંની તથા દેશાવરોની હરેક કોઈની વેચવાની હશે તેહની તથા જે કાંઈ અંગત કારણ હશે તેહની શરવે લોકોને જાણ પડવા શારૂ ખબર જે કોઈ તેહનાં ધારા પરમાંણે ખરચ આપીને છપાવશે તો છાપશે.

'અને તેહ વાર પછે ચોખુંણ પરથવીનાં દેશાવરોનાં શમાચારો તથા શંધેશાવો તથા હોણીઓ જે કાંઈ અંગરેજ બહાદોરની વેલાએતનાં તથા શ્રી હીનદોશતાંનનાં દેશો જેહવા કે કલકતું તથા મધરાજ તથા શેલાંન તથા મુંમબઈનાં અંગરેજી શમાચાર મધે છપાએલું હશે તે મધેથી જે કાંઈ આપણાં લોકોને કાંમ આવે તેહવી વારતાવો હશે તે ગુજરાતી ભાશામો છપાશે. અને વલી તે સાથે શારા ચાલચલણની અને શુધે મારગે ચાલવાની લોકોનું મનપતીજે તેહવી શારી માહાભારત શીખાંમણો જે કાંઈ વીદેઆવાન પંડીત લોકોની ફારશી તથા અંગરેજી પુશતકોમો કેહલી છે તે તથા મોહોટાં વાંહાંણોને લાંબાં દેશાવરોથી આવવા તથા જાવાની ખબર તથા અંગરેજ બાહાદોરનાં રાજદોઆરને તાએમેનાં અંગરેજ અમલદારો તથા કારકુનો તથા લશકરી કમેનડરો તથા બીજા મોટાં આદમીઓ શ્રી મુંમબઈ મધ્યે આવશે તથા શ્રી મુંમબઈથી હરેક દેશાવર જાશે તેહની ખબર તથા તે લોકોનાં મરણનાં શંધેશાવો તથા જે કાંઈ દેશાવરથી આડતીઆવો તથા શ્રી મુંમબઈ શમાચાર પતરનાં લેનારાઓ જે કાંઈ દેશાવરનાં શંધેશાવો તથા વરતમાંનો ગુજરાતી મધે લખશે તે મધેથી જે કાંઈ છાપવા જોગ હશે તે તથા જે કાંઇ નવી નવાઈ તથા અચરત ભરેલી તથા ભેદ ભરેલી વારતાઓ તથા દોહેરા, ચોપઈ તથા કવેતો જે કાંઈ પુશતકોમો કવેશરોનાં લખેલા હશે તે તથા જે કાંઈ કોઈ કવેશર નવા ગુજરાતીમો બનાવીને મોકલશે તે મધેથી જે કાંઈ છાપવાજોગ હશે તે તથા મન વહેવારની ચુંટી કાડેલી વારતાવો તથા ગનેઆંન ભરેલી વારતાઓ તથા વીદેઆનું અભુશાણ તથા ઘણીખરી અગત કરીને વેપારીઓને કાંમ લાગે તેહવી વણજ વેપારની બાબતો તથા બજારની જીનશોનો ચાલતો ભાવ અને એ વગેરે બીજી કેટલીએક બાબતો એ શ્રી મુમબઈનાં શમાચાર મધે છપાએઆ કરશે.'

ફર્દુનજી પોતે જ તંત્રી હતા. ગુજરાતી ને અંગ્રેજી બંને ભાષાની સારી જાણકારી ધરાવનારા ભાષાંતરકારોને તેમણે રોક્યા હતા. શરૂઆતમાં જ આ સાહસમાં એમને સારી દાદ મળી. પત્રના બીજા અંકમાં છપાએલી યાદી મુજબ આરંભમાં જ દોઢસો ગ્રાહકો નોંધાયા હતા. તેમાં ૧૪ યુરોપિયનો, ૮ હિંદુ, ૬ મુસ્લિમ અને ૬૭ પારસીઓ હતા. ૫૦ નકલ મુંબાઈના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનની સરકારે નોંધાવી હતી. આમ સરકાર તરફથી પહેલી જ ઘડીએ આ સાહસને સારો આવકાર મળ્યો.

તા. ૧ જુલાઇ ૧૮૨૨ના રોજ પ્રકટ થએલો પહેલો અંક ૧૦×૮ ઇંચના કદના પાનાનાં ચારપાનિયાંવાળા ત્રણ ફરમા ઉપરાંત બે પાનાં છૂટક મળીને ૧૪ પાનાંનો પ્રકટ થયો હતો, જેના પ્રથમ પૃષ્ઠનો નમૂનો ગયા અંકમાં અમે આપી ગયા. એ ૧૪ પાનામાં સમાવેશ પામેલી સામગ્રી પણ ધ્યાન ખેંચે એવી છે. પહેલે પાને જાહેર ખબરો, બીજા પાના પર જાહેર ખબરો ઉપરાંત 'અંગ્રેજી રાજ્ય અને છાપાંના છૂટાપણા વિષેના તેમના વિચારો' જે તે પછીના પાના પર ચાલુ રહીને બાદનાં પાનાંઓમાં અદાલતને લગતી જાહેર ખબરો, વહાણો આવે તથા ઊપડે તેના ખબર, મુંબાઇમાં બહારથી આવતા તેમજ બહાર જતા અંગ્રેજોને લગતા તથા તેમના મૃત્યુના સમાચાર, કલકત્તાથી લખાઇ આવેલા યુરોપના સમાચાર, 'ઇન્ડિયા ગૅઝેટ' તેમજ 'મદ્રાસ ગેઝેટ'માંથી ઉતારા, 'ઇંગ્લંડના ધારાઓની પોથી' (કાયદાપોથી)માંથી 'છાપાંના યંત્રના ગુણોની વાર્તાનો ઉતારો', 'કલકત્તા જર્નલ' 'બૉમ્બે કુરીઅર' 'મદ્રાસ ગેઝેટ' વગેરેમાંથી ઉતારા અને છેવટે 'નવી તરેહનું વહાણ બાંધવાના શોધાએલા હુન્નરની સ્તુતિ' કરવામાં આવી છે.

આજે પણ 'મુંબઇ સમાચાર' સૌ સમજે એવી સાદી ને સરળ ભાષાનું હિમાયતી રહ્યું છે. આવી ભાષાનો આગ્રહ તેમાં મૂળથી જ રાખવામાં આવેલો હતો. પહેલા જ અંકમાં તંત્રીએ પત્રની ભાષા અંગે લખ્યું હતું:

'શરવે લોકોને પરગટ છે જે શ્રી હીનદોશતાંન મધે પેહલી શંશકરૂતની ભાશા હતી તે મધ્યેથી કેટલીએક બીજી ભાશાઓ નીકલી છે એમોની એક ગુજરાતી ભાશા પણ છે. પણ એ ગુજરાતી ભાશા મધે મોગલાઈની હકુમતના વખતમો ઘણાંખરા ફારશીના, અરબીના બોલો બોલેઆમો આવેલા છે અને વલી હવે અંગરેજ બાહાદોરની હકુમતમાં કેટલાએક અંગરેજી બોલો પણ ભેલાએઆ છે અને તે ફારશીના અરબીના અંગરેજીના બોલો પારશી લોકો ઘણાંખરા ગુજરાતી બોલીમો કાંમમો લાવે છે કે તેહને વાણીઆં લોકો થોડું સમજે છે અને વાણીઆં લોકો કેટલાએક શંશકરૂતના પરાકરૂતના બોલો જે ગુજરાતીમો ભેલીને બોલે છે તેહને પારશી લોકો થોડા શમજે છે અને ઘણાંખરા વેદેઆના બોલો તો ગુજરાતીમો મલતા નથી અને જો મલેચ તો તેને શમજનારા થોડા છે તેથી કરી એ શમાચારની ગુજરાતી બોલી હેવી લેવા ધારીચ જે પારશી તથા વાણીઆં લોકો શરવેનાં શમજમો આવે અને આપણે જો કદાપી ચાહીએ કે નીતરી ગુજરાતી ભાશા બોલીએ અથવા ચાહીએ કે ફારશી અરબી અંગરેજીના બોલો ભેલીને બોલીએ તો તે બંધે તરેહથી બોલી શકાએચ પણ તે એકબીજાને શમજવી કઠણ પડશે.'

લગભગ એક દસકા સુધી—ઈ. ૧૮૩૨ સુધી પત્રનું સુકાન ફર્દુનજીના હાથમાં રહ્યું. શરૂઆતમાં સ્થાનિક સમાચારોનું સ્થાન નહિ જેવું હતું તે પાછળથી ધીમે ધીમે વધતું રહ્યું. તે ઉપરાંત તેમણે અનેક પ્રશ્નો ઉપર લોકોમાં જાણકારી ફેલાવી. પાનાંની સંખ્યા પણ વધતી ગઈ. કોઈ વાર ખાસ વધારા પણ કાઢતા. સર્વસામાન્ય જનસમાજને નજરમાં રાખીને જ સંચાલન થતું. પત્રને મથાળે કવિતા, દુહા વગેરે અવારનવાર બદલાતાં રહેતાં. હવામાનના સમાચાર, મરણના સમાચાર જેવા સ્થાનિક ખબરો, જીવનજરૂરતની ચીજવસ્તુઓના ભાવતાલ વગેરે પણ આપતા. વેપાર-વાણિજ્યને પણ મહત્ત્વ અપાતું તેમજ પારસીઓના ખાસ પ્રશ્નો પણ રજૂ થતા, અને એવા એક પારસી પ્રશ્નને અંગે જ ભારે વિવાદ જામી પડયો જેને અંતે ફર્દુનજીને પત્ર છોડવું પડયું. એ પહેલાં એમણે એ જ સાલમાં પત્રને દૈનિક સ્વરૂપ પણ આપેલું. જોકે એ રૂપમાં તે ઝાઝો સમય રહી ન શક્યું અને અઠવાડિયામાં બે વાર પ્રકટ થતું અને સાપ્તાહિક બન્યું. ઈ. ૧૮૩૨ના ઑગસ્ટની ૧૩મી તારીખે ફર્દુનજી પત્રનું સુકાન તેમના જ હાથ નીચે તાલીમ પામીને તૈયાર થએલા તેમુલજી રુસ્તમજી મિરઝાંને સોંપીને છૂટા થયા. એ વખતે તેમણે વિદાય લેખમાં લખ્યું:

'હમારા શમાચાર પતરનાં વાંચનારા શાહેબોની શેવામો મોટી નમનતાઈથી આગનઆ (આજ્ઞા) માંગી પોતાની છેલી વીનતી પરગટ કરીએચ જે હમારે આ મુંમબઇ શમાચારનું પતર ઉભું કરીને વરશ ૧૦ થાએઆં અને હેની આગમચ ગુજરાતી ભાશામો બલકે શ્રી હીનદોશતાંનની કોઇ ભાશામો પરગટ થાએલું વરતમાંન કે શમાચાર પતર હમારા જોએઆમો આવીઉતું નહી. અને ઉપર કહેઆં તે વરશો મધે જે રીતે હમારેથી બની આવીઉં તે પરમાંણે શમાચારો અને વરતમાંનો અને શંદેશાવો તથા બીજી વારતાવો જે કે આપણાં ગુજરાતી વાંચનારાવોને કાંમ જોગ નજર આવી તે તમો શાહેબોની કુરપાથી પરગટ કરી. તે શાથે ગુજરાતી બોલીમો ઉપજવાનું બલ થાઈઉં અને એ કાંમની આંખોએ રોશની પકડી તેથી હમો ઘણાંજ મઘન છઈએ. પરમેશવરની દયાથી એ મુમબઈ શમાચારનાં ઉપજેઆ પછી બીજાં ગણાંએક વરતમાંન પતરો હીનદોશતાંનની વપરાતી બોલીઆમો નીકલેઆં છે. અને કોઇ કાંમ વલી હમારેથી હેવું ઉભું થાતે કે જેથી અંનજાણું હોએ તે જાંણીતું થાએ. હવે હમો તમો વાંચનારા શાહેબોથી આ લાંબુ વાંચવાની મેહનતનો આભાર જાંણી આગનઆ માગી જાહેર કરીએચ કે હમોએ જેમ બની આવું તેમ મેહનત લઈ એ કાંમ ઘણાં દીવશ શુધી ચલાવીઉં અને એ મુદત મધે કેટલાએક છોકરાવોને એ કાંમમાં રાખી કેરવેઆ તેહમોથી હમોએ હમારો આએ ઓહોદો છોડીને કોણને શોપીએચ કે જેણે હમારી ઈછા પરમાંણે કેરવણી લીધી છે અને તેહનાં હાથ તલેનાંબી તેજ પરકારનાં કેરવાએલાં છે. અને જેહનાં ઉપર હમારો પાકો ભરોશો છે કે હમારી ઘણાં વરશોની એ કામની કેરવણી ઉપકો નહી આવવા થકી તથા પોતાંનાં નાંમીચા ધરાંનાનું કાંમને શંભાલવાની ધાશતીથી એ કાંમને હમારા કરતાંને ઘણું જ શરશ અને વધારે મેહનત લઇ મોટા શેઆંનપણથી ઘણાંએક ઉલટ શાથે નભાવી રાખશે.'

ફર્દુનજી મરઝબાને ઇ. સ. ૧૮૩૨ની ૧૩મી ઑગસ્ટે 'મુંબઈ સમાચાર' સાથેનો સંબંધ છોડયો ને તેનું સંપાદન-સંચાલન ઉદવાડાના દસ્તૂર રુસ્તમજી તેહમુલજી મિરઝાંના પુત્ર તેહમુલ રુસ્તમજી મિરઝાંને સોંપ્યું. ફર્દુનજી જેમ જ એમણે સમાચારનું સુકાન સંભાળ્યું. જોકે કમનસીબે તે ઝાઝું જીવ્યા નહિ. ઇ. ૧૮૩૪માં માત્ર ૨૬ વર્ષની વયે તેમનું અવસાન થતાં શ્રી કાવસજી મામા તેના તંત્રી બન્યા. પરંતુ તે પણ ઓછું જ જીવ્યા. સાત વર્ષ બાદ ૧૮૪૧માં તેમનું પણ ૩૨ વર્ષની યુવાન વયે અવસાન થયું. ફર્દુનજી પછીનો ગાળો 'સમાચાર' માટે ઠીક ઠીક કપરો નીવડયો. એમાં કાવસજીએ પત્રની પ્રતિષ્ઠા જાળવી રાખવા સ્તુત્ય પ્રયાસ કર્યો અને ઠીકઠીક સફળતા પણ મેળવી. એમના અવસાન પછી જનાર્દન વાસુદેવ ને વિનાયક વાસુદેવ નામના બે મહારાષ્ટ્રીયનો તેના તંત્રી બન્યા, પણ પાછળથી ન્યાયાધીશીમાં સરકારી નોકરી મળતાં તે બંને તેમાં જોડાઇ ગયા. 'મુંબાઈ સમાચાર'ની ૧૫૦ વર્ષની કારકિર્દીમાં આ બે મહારાષ્ટ્રીયનોના અપવાદ સિવાય આજ સુધી તેના તંત્રીઓ બધા પારસી જ રહ્યા છે.

ઈ. ૧૮૩૨ થી ૧૮૪૪ સુધીના ગાળામાં 'મુંબઈ સમાચાર'માં કશો ગંભીર ફેરફાર ન થયો. એની ભાષા પણ અગાઉના જેવી જ જોડાક્ષર વિનાની રહી. જોકે સમાચારોનું પ્રમાણ વધ્યું. સમાજને લગતા પ્રશ્નો પર નીડરતાથી લખવાનું ચાલુ રહ્યું. અદાલતોના કિસ્સાઓને મહત્ત્વ અપાવા લાગ્યું અને વેપારવાણિજ્યના પ્રશ્નો પર વધારે ધ્યાન અપાયું. અંગ્રેજ હકૂમતમાં હિંદના વતનીઓને જે. પી. થવાના તથા ગ્રાંડ જ્યૂરીમાં બેસવાના અધિકાર બક્ષવા માટે સરકારની પ્રશંસા થતી તેમ રાજકીય બાબતોમાં સત્તાધીશો અને અમલદારોની ટીકા કરતાં પણ 'સમાચાર' અચકાયું નથી. ઇંદોરના મહારાજાનું અવસાન થતાં તેની ૧૬ પત્નીઓ સતી થઈ એ પ્રસંગને 'એક ભઈ (ભય) ભરેલો તમાશો' એ રીતે ઓળખાવીને એ દિશામાં પગલાં લેવાય તો તેને પ્રજાનો સાથ મળી રહેશે એમ સ્પષ્ટ મત આપ્યો છે. રાજસ્થાનમાં છોકરીઓનો જન્મ થતાં તેને દૂધ પીતી કરવાના રિવાજ વિષે 'બાળકોનું ખૂન' એવા મથાળા હેઠળના ચર્ચાપત્ર સાથે ગંભીર તંત્રીનોંધ લખાઈ છે. ખ્રિસ્તીઓ તરફથી થતી વટાળ-પ્રવૃત્તિ સામે પણ આકરા પ્રહારો થયા છે. સ્ત્રીશિક્ષણની આગ્રહભરી હિમાયત કરતી તંત્રીનોંધમાં જણાવ્યું છે કે 'નાજુક પંડની અશતરીઓને (સ્ત્રીઓને) વીદીઆ (વિદ્યા) તથા નીતીશાશતરથી વાકેફ નહિ કરશે તાંહાં વેર હીનદુશથાનમાં ખરી સુધરાઈ થાએ હેવું વિચારવું વેરથ (વ્યર્થ)છે.' ચમત્કારો તથા બીજા વહેમો સામે પણ આકરી કલમ ચલાવી છે.

ઈ. ૧૮૪૪ થી ૧૮૬૪ સુધીનો વીસ વર્ષનો ગાળો અખબારો માટે ઘણો કપરો કાળ હતો. ઈ. ૧૮૯૮માં 'મુંબઈ સમાચાર'ને પોણોસો વર્ષ થયાં એ પ્રસંગે તેને 'હિંદુસ્તાનના જૂનામાં જૂના અખબાર તરીકે બિરદાવતા 'કલકત્તા રિવ્યૂ'માંના લેખમાં શ્રી કરકરિયા જણાવે છે કે 'સમાચાર' પછી દેશમાં ઘણાં અખબારો હસ્તીમાં આવ્યાં પણ તે બધાં મરવાને વાંકે જીવતાં હતાં. 'ચાબુક' પત્ર અંગત ટીકાખોરી અને કયારેક બીભત્સતામાં સરી પડતું. 'સમાચાર' એટલું નીચું કદી ન ઊતર્યું. પરંતુ તેનું સંચાલન નબળા હાથમાં હતું અને તેનું અસ્તિત્વ પણ નામનું જ હતું. ૧૮૬૪માં તો એ છેલ્લાં ડચકાં ખાતું હતું અને જો તે નવા હાથમાં ગયું ન હોત તો આ ઐતિહાસિક અખબાર નામોશીભરી રીતે મૃત્યુ પામ્યું હોત... નવા માલિકોને એમાં પ્રાણ પૂરતાં ઠીકઠીક સમય લાગ્યો. ૧૮૭૦માં એના નવા માલિકના હાથમાં ગયું ત્યારે તેનો ફેલાવો માત્ર ૧૫૦ નકલોનો હતો તે વધીને ૧૦ વર્ષમાં ૧૦૦૦નો થયો.'

ઉપર્યુક્ત લેખ લખાયો ત્યારે ઈ. ૧૮૯૮માં 'સમાચાર'નું સંપાદન માણેકજી બરજોરજી મીનોચેર હોમજીના હાથમાં હતું. એ મીનોચેરજી ૨૦ વર્ષની વયે પત્રકારત્વમાં પડેલા. એકબે નાનાં અખબારો ચલાવ્યા પછી ૧૮૬૪માં તેઓ સમાચાર સાથે સંકળાયા અને ૧૮૭૦માં તેના એક-માત્ર માલિક અને તંત્રી બન્યા. તેમણે 'સમાચાર'ને હતઃપ્રાય દશામાંથી ઉપર લાવવાનો અથાક પ્રયત્ન કર્યો. તે કાળે મોટા ભાગનાં દેશી અખબારો ટૂંકજીવી જ રહેતાં. 'વેસ્ટર્ન પ્રેસિડેન્સી' તરીકે ત્યારે ઓળખાતા મુંબાઈ ઈલાકામાં કુલ ૧૮૧ દેશી અખબારો પ્રકટ થતાં હતાં, તેમાં વીસ ને તેથી ઓછાં વર્ષનાં ૩૫ હતાં. ત્રીસની ઉપરનાં માત્ર ૧૩ હતાં. ચાળીસ વર્ષનાં ૮ અને પચાસની ઉપરનાં તો ત્રણ જ હતાં. એક અખબાર ૫૯ વર્ષનું, બીજું ૬૫ વર્ષનું અને ત્રીજું ૭૫ વર્ષનું. એ ૬૫ અને ૭૫ વર્ષનાં ત્યારનાં એ બે અખબાર આજે પણ હસ્તીમાં છે: ૧૪૦ વર્ષનું 'જામે જમશેદ' અને ૧૫૦ વર્ષનું 'મુંબઇ સમાચાર'.

શ્રી માણેકજી બરજોરજી મીનોચેર હોમજીના હાથમાં આવ્યા પછી 'સમાચાર'ની જાણે કાયાપલટ થઇ અને નવા પ્રાણ સાથે ઘણા નવા સુધારા તેમાં થયા. 'શ્રી મુમબઈનાં શમાચાર' એ વર્ષોજૂનું મથાળું બદલાઇને તે ઈ. ૧૮૭૩ના ૯ જાન્યુઆરીના અંકથી 'મુંબઈ સમાચાર' એવું સ્પષ્ટ મથાળું આવ્યું અને તેની નીચે અંગ્રેજીમાં The Bombay Samachar શબ્દો પણ દાખલ થયા. પુસ્તક, અંક, તારીખ, તિથિ તથા પારસી રોજ (તિથિ) પણ સ્થાન પામ્યાં અને ઇમ્પ્રિન્ટ (પ્રેસ લાઈન) તરીકે, આ મુંબઇ સમાચાર પતર મુંબઇના કોટમાં, દેવળના મોહોલ્લામાં (ચર્ચગેટ સ્ટ્રીટ ?) 'ટાઇમસ આવ ઇંડીયાની પાસે નંબર ૧લા વાળા ઘરમાં પોતાને વાસતે માણેકજી બરજોરજી મીનોચહેર હોમજીએ છાપ્યું છે' એમ સ્પષ્ટ લખાવા માંડયું. એના કદમાં પણ ફેરફાર થઇને મોટા કદનાં ચાર પાનાં થયાં. સમાચારોગાં સારા પ્રમાણમાં વિવિધતા આવી. ભાવનગર, કપડવણજ, ભરૂચ વગેરે વિવિધ ગામોના ખબરો ઉપરાંત વેપારને લગતા સમાચાર; અફીણ, હૂંડી, નોટ, બેંકોના શેર, સરકારી નોટો, રેલવે કંપનીના શેરો વગેરેના તાર; વહાણોની અવરજવર તથા આયાતનિકાસના ખબર; રૂ, ધાતુ, વગેરેના વેપાર સમાચાર, ચર્ચાપત્રો આદિ સારા પ્રમાણમાં વૈવિધ્ય દાખલ થવા લાગ્યું. વેપારીઓને ઉપયોગી થાય એવી માહિતી ભરપટે આપવા ઉપર ખાસ ધ્યાન અપાવા લાગ્યું અને તેને અંગેના અગ્રલેખો પણ લખાવા શરૂ થયા.

દેશી રજવાડાં પ્રત્યે પણ ધ્યાન અપાયું છે. પોરબંદરના કસ્ટમની સતામણી પર આકરા પ્રહારો થયા છે. વિજ્ઞાન, તબીબી વગેરે શાસ્ત્રીય વિષયોનું શિક્ષણ માતૃભાષા દ્વારા અપાવું જોઇએ કે નહિ એનો મતભેદ હજી આ યુગમાં પ્રવર્તે છે પણ 'સમાચારે' તો છેક ઈ. ૧૮૭૩માં તબીબી શિક્ષણ માતૃભાષામાં આપવાની હિમાયત કરી હતી. દેશના ઉદ્યોગોના વિકાસ અને દેશમાં બનતા માલનો જ ઉપયોગ થવો જોઇએ એ મુદ્દા ઉપર રીતસર 'સ્વદેશી'નું આંદોલન શરૂ કરવાના રસ્તાની હિમાયત 'સમાચારે' એ જમાનામાં કરી હતી. કવિ નર્મદના પહેલા ગુજરાતી નર્મકોશની જાહેર ખબર પણ એ કાળના 'સમાચાર'માં દેખાય છે. જાહેર પ્રશ્નોની પણ ચર્ચા 'સમાચારે' કરી છે. સૂરત હુલ્લડ કેસ અંગે પણ તેણે આકરી આલોચના કરી છે. સૂરતથી નીકળતા ઇચ્છારામ સૂર્યરામ દેસાઈના 'સ્વતંત્રતા' પત્રમાંનાં સ્વતંત્ર મિજાજ વ્યક્ત કરતાં લખાણોથી અકળાઇને તેને જેર કરવા તેના પર હુલ્લડની ઉશ્કેરણી કરનારાં લખાણોનો આરોપ મૂકીને ચલાવાએલા કેસમાં નિર્દોષ ઠરેલા પત્રકારોને શરૂમાં વગર ગુને ગુનેગાર ને ચોરડાકુ લેખીને જેલમાં રાખવાના તથા તેમને હાથકડી પહેરાવીને જાહેર રસ્તા પરથી લઈ જવામાં આવ્યા તે નિર્દોષોને દંડવાના કૃત્યની નીડર ટીકા કરવામાં આવી હતી.

ખેડૂતો અંગે પણ 'સમાચારે' સારી દાઝ બતાવી છે. હજી આજે પણ ખેડૂતોને પડતી ધીરાણની અગવડ નિવારવા આગ્રહ કરવો પડે છે, ત્યારે 'સમાચારે' વીસમી સદીના આરંભ પહેલાંના એ કાળમાં ખેડૂતોને શાહુકારોના પાશમાંથી છોડાવીને તેઓ માટે ધીરાણ સુલભ બનાવવાના હેતુથી 'ખેડૂત બેંક' સ્થાપવાની હિમાયત કરી હતી. સમાજસુધારાની પ્રવૃત્તિને પણ વેગ અપાયો હતો. ભાટિયા કોમમાં બૅરિસ્ટર થવાને પરદેશગમન કરવાની પહેલ થઇ તેને અનુમતિ આપ્યા પછી સ્વદેશ આવેલા એ બૅરિસ્ટરના પુનઃ જ્ઞાતિપ્રવેશ માટે પ્રાયશ્ચિત્ત કરાવવાનો આગ્રહ રાખતા જૂનવાણી માનસની 'સમાચારે' ઠીકઠીક ખબર લીધી હતી. એ જ રીતે વિધવાવિવાહ આદિ સુધારા તથા તેના આદ્ય પ્રણેતા વિખ્યાત ગુજરાતી સમાજ સુધારક કરસનદાસ મૂળજીની પ્રવૃત્તિને 'સમાચારે' સદા સાથ આપ્યો હતો. જોકે પારસી સમાજની વિશિષ્ટતાઓ જળવાઈ રહે તે માટે તે ખાસ આગ્રહી રહ્યું છે, અને ધર્મની બાબતમાં કશો હસ્તક્ષેપ કરી ન શકાય એ રૂઢિચુસ્ત વલણને તે વળગી રહ્યું છે. 'સમાચાર' ૭૫ વર્ષનું થયું

ત્યારે બ્રિટિશ શાસનતંત્રની પકડ દેશ પર પૂરી જામી ચૂકી હતી, છતાં સમાચારે હમેશાં પ્રજાને પક્ષે રહીને સરકારી પગલાંની આકરી ટીકા કરી છે; પરંતુ તેમ કરતાં કદી સંયમ ગુમાવ્યો નથી. અને પરિણામે 'સમાચાર'ની ટીકાઓ સુદ્ધાં સરકારી તંત્રમાં આદરપાત્ર બની છે. (ચાલુ)

લ ઘુ ક થા

ભાર

રમેશ ત્રિવેદી

ગિરધરલાલ શેઠની કાર બંગલાના કૉમ્પાઉન્ડમાં આવી ઊભી રહી. કારમાંથી નીચે ઊતરી, પોતાની સાથે ચાલતા બિહારીને ખભે હાથ મૂકીને ગિરધરલાલે બંગલાનાં પગથિયાં ચડવા માંડયાં. બંને જણ દીવાનખંડમાં આવ્યા. કૃષ્ણનો ભવ્ય પ્રાસાદ જોતાં સુદામાના હૃદયમાં જાગેલો એવો જ અહોભાવ ગિરધરલાલના બંગલાનો ઠાઠમાઠ જોઈને બિહારીના હૈયામાં જાગી ગયો. એ વિચારોમાં ગળાબૂડ થઈને આમતેમ જોતો હતો. ગિરધરલાલે એના સામે જોઈને સસ્મિત પૂછ્યું: 'બિહારી, કેટલાં વરસે મળ્યા આપણે?'

'દશેક થયાં હશે!' બિહારીના સૂકા ગળામાંથી માંડ શબ્દ નીકળ્યા.

મોંઘાં કપ-રકાબીમાં ચા લઇને નોકર આવ્યો. રકાબીમાંની ચાની ચૂસકી લઈ, બિહારીના જૂના-મેલા કોટ સામે નજર કરી ગિરધરલાલે કહ્યું: 'બિહારી, બીજું તો ઠીક; પણ શેઠ તને શું આપે છે?'

'બસો રૂપિયા.' બિહારીએ ભોંઠપ અનુભવતો હોય તેમ નજર ઊંચકીને મિત્રના તેજસ્વી લલાટ પર સ્થિર કરી. અને એ ચા ગટગટાવી ગયો.

'બસ? આટલું બધું વૈતરું ને બસો જ રૂપિયા! શહેરના ખર્ચા પ્રમાણે ઘણું ઓછું કહેવાય!' ગિરધરલાલે ઊંડો શ્વાસ ખેંચ્યો. થોડુંક વિચારીને ઉમેર્યું: 'બિહારી, એક કામ કરીશ?'

'શું?' વિચારોની તાણ અનુભવતા બિહારીએ ક્ષોભભર્યા સ્વરે કહ્યું.

'આપણી પેઢીમાં તારા જેવા એક ઘરના માણસની હમણાં જરૂર છે. તું જ આવી જાય તો કેવું સારું?' આટલું બોલતાં બોલતાં ગિરધરલાલના પ્રસન્ન ચહેરા પર સ્નેહાળ દીપ્તિ પથરાઈ ગઈ.

'ઘરનો માણસ' એ શબ્દશલ્ય જાણે કે બિહારીના હૃદયમાં ઊંડે ઊંડે ભોંકાઈ ગયું. અને એક પળ માટે સ્મરણોનું તીક્ષ્ણ હળ એના હૈયાની ભોંય પર ઊંડો ચાસ પાડી ગયું. એ મૂઢ બનીને બેસી રહ્યો.

'બિહારી, શું વિચારે છે?' ગિરધરલાલે ટીપૉય પર કપ મૂકતાં પૂછ્યું.

'હં?'–બિહારી વિચારતંદ્રામાંથી જાગ્યો. એણે થોથવાતા સાદે કહ્યું: 'ગિરધરભાઈ, તારો આટલો આગ્રહ છે એટલું બસ છે.'

'પણ વાંધો શો છે તને, મારે ત્યાં નોકરી કરવામાં?' ગિરધરલાલના હૈયાના અતલ ઊંડાણમાં લાગણીનો સ્રોત વહી રહ્યો. એ બિહારીની વ્યથિત-ભીની આંખો સામે મર્મભરી નજરે તાકી રહ્યા. એમની સ્નિગ્ધ આંખો જાણે કે કહી રહી હતી કે—

...બિહારી, મને યાદ છે કે આપણે દશેક વર્ષ પહેલાં સાથે જ નોકરી કરતા હતા. અને હું એ પણ જાણું છું કે તેં મુનિમ તરીકેની મારી જગ્યા મેળવવા કાચા કાનના શેઠને મારી વિરુદ્ધ ઊંધું-ચત્તું સમજાવ્યું હતું ને મને છૂટો કરવામાં આવ્યો હતો. આજે પ્રભુકૃપાથી મારી પાસે લખલૂટ વૈભવ છે. અને એમાં તારો પણ ફાળો છે ગાંડા! મને વિશ્વાસ છે કે પશ્ચાત્તાપના અગનમાં તવાએલો આજનો અણીશુદ્ધ બિહારી હવે પહેલાંનો બિહારી નથી રહ્યો...

—અને ગિરધરલાલની આંખો સામે તાકી રહેલા બિહારીએ અશ્રુભીની આંખો શરમના ભારથી ઝુકાવી દીધી. □

અમેરિકાથી એશિયા

અંતરગઠરી-૪૬

લેખક · ચંદ્રવદન મહેતા

આપણે એક સામાન્ય નદીના પૂરને પણ ખાળી નથી શકતા, પણ એક અગાધ અને ભીષણ સમુદ્રમાં અણુ જેટલા જંતુડાના નામને પણ લાયક ન ગણાતાં એવાં 'પોલિપ્સ'ની જમાતે પ્રશાંત કહેવાતા પણ સ્વભાવે અત્યંત તોફાની એવા મહાસાગરની જીવલેણ વિધ્વંસક શક્તિઓનો સામનો કરી મસ્તક ઊંચું રાખી જીવ્યે જવાનો નિર્ણય કર્યો! એની જિજીવિષા જોઈએ. આ પૅસિફિક મહાસાગરના પેટાળમાં ધગધગતા જ્વાળામુખીઓ ગર્જે; કદીક બહાર ડોકિયાં પણ કરે; ક્યાંક મન ફાવે ત્યાં એક નહિ તો વધારે ટાપુઓ પણ બનાવે; મન ફાવે તો, હોય તે ટાપુઓને ઉથલાવી નાખીને ઉદધિમાં પણ શમાવી દે. લાંબા વર્ષોના આ કાર્યક્રમની કેવી યોજના ઘડાઈ હશે, એનો હજી કોઈ માનવીને પાકો ખયાલ નથી. આમાં પેલાં નાનકડાં જંતુડાં: એમનામાં મગજનું કદ કેવડુંક હશે અને એમાંની બુદ્ધિની સમજણ કેવી હશે એનો અંદાજ મનુષ્યે હજી કાઢ્યો નથી. પરંતુ મહાસાગરના પાણીની ગરમી ૬૮ અંશ નીચે ન જાય, ૧૨૦ ફીટના નીચાણથી ઊંડો પાયો ન નંખાય, પાણીમાં જે ક્ષાર હોય તે વધારેપડતો ન થાય અને એ પાણીમાં રેત ભળી ન જાય, એવી બધી પરિસ્થિતિઓની ગણતરી કરી પોતાનાં ઘરો બાંધવાના કાયમના કામમાં પરોવાએલા એ લાખો જંતુનાં સૂક્ષ્મ શબો ખડકાતાં ખડકાતાં હજારો વર્ષે એકાદ બે ઇંચ ઊંચે આવતા નવા ટાપુ એમણે રચી દીધા. દરમિયાન આજુબાજુના જ્વાળામુખીઓ ભભૂકતા ને ધરતીકંપો થતા રહેતા. તેથી એમના કોરલ ટાપુ ફરી પાણીમાં ગરક પણ થઈ જતા. પણ પાછા સેંકડો વર્ષે પોતાના દ્વીપની ઈમારતનું ટોચકું ફરી એકાદ ઇંચ પાણીની બહાર આણી સૂરજના તાપે એને નવડાવતા. એમ કાળે કરીને કોરલ ટાપુની એક જબરજસ્ત હાર ઊભી થઈ. જતે કાળે હજારો માઈલ દૂરથી ઊડી આવેલાં પંખીઓએ કોઈ ઝાડનાં બી ત્યાં નાખ્યાં ને ઝાડ ઊગી એ ટાપુઓ પર વનસ્પતિ પણ છવાઈ ગઈ. પંખીઓએ એમાં માળા પણ બાંધ્યા. પાણીમાં માછલીઓ ઉભરાઈ, અને આખરે ત્યાં, પારકી મહેનત પર તાગડધિન્ના કરવા જેમ થતું આવે છે તેમ, માણસો પહોંચી ગયા. પૅસિફિક મહાસાગરમાં ગણ્યા ગણાય નહિ એટલા ટાપુઓ મહાકાળના વિરાટ પગથારમાં પાણીના પરપોટા જેમ જન્મ્યા છે ને વિલીન પણ થયા છે. આપણી પામર અને વામણી ગણતરીએ એમની હસ્તી લાંબા ગાળાની લાગે છે. સૉલોમન, ન્યૂ હેબ્રિડીસ, ફીજી, ન્યૂ કૅલીડોનિયા, સામોઆ, ટોંગા, ટુઆમોટુ, ટાહિટીથી ચાલ્યા જાઓ પૂર્વમાં તો હાવાઈના ટાપુઓ સુધી અને એની પણ આગળ. એકેક ટાપુની રોમાંચક ઉદ્‌ભવકથા અદ્‌ભુત રસથી ભરપૂર છે. આ પોલિપ્સ જંતુઓના નામે એ બધા દ્વીપોને 'પોલિનેશિયા' નામ આપ્યું હોવું જોઈએ.

હાવાઈ જૂથના ટાપુઓમાં પ્રથમ પગલાં કઈ પ્રજાએ પાડ્યાં એ જાણવું હોય તો આજે પણ ત્યાં કીકડીક અવશેષો છે. પરંતુ ભારતના વિદ્વાનો જ્યાં એકઠા થઈ બેઠા હતા અને ઇન્ડિયનનેસની એક ચર્ચા ચાલતી હતી ત્યાં રૉક-કટ ટેમ્પલ્સની વાત નીકળી. તેમાં એ કલાને મોટે ભાગે મૌલિક દેણગી હિન્દની કહેવામાં આવી. ત્યારે ચર્ચા વધતાં ઈન્કા અને મય સંસ્કૃતિની વાત પણ નીકળી. એ સંબંધમાં એ પણ ભારતમાંથી ત્યાં પ્રસરી હોય એવું અર્ધું વાક્ય બોલતાં જ મને કાપી નાખવામાં આવ્યો: 'એવી કાલ્પનિક કે તુક્કાશાઈ વાતો ન કરો.' એટલે આપણે પછી ચૂપ બેઠા. પુલિત્ઝર પ્રાઈઝના વિજેતા લેખક જેમ્સ મિચનેરનું



હાવાઈમાં સહેલાણીઓના મનોરંજન માટે એક નૃત્યસમારંભ

'હાવાઈ' પરનું પુસ્તક વાંચોને એનાં વિધાનો જુઓ. પોલિનેશિયન પ્રજા પરનાં એનાં બીજાં લખાણો પણ જુઓ. બીજાં યે પુસ્તકો છે, પરંતુ અહીં આપણે એ તકરારમાં પડતું નથી. આ યુગમાં બધું જ પલટી શકાય, ફિલિપાઈન્સ ટાપુઓમાં રાજઆજ્ઞા થકી સ્પેનના વિજેતાઓએ હિન્દુ સંસ્કૃતિનાં શિલ્પો, મંદિરો બધું જડમૂળથી ઉચ્છેદી નાખ્યું છતાં ત્યાંની પ્રજા ને ત્યાંના રહ્યાસહ્યા અવશેષો હજી સાક્ષી પૂરે છે. આ તો ચારસો-પાંચસો વર્ષ પહેલાંની કથા, પણ હજાર બે હજાર વર્ષ પહેલાંની હકીકતોને કોણે કેટલો નાશ કરી પલટાવી દીધી હશે એનો અંદાજ કોણ કાઢે?

આ નાનામોટા સાતઆઠ ટાપુઓમાં કીકડીક ભટકીએ તો ક્યાંક મંદિરોના અવશેષો જોવા મળે. અહીંના કેટલાક શબ્દો પણ આપણને ઊંડે ઊંડે પરિચિત લાગે એવા છે. અહીંની અસલી ભાષાના અપભ્રંશ થએલા શબ્દોનાં મૂળ સંશોધવા જેવાં છે. પણ એ કોણ કરે? આપણને એમાં રસ નથી, અને જે બીજા કરશે તે પોતાના વળનું ફેરવીને કરશે, અને આખરે એમ ઠરશે કે અહીં ભારતની સંસ્કૃતિની કશી અસર હતી જ નહિ! લાંબા વર્ષના પૃથ્વીના ઇતિહાસમાં આપણે માંડ માંડ બે-અઢી હજાર વર્ષનું જ પાકું જ્ઞાનભાન મેળવી શક્યા છીએ, ત્યાં ખોટા ઠરીએ કે ભોંઠા પડીએ એમાં શું બગડી જવાનું હતું?

આપણું અજ્ઞાન ઢાંકવા આપણે એમ પણ કહીશું કે મિ. મિચનેર વળી કઈ વાડીના મૂળા. ખરું, એ છે તો પાકા અમેરિકન. તો યે જે પોલિનેશિયાના ટાપુઓ પર ભારતીય સંસ્કૃતિની વાત કરે એને ન માનીએ! ખેર, તાજેતરમાં જેમ્સ ચર્ચવાર્ડનું 'ધ લૉસ્ટ કૉન્ટિનન્ટ ઑવ મૂ' (નેવિલ સ્પિરમૅન લિમિટેડ, ૧૧૨ વ્હાઈટફિલ્ડ સ્ટ્રીટ; લંડન ડબ્લ્યુ ૧)નું પ્રકાશન વાંચો. આ કર્નલ ચર્ચવાર્ડ એશિયાનાં મ્યૂઝિયમોમાં ફરી, હિન્દ, તિબેટ, બ્રહ્મદેશમાં રખડીરખડીને પચાસેક વર્ષનાં સંશોધનો બાદ, ઘટાવે છે કે ૨૫ હજાર વર્ષ પહેલાં પૅસિફિક મહાસાગરમાં એક આખો ખંડ સાગરમાં સરકી ગયો. એ ખંડમાં આજે ભારત મેક્સિકો ઈન્કાના અવશેષોમાં જોવા મળે છે એવી સંસ્કૃતિ વિસ્તરી હતી એ પુસ્તકમાંની વિગતો આપણી કલ્પનાને ઉત્તેજે છે તેવી છે, અને આ બધો માયાનો ક્ષણભંગુર ખેલ છે એવું ભાન પણ કરાવે છે.

પૅસિફિક મહાસાગરમાંના ટાપુઓ એ જળગર્ભમાં અગોચર થએલા વિશાળ ખંડના અવશેષો છે એમ પણ કેટલાક માને છે. પહાડોનાં ટોચકાં પાણીમાં હોય, એ ઉપર પોલિપ્સે પોતાના દેહ ખડકી એમને પાણી બહાર ડોકિયાં કરાવ્યાં હોય એમ પણ બને. કેટલાક સીલોનને નહિ, ઑસ્ટ્રેલિયા ખંડને અસલ રાવણની લંકા માને છે. બલિ, જાવા, સુમાત્રા ટાપુઓને એના સમર્થનમાં ટાંકે છે. આમ ધરતી પર જે વિવિધ પ્રકારના ફેરફારો થયા કરે છે એના એક સીમાચિહ્ન તરીકે હાવાઈ ટાપુઓને ગણી આપણે આગળ ચાલીએ.

હાવાઇ ટાપુઓ


પ્રશાંત મહાસાગરમાં સાનફ્રાંસિસ્કોથી નૈઋત્યે ૨૧૦૦ માઈલ, જાપાનના યોકોહામાથી અગ્નિ કોણે લગભગ ૩૪૦૦ માઈલ અને વિષુવવૃત્તથી ઉત્તરે ૨૦–૨૨ અંશ આસપાસ (જુઓ નીચેનો નકશો) માનવ વસ્તીવાળા નવ ને વસ્તી વિનાના કેટલાક ટચૂકડા ટાપુઓનો સમૂહ છે, જે હાવાઈ ટાપુઓ કહેવાય છે. એમાંનો એક માત્ર દોઢ ચોરસ માઈલના વિસ્તારનો પાલ્મિટા ટાપુ તો દક્ષિણે છેક ૭૦૦ માઈલ દૂર હોવા છતાં સત્તાવાર રીતે એ હાવાઈ સમૂહમાં જ ગણાય છે. વાયવ્યમાં મિડ વે નામના આ સમૂહના બીજા ટચૂકડા ટાપુઓ અહીંથી ઘણે દૂર (એશિયા અને ઉત્તર અમેરિકાની લગભગ વચ્ચે) પણ છે, જ્યાં ફક્ત અમેરિકાના કેબલ સ્ટેશનના કામદારો જ રહે છે.

ઈ. ૧૭૭૮માં કૅપ્ટન જેમ્સ કુકે પ્રથમ આ ટાપુઓ જોયા. અર્લ ઑાવ સૅન્ડવિચના નામ પરથી એણે આ ટાપુઓને સૅન્ડવિચ ટાપુઓનું નામ આપ્યું, પણ એ બહુ લાંબું ટક્યું નહિ. એ સમયમાં આમાંના વસતિવાળા દરેક ટાપુ પર અલગ અલગ રાજા હતા. ઈ. ૧૭૯૦-માં કામેહામેહા નામના એક રાજાએ આ બધા ટાપુઓ પર પોતાની આણ ફેલાવી. પછી ૧૮૨૦-માં ત્યાં ખ્રિસ્તી ધર્મ પ્રવેશ્યો અને ૧૮૪૨માં હાવાઈના રાજ્યને અમેરિકાની માન્યતા મળી. પછી બંધારણીય વહીવટ માટે ત્યાં યે ચળવળો ઊઠી અને શમી. ઈ. ૧૮૯૩માં રાજકર્તા રાણી લિલ્યુઓકાલાનીને ઉઠાડી મૂકી લોકોએ અમેરિકા સાથે જોડાણ કરવા વિચાર્યું, પણ ત્યારના અમેરિકન પ્રેસિડેન્ટ ક્લીવલૅન્ડે એ માગણી નકારી, પણ પછી પ્રે. મેકકિન્લિએ ૧૮૯૮ની ૭ જુલાઈએ હાવાઈ ટાપુઓને અમેરિકા સાથે જોડ્યા. ૧૯૦૦માં ત્યાં પ્રથમ ગવર્નરની નિમણૂક થઈ અને ૧૯૬૦માં હાવાઈ ટાપુઓને સંયુક્ત રાજ્યોમાં પચાસમા રાજ્યનો દરજ્જો મળ્યો.

ઈ. ૧૯૬૦ની ગણતરી પ્રમાણે કુલ માત્ર સાડા છ લાખ જેટલી વસતિ ધરાવતા આ ટાપુઓમાં સૌથી મોટો હાવાઈ ૪૦૩૦ ચો. માઈલ જેટલો વિસ્તૃત છે. તે પછી માઉઈ ૭૨૮ ચો. મા., ઓઆહુ ૬૦૪, કાઉઆઈ ૫૫૫, મોલોકાઈ ૨૬૦, લાનાઈ ૧૪૧, નિહાઉ ૭૨ અને કાહુલાવ ૪૫ ચો. માઈલના છે. આમાંના ઓઆહુ ટાપુ પર આ દ્વિપસમૂહનું પાટનગર હોનોલુલુ અને ગત મહાયુદ્ધમાં જાપાને જેના પર ઓચિંતો હવાઈ હુમલો કરી અમેરિકાને ખળભળાવી મૂકેલું એ પર્લ હાર્બર છે.

હાવાઈ ટાપુઓ સમુદ્રતળની કોઈ જ્વાળામુખીય હલચલથી ઊપસી આવ્યા છે. એની ભૂમિ પર્વતીય જ છે, જેમાં મોનાકોઆ (શ્વેત શિખર) આ ટાપુઓમાં સૌથી ઊંચું (૧૩,૭૯૬ ફૂટ) શિખર છે. દરિયાના તળથી માપતાં તો આ શિખર એવરેસ્ટ કરતાં યે સેંકડો ફૂટ ઊંચું ગણાય તેમ છે. તે પછીનું મોનાલોઆ ૧૩,૬૮૦ ફૂટ ઊંચું છે. આ બંને શિખરો હાવાઈમાં છે. મોનાલોઆ (લંબ શિખર) નજીક કિલાનિયા નામે લગભગ ૮ માઈલના ઘેરાવાવાળું દુનિયાનું મોટામાં મોટું જાગૃત જ્વાળામુખી શિખર છે.

અહીંનાં શાંત જ્વાળામુખોમાં માઉઈ ટાપુ




પરનું હાલેઆકાલા શિખર ૨૦ માઈલના ઘેરાવામાં અને ૨૭૨૦ ફૂટ ઊંડું છે અને તેની આસપાસનો ૪૧ ચોરસ માઈલનો વિસ્તાર રાજ્ય રક્ષિત છે. મોલોકાઈ ટાપુ તેના પરની કોઢિયાઓની વસાહત માટે ખ્યાત છે. લાનાઈ ટાપુનો કબજો અનનાસની ખેતી કરતી એક ખાનગી પેઢીના હાથમાં હોઈ તેણે વસાવેલી આદર્શ વસાહતને લીધે જાણીતો છે. ઓઆહુ પર હાવાઈ સમૂહનું પાટનગર અને મુખ્ય બંદર હોવા ઉપરાંત દસ ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં ચારે બાજુના ભૂભાગથી સુરક્ષિત પર્લ હાર્બરનું સુંદર કુદરતી બારું હોઈ ત્યાં અમેરિકાના નૌકાકાફલાનું મુખ્ય મથક સ્થપાયું છે.

વિષુવવૃત્તની નજીક હોવા છતાં હાવાઈનું હવામાન ઘણું સરસ છે. પવનના ઝંઝાવાતો ને ભયંકર તોફાનોથી મુક્ત આ ટાપુઓ પર આકરા ઉનાળામાં યે ૮૫° ફેરનહાઈટ અને કાતિલ શિયાળામાં યે ૬૦° ફે. જેટલું ઉષ્ણતામાન પણ જવલ્લે પહોંચે છે. વર્ષના દસેક મહિના તો ઈશાની પવન રહે છે. પર્વતીય પ્રદેશ હોઈ એની

સાનફ્રાન્સિસ્કો છોડ્યા બાદ લાગે કે આપણે અમેરિકા છોડ્યું. પણ તે રાજકીય દૃષ્ટિએ બરાબર નથી. કારણ, હાવાઈ અમેરિકાનું એક અંગ છે. જોકે ત્યાંની મૂળ પેદાશ, રહેણીકરણી વગેરેનો અભ્યાસ કરો તો તો આપણે એશિયા ખંડમાં આવી ગયા છીએ એવું લાગ્યા વિના રહે નહિ. સરજનહારે પૃથ્વી પટ ઉપર ખંડેખંડને પ્યાદાં બનાવી, એના અગનકોઠા સળગાવવાની યા જળફૂકડી બનાવવાની ગમે તે રમત રમી હોય, એનો તાગ હજી કોઈ પામી શક્યું નથી. મનુષ્ય ફાંફાં–વલખાં મારે છે, એ ઠીક સાહસ છે. પરંતુ આપણે વાત કરતા રહીએ અને એ નવી આસમાની-સુલતાની એ કરી નાખે એ પરિસ્થિતિ હકીકત હોઈ અત્યારે તો આપણે હાવાઈ ટાપુઓ ઉપર પગલાં માંડીએ.

નવી જ સૃષ્ટિ. પહાડ, વોંકળા, ઝાડપાન, જૂના રાજાનો મહેલ, ત્યાંની વસાહતોના નમૂના, પોલિનેશિયન સંસ્કૃતિનાં કેન્દ્રો, સંગ્રહસ્થાનો, એમનાં નૃત્યો એવું એવું પહેલે તબક્કે અઢળક પ્રચારપત્રો થકી જાણવા મળે. પરંતુ જરા ઊંડો વિચાર કરતાં જણાય કે જે મનુષ્ય આવી સંસ્કૃતિને સાચવી રાખવાની વાતો કરે છે, તેના બાપદાદાઓએ એ સંસ્કૃતિને ઉચ્છેદવાની, ત્યાં પોતાનો પગદંડો જમાવવાની ક્રિયા કરેલી જ હોય. જ્યાં જુઓ ત્યાં આ ચરખો સદાકાળ ચાલ્યો જ આવે છે, ને આજનો માનવી વળી છક થઈ આવાં બધાં સંગ્રહસ્થાનો કુતૂહલ-દૃષ્ટિથી, પોતાના જ્ઞાનમાં કંઈક નવા જ્ઞાનનો ઉમેરો કરતો હોય એમ નિહાળે પણ છે.

હાવાઇ ટાપુ પર ફળો ઢગલાબંધ મળે છે. કેવળ દૂધ અને ફળાહાર પર અહીં જીવી શકો. અમુક પ્રકારની વનસ્પતિના રેસાના ટૂંકા ઘાઘરા પહેરી, માથે ફૂલના હાર બાંધી કેડકમ્મર લચકાવી નાચતી, ચમકતી આંખવાળી યુવતીઓ પણ ઠેર ઠેર જોવા મળે. ખુલ્લા મેદાનમાં રોજ સાંજે આવી પોલિનેશિયન શૈલીમાં, ક્યાંક ભેળસેળ, ક્યાંક શુદ્ધ, એવા નાચ-જલસા જોવા મળે. ફાવે તો ત્યાં મૂકેલા બાંકડા ઉપર બેસીને જુઓ યા ક્યાંક ટોળામાં ઊભા રહીને જુઓ. આસપાસ નાનીમોટી દુકાનો અહીંની જૂની સંસ્કૃતિ પ્રમાણે આજની બનાવટો વેચે તે લઈ જાઓ. આવું ખરીદનારા પ્રવાસીઓના રોજ અહીં ઢગલા ખડકાય છે, ખરીદી ચાલે છે, હોનોલુલુ—હાવાઈ જઈ આવ્યાનો સંતોષ લેવાય છે. બાકી ફુરસદ હોય, પૈસા હોય, એકબે મળતા સ્વભાવના સારા સાથીદારો હોય તો આ સાતઆઠ ટાપુઓના ઝૂમખામાં જ્યાં નવી સંસ્કૃતિનો ઓછામાં ઓછો પગપેસારો થયો છે એવા આઘેના ટાપુમાં જઈ વસવાથી આખો માનસિક ક્રિયાપ્રક્રિયામાં નવેસરનો પલટો આવશે એ નિર્વિવાદ છે. હોટલ-બોટલ છોડો. ત્યાંની ગિરિકુંજો, હિમપગથારો અને ઊછળતાં



ઈશાને હવામાંનો ભેજ ઠરી જતાં સામી બાજુએ ઓછો ને ક્યારેક નહિવત્ વરસાદ પડે છે. આથી જ્યાં પડે છે ત્યાં વર્ષે ૨૦૦ ઇંચ જેટલો અને જ્યાં નથી પડતો ત્યાં વર્ષે ૨૦-૩૦ ઇંચ જેટલો જ વરસાદ પડે છે! વરસાદનો આવો મોટો તફાવત અન્યત્ર જોવા મળતો નથી. ઉનાળા સિવાય વરસાદ ગમે ત્યારે આવે છે. અહીંના ઓછા વરસાદવાળા સ્વચ્છ હવામાનનું પશ્ચિમના ઠંડા મુલ્કના લોકોને ઘણું આકર્ષણ છે.

પર્વતોની એક બીજી અસર ઊંચાઈ સાથે ઉષ્ણતામાનના તફાવતની છે. ૨૫૦૦ ફૂટથી નીચેના પ્રદેશમાં ઝાકળિયું ધુમ્મસ થતું જ નથી, તો ૪૦૦ ફૂટની ઊંચાઈએ પણ ક્વચિત જ જોવા મળે છે. એથી ઉપર ક્યારેક ને ૬૫૦૦ ફૂટ પછી બરફ જોવા મળે, ૯૦૦ ફૂટની ઊંચાઈએ ધુમ્મસ અને બરફ નિયમિત દેખાય અને એથી યે ઊંચે બારેમાસ બરફ છવાએલો રહે. આમ, વરસાદની પેઠે આ તફાવત પણ ઘણો મોટો છે.

વિષુવવૃત્તીય ગાઢાં જંગલોથી માંડીને સપાટ મેદાનો ઉપરાંત રણ જેવા વેરાન વિસ્તાર પણ આ ટાપુઓ પર જોવા મળે છે. હાવાઇ ટાપુમાંના નૅશનલ પાર્કમાં એક 'ફર્ન વન' છે જ્યાં ૫૦ ફૂટ ઊંચાં ફર્ન વૃક્ષો થાય છે. અહીંની પુષ્પસૃષ્ટિ તો અજબ વૈવિધ્ય અને રંગભરી છે.

જમીનમાં કંઠારનો નીચો પ્રદેશ ને ખીણો ઘણી ફળદ્રુપ છે, જેમાં મુખ્યત્વે અનનાસ અને શેરડીનું વાવેતર થાય છે લગભગ અઢી લાખ એકરમાં વવાતી શેરડીનો અહીં ૧૮-૨૦ મહિને પાક લેવાય છે, જે અમેરિકાની વાર્ષિક પાકની શેરડી કરતાં ત્રણ ગણો છે. વર્ષે લગભગ ૭ થી ૧૦ લાખ ટનનો ફાલ ઊતરે છે.

દુનિયાભરના અનનાસના પાકમાંથી ૮૦ ટકા જેટલો પાક અહીં આ ટાપુઓમાં જ થાય છે. અને તે યે માત્ર પ્રમાણની દૃષ્ટિએ જ નહિ, ગુણવત્તાની દૃષ્ટિએ પણ અગ્રિમ રહે છે.

આ બે મુખ્ય પેદાશ ઉપરાંત અહીંથી કૉફી, મધ, સિસલના રેસા, કેળાં, ચોખા, તમાકુ, કપાસ, ઊન અને ચામડાંની પણ નિકાસ થાય છે. પણ ખાંડ અને અનનાસ પછી હાવાઇ ટાપુઓની મોટી આવક તો દેશવિદેશના પ્રવાસીઓની આવનજાવનમાંથી થાય છે.

અહીંની ૬૦ ટકા જમીન વિશાળ જાગીરોના કબજામાં છે; દસ ટકા જમીન તો એકલી બિશપ એસ્ટેટ પાસે જ છે, જેના પર વિવિધ પરોપકારી પ્રવૃત્તિઓ સાથે વાર્ષિક દસેક લાખ ડૉલરની આવકવાળી કામેહામેહા શાળા ચાલે છે. સરકાર પાસેની ૪,૨૯,૦૭૬ એકર જમીનમાંથી ૩,૭૩,૩૮૪ એકર તો નૅશનલ પાર્ક તરીકે સુરક્ષિત છે અને ૫૫,૫૫૯ એકર અમેરિકાના નૌકાદળના કબજામાં છે.

અહીંની પ્રજામાં તળ વાસીઓ તો ઘણી ઓછી સંખ્યામાં છે. અર્ધ ઉપરાંતની પ્રજા ચીન-જાપાનની છે. તે પછી ચોથાથી યે ઓછા ભાગના ગોરાઓ છે. જ્યારે આ ટાપુઓ શોધાયા ત્યારે પૉલીનેશિયન જાતિની અહીંની પ્રજા પોતાનું આગવું સાહિત્ય અને રાજ્યવ્યવસ્થા ધરાવતી હતી, પણ કાળાનુક્રમે એમાં પચરંગીપણું અને સંકરતા વધતી ગઈ. આજે યે મોટા ભાગના આદિવાસીઓ પ્રૉટેસ્ટંટ ક્રિશ્ચિયન હોવા છતાં એમના રસમો-રિવાજમાં એમના અસલી ખયાલોની સેળભેળ પણ જોવા મળે છે. □

ઝરણાં ને બાજુમાં પોણા ઓલવાએલા જ્વાલામુખીઓ દોડાદોડ કરીને જોવામાં મજા નહિ આવે. સૂર્યની અવનવી તેજછાયામાં દરિયાનાં પાણી અને ગગનનો ચંદરવો જે રંગો બદલે છે એ જોવામાં તલ્લીન તમને બહુ ઓછા મળશે. જે મળશે તે એ સુંદર આહ્લાદક દૃશ્યોનાં છાપ્યા હુઆ પોસ્ટકાર્ડ ખરીદીને ગજવામાં મૂકનારા મળશે.

હોનોલુલુ ઊતર્યા બાદ ત્યાંની ખાણીપીણી, ત્યાંનું છાપકામ, ત્યાં આજુબાજુ ફરવાની પ્રવાસયોજના, ત્યાંનાં નાટક-સિનેમા-નૃત્યો બધું બરાબર, પણ ટાપુની વચગાળે અડીખમ ઊભેલા પહાડની ગોદમાં ઈસ્ટ ઍન્ડ વેસ્ટ યુનિવર્સિટીનું કૅમ્પસ એક અનુપમ યોજના થકી ઊભી કરેલી વસાહત છે, તે જોવા જેવી છે. હાવાઈ ઉપર જેમ્સ મિચનેરે 'હાવાઇ' નામની જ એક બહુ સુંદર નવલકથા લખી છે. તે ઉપરાંત 'રીટર્ન ટુ પૅરૅડાઈઝ' નામના પુસ્તકમાં તાજગીદાર લખાણો એણે આપ્યાં છે. એની કલમ આગળ હું એમાંથી કંઈક તારવું કે ઉતારા કરું એનો શો અર્થ? પણ એ વાંચશો તો આ ટાપુઓમાં પણ કેટલાક વીરલાઓ જીવી ગયા છે તે જાણવા મળશે. વાર્તા કહેવાની કળામાં ચતુર એવા લાંગડેલનો દાંત દુખવા આવ્યો ત્યારે, વર્ષે એકાદ વાર દાંતનો દાક્તર ફરકે એવા આ ટાપુમાં એકાદ દાક્તરે એનો દાંત ખેંચી એને રાહત આપવા ગોઠવણ કરી, પણ આપણા આ ધૂનીએ દાંતની ઉપરનો ભાગ પોતાને હાથે ભાંગી નાખી એની ઉપર જિંદગી સુધી રોજ કાર્બોલિક ઍસિડનાં બબ્બે ટીપાં મૂકીને જ પોતાનું જીવન ગુજાર્યું. એ ઍટૉલ ટાપુનો રહેવાસી. એવા ત્યાંના નાના મોટા ટાપુની પ્રજા સાથે રહીએ તો આવી જાતજાતની વ્યક્તિઓ વિષે જાણવા મળે, અને આપણે જે જીવન જીવીએ છીએ, એથી અદકું જીવન જીવનારા ય છે એની જાણ થાય.

મારું ચાલે તો હું ટાહિટી ટાપુ પર જાઉં. કહે છે કે ત્યાં વૃદ્ધ વ્યક્તિઓ માટે પૅન્શનની પ્રથા જ નથી. કેમ, તો કે ઘરડા માણસોની લોકો જ બધી સંભાળ લે છે. એ પ્રજા જાણે છે કે સૌ કોઇને ઘડપણ આવવાનું છે. ટાહિટી છસો ચોરસ માઈલનો ટાપુ, પણ એના પર્વતો જોવા જેવા છે. જેમને ત્યાં બાળકો ન થતાં હોય એને ત્યાં જઇ પોતાનું બાળક આપી આવે, એવો સમાજ! લોકો હમેશાં હસતા. આજે કંઈ કોઇનો ગુનો થાય તો કાલે માફ, ભૂલી જવાનું. ચિત્રકાર ગૉગાંએ ટાહિટીમાં વસીને અનેક સુંદર ચિત્રો ચીતર્યાં છે. પણ ટાહિટી શી રીતે જવાય? અનેક અડચણો નડે એમ છે. એટલે એવી કલ્પનાને બાજુએ રાખી ઈસ્ટ ઍન્ડ વેસ્ટ યુનિવર્સિટીમાં જ જઇએ.

મારે અહીં બે જુદીજુદી સભાઓમાં ભાષણ કરવાનાં હોવાથી ઘણું



હાવાઈ નૅશનલ પાર્કમાં ધગધગતો લાવા ઓકતું એક જાગૃત જ્વાળામુખ–'હાલેમાઉમાઉ ફાયરપિટ.'

જાણવાનું મળ્યું. હિંદનાં ઘણાં ભાઈબહેનો—ખુદ વડોદરા, અમદાવાદ, સૂરતના ભાઇઓ મળ્યા. અહીં અધવચ્ચે જાપાનીઝ ગાર્ડન બનાવી આસપાસ વિદ્યાર્થીઓ માટે વાંચવા, ખેલવાનું કેન્દ્ર જુઓ કે ત્યાં ફરો તો આંખ અને હૈયું ઠરે. શરૂ થતી ગિરિમાળાની થોડી ઊંચાઇએ ઢોળાવ પર આ આખો કૅમ્પસ અત્યંત રમણીય લાગે છે. અલબત્ત નીચેનું શહેર દેખાય, ઉપરનાં શિખરો ન દેખાય; તોપણ એ સ્થળની ભૂરકી માણવા જેવી છે.

અહીં અગત્યની એક વાત એ છે કે આઠ-દસ દેશના નાટકકાર, કવિ, નવલકથાકાર, ચિત્રકાર, શિલ્પી કે સુથારીકામમાં અવનવા નમૂના બનાવનાર એવા કલાકારને અહીં દર સાલ રહેવા માટે નોતરવામાં આવે છે. એક વર્ષ એ અહીં આવે અને રહે, ખાય-પીએ ને હરેફરે. કશાં બંધન નહિ. પણ વર્ષભરમાં એણે પોતાની કૃતિ અહીં સરજવાની. વાર્તા લખે, કવિતા રચે, નવા ઘાટનાં ટેબલ-કબાટ-ખુરશી બનાવે યા નાટકો લખે; કંઈ પણ, એને જે ગમે તે સરજે. અને તેના ઉપર હક્ક એના સર્જકનો. ચાહે તો એ સાથે લઈ જાય, અન્યત્ર છપાવે કે પોતે એ વેચીને કમાઈ ખાય, એને જેમ ઠીક લાગે તેમ કરે. એવું આ ઇન્ટરનૅશનલ કલાકારકેન્દ્ર છે.

જેમણે આ યોજના ઘડી એમને હજારહજાર વાર ધન્યવાદ! ક્યાંય કશો સ્વાર્થ નહિ, ક્યાંય કશી જોહુકમી નહિ. કલાકારને સંપૂર્ણ છૂટ. ફાવે ત્યાં ફરે, જુએ, વિચારે અન્ય કલાકારો સાથે ચર્ચાવાર્તા કરે. પરંતુ ત્યાં જવા માટે પસંદગી પામીને જાય તેની ચૂંટણી કોણ કરે? આ યોજના ચલાવનારી વ્યક્તિઓ તો દર સાલ દરેક દેશમાં આંટાફેરા ન જ મારે. એટલે એમણે એક વાત નક્કી કરી કે દરેક દેશને લખવું. તે દેશ પોતાના એક યા બે કલાકારનાં નામો સૂચવે, અને પછી એમની લાયકાત જોઈ આ લોકો કુલ દસ યા બારની પસંદગી કરે. આ વાત બરાબર છે. એ જાણી અમે રામ એમના વ્યવસ્થાપકોને મળવા ઊપડયા. એમાંના એક સાહેબ મારા જૂના ઓળખીતા નીકળ્યા. વાતે વાતે વાત મળે, એમ આ આખી યોજના જાણ્યા બાદ, એ કેન્દ્રમાં ફર્યા બાદ, એમનાં નિવાસસ્થાનો જોયા બાદ અમે રામે પૂછયું કે આ જે અહીં છે એમાં ભારતના કોઈ મહાપુરુષ છે ખરા? તો કહે હમણાં નથી, પણ બે મહાનુભાવો આવી ગયા છે ખરા. કુદરતી રીતે ઇંતેજારી થઈ. કોણ હશે? કોઈ ટાગોર જેવા, કોઈ સરોજિની નાયડુ જેવા કવિ; કોઈ હુસેન જેવા, નહિ કિશોર નહિ વૃદ્ધ એવા ચિત્રકાર; કોઈ રવિશંકર જેવા સિતારવાદક; કોઈ દ્વિજેન્દ્રનાથ કે શંભુ મિત્ર? કોણ હશે એ ભારતની શાન શોભા વધારનાર વ્યક્તિ? તો ખબર કાઢી એમણે જરા કટાણું મોં કરી કહ્યું: બંને સિવિલ સર્વિસના તાજા રીટાયર થએલા દફતરદારો! મેં નામ પૂછયાં તે એમણે જણાવ્યાં પણ ખરાં, અને એ જાણીને અમે રામ નિરાશ પણ થયા. સરકારી ખાતામાં જેવો અહીંથી કાગળ ગયો કે ખાતાના આ હોદ્દેદારોએ પોતાનાં નામો પેશ કરાવેલાં. વાત પણ સાચી. આઈ. સી. એસ. ખાતામાં માતૃભૂમિની કામસેવા બજાવી થાકી ગએલી આ વ્યક્તિઓને આરામ માટે આથી સારું બીજું કયું સ્થાન મળે? વર્ષભર હરેફરે, ધૂનમાં આવે તે કરે. વળી, ભારતમાં આ ખાતાના હોદ્દેદારો સિવાય બીજા કોઈ ક્ષેત્રમાં કામ કરનારા કલાકારો છે જ ક્યાં? જેમને આ નામ જાણવાં હોય તે મને લખશે તો જણાવીશ.

અહીં ઇન્ડોનેશિયાના એક વૃદ્ધજન મળ્યા. અસલ જૂના કારીગર. હાથમાં લાકડું આવે કે તુરત એમાંથી કંઈક ઘાટદાર સુંદર આકાર સરજી દે. એનો ઠગલો જોઈ હું તો દંગ થઈ ગયો. પોતાના દેશમાં ગરીબ; કોઈ નાની ગલીમાં રહેતો; પણ ત્યાંની સરકારે ખાસ ખોળી કાઢી એને અહીં મોકલ્યા હતા. પોતાના દેશની શાન વધારી, અને હવે પછી કોઈ કિશોરને અહીં મોકલવાના છે એ પણ જાણ્યું. પરંતુ ભારત જેવા વિશાળ દેશમાં કલાકારોના વાંખા તે આવા અધિકારીઓ આમ લાભ લઇ લે. દેશને તો ફાયદો થાય જ નહિ અને ઉપરથી આબરૂ ઘટે. એવાઓને સજા પણ કોણ કરે? આ પરિસ્થિતિ જાણી ખાટા મને હું ત્યાંથી નીકળ્યો. પણ એમ મનને ખાટું કર્યે શું થાય? આવા કંઈ એકાદ બે કિસ્સા થોડા છે? આ જ લખાણમાંની પેલી હૉલૅન્ડની શકુન્તલાના નાટકના વાંધાની વાત યાદ કરો. આખું પુસ્તક લખાય એટલા કિસ્સા છે, ત્યાં મન ખાટું કર્યે શું?

બહુ ફર્યા. લાગ્યું કે અહીંનાં ઘણાં જૂનાં નામો ભારતની દસ્ય ભાષાનાં તેમજ સંસ્કૃત પરથી આવેલાં હશે. પરંતુ આખા પ્રદેશની સિકલ ટુરિસ્ટો પ્રવાસીઓ માટે જ બનાવી હોય એમ લાગે. દરેક કામ કસબ કરનારાઓની દુકાન કશી મહેનત કર્યા વિના હોટેલના આંગણે જ. તાડછાની ટોપીથી માંડી માગો તે વસ્તુ મળે. લઈ લ્યો, અને 'અમે હોનોલુલુ બે ઉપર ગ્યા'તા ન્હાવા રે લોલ' ગાતા જાઓ.

એક ખાનગી નાની મંડળી સાથે એક દિવસનો વૉલ્કેનો હિલો જોવાનો પ્રવાસ ખેડયો. હજી ત્યાં લાવા રસ લથડાય છે, ઠરીને કાળામીંઢ પથરા જામતા જાય છે. અહીં તમારાબીનો માટે 'વૉલ્કેનો હાઉસ' બનાવ્યું છે. એમાં પૃથ્વીના પેટાળમાંથી નીકળતી વસ્તુઓનું પ્રદર્શન ગોઠવ્યું છે. ગોઠવણી આકર્ષક; ઉપર વળી જાતજાતની રોશની એટલે વધારે આકર્ષક લાગે. નવાઈની વાત કે આ એક વખતના ધગધગતા લાવા-અંગારાવાળી જગ્યામાં પણ વિવિધ પ્રકારની વનસ્પતિ ઊગી છે; મસ મોટા કદનાં ઝાડપાન પણ પથરાએલાં નજરે પડે છે. ગંધક તો ચારેકોર સોડાય. અહીં રહીએ તો ગંધકમય બની જઈએ! માનવે પોતાની અક્કલ થકી અહીં ઝાડ ન રોપ્યાં હોત તોપણ ત્યાં ઘણે ઠેકાણે કુદરતે પોતે જ બેનમૂન રીતે ઝાડપાન ઉગાડયાં છે, તે જોઈ આપણને લાગે કે માનવીએ પોતે કોઈ સુંદર યોજના કરી છે, એવી ખાંડ તે ખાતો હોય તો ભલે ખાય; બાકી અહીં કુદરત પાસે પણ હજાર હાથ છે અને એણે આગ પાણી વાયુ ધરતી પ્રકાશના પંચમહાભૂતમાંથી અસંખ્ય સર્જનો કર્યાં છે.

અને આખરે જવાનો દિવસ આવ્યો. સવારે નાસ્તો લઈ એરપોર્ટ ઉપર. અમેરિકાની છેલ્લી ભોમકા છોડી. છોડતાં પહેલાં કશી જાણ વિના, સવા દોઢ વરસની જે સ્ટેટની વિસા અહીં પૂરી થતી હશે, તે એક અફસર મારી પાસે આવ્યો. અહીંથી હતી તો જાપાનીઝ એર લાઈન્સમાં મુસાફરી. મારું નામ પૂછયું. હું ઊભો હતો ત્યાં જ પાસપોર્ટ માગ્યો. અંદર પિન કરી ચોડેલો વિસા હળવેથી કાઢી લઈ, 'તમને અહીં ગમ્યું જ હશે' કહી ચાલતો થયો. જે સાઠ-સિત્તેર મુસાફરો જતા હતા એમાં અમારા જેવાં જે બેત્રણ હતાં, તેની પાસેથી એ રીતે પ્લેન ઉપર જવાને પાંચેક મિનિટ હશે તે પહેલાં કાગળિયાં લઈ એ અફસર ચાલતો થયો. ન સ્ટાંપ, ન છાપ, કે ન વધુ પૂછપરછ. અલબત્ત, અમેરિકામાં દાખલ થયો હતો ન્યૂયૉર્કમાં, અને ત્યાંની ભૂમિ છોડતો હતો હાવાઈના બંદરેથી! પણ પાકી ગોઠવણ હશે, તે અહીં દોઢ સેકન્ડમાં આ અફસરે વિધિ પતાવી દીધી ને અમે દસેક મિનિટ બાદ 'જાપાન–લૅન્ડ ઑવ ધ રાઇઝિંગ સન'ના પ્લેનમાંથી સ્વચ્છ સાગરમાં મલકતા હાવાઈ ટાપુઓ જોતા રહ્યા. (ચાલુ)

સાહિત્યસંપર્ક

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષરદેહ–૨૧ : મહાત્મા ગાંધીજીની જન્મ-શતાબ્દી નિમિત્તે એ પરમ પુરુષનાં વ્યક્તિત્વ અને કાર્યને જે ઉચિત અર્ધ્ય આપવાના પ્રશસ્ય પ્રયત્નો થયા છે તેમાંનો આ પણ એક છે. આ પુસ્તકમાં ૨૧મી ઑગસ્ટ '૨૧ થી ૧૪મી ડિસેમ્બર '૨૧ સુધીના સમયગાળાનાં મહાત્માજીનાં ભાષણો, લખાણો, પત્રો વગેરેનો સંચય કરવામાં આવ્યો છે. હિંદની સ્વતંત્રતા માટેની મહાત્માજીની નિશદિન ચિંતા કેવી હતી તેની ઝાંખી આ લખાણો કરાવે છે. કોમી તોફાનો, ગોરાઓ સામેની હિંસક પ્રવૃત્તિ ઍન્ડ્રુઝ-ટાગોર જેવાઓનો અસહકાર સામેનો પ્રતિકૂળ પ્રતિભાવ, આ બધું ગાંધીજીની શ્રદ્ધાને ચળાવવા મથતું હતું. પરંતુ એ ધીર પુરુષ સર્વ ઝંઝાવાતોની સામે અણનમ શ્રદ્ધાવાનથી જે ઝૂઝ્યા તેની ઝાંખી અહીં થયા વગર રહેતી નથી. એમનાં તાટસ્થ્ય, હૃદયની મૃદુતા, પ્રકૃતિ-પ્રેમ, માનવપ્રેમ, સત્યપ્રીતિ, અહિંસામાં શ્રદ્ધા, સ્વરાજ્ય માટેની ઉત્કટ ઝંખના વગેરેની અહીં સુપેરે પ્રતીતિ થાય છે. સરળ પણ ચોટદાર ગદ્ય, તાર્કિક દલીલશક્તિ, નિરાડંબરી નિખાલસ અભિવ્યક્તિ એમનાં આ લખાણોમાં આગળ તરી આવે છે. જેમણે એ કાળ જોયો નથી તેમને અને જેઓએ એ અનુભવ્યો છે તેમને પણ આ સ્મૃતિ સ્વરાજ્યની આપણી લડતના ઐતિહાસિક તબક્કાનો રોમાંચક આનંદ આપી રહેશે. પાકું પૂઠું; પૃ. ૫૪૭, રૂ. ૧૬॥.

મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ–પુસ્તક ત્રીજું : ગાંધીજીના તત્ત્વજ્ઞાનને યથાતથ પામનાર અને પચાવનાર એમના અંતેવાસી સમા પ્યારેલાલે આ પુસ્તકમાં રાષ્ટ્રપિતા ગાંધીજીનાં છેલ્લાં વર્ષોના અશેષ કારકિર્દી–કાળનું વિવેકપૂર્વક નિર્ભય નિરૂપણ કર્યું છે. આમ. ડૉ. રાજેન્દ્રપ્રસાદે કહ્યું છે તેમ, આ ગ્રંથ ગાંધીજીના 'સત્યના પ્રયોગો'નો પૂરક ભાગ બની રહે છે. જે પ્રયોગોએ એમને ઘડ્યા અને તદનુસાર એ જે રીતે પાછલાં વર્ષોમાં વર્ત્યા તેની કીર્તિકથા અહીં આપવામાં આવેલી છે. જીવનની કાર્યરીતિ દરમિયાન કેવીકેવી કપરી કસોટીમાંથી ગાંધીજીને પાર પડવું પડ્યું હતું તેનો ખયાલ આ પુસ્તકમાંથી આવી રહે છે. સ્વરાજ્ય મળ્યા પછી પણ પોતે ઝંખેલા આદર્શ સ્વરાજ્યને માટે જીવનના છેલ્લા શ્વાસ સુધી એ કેવી રીતે ઝઝૂમ્યા તેની આ સાત્ત્વિક યુદ્ધકથા છે. હિંદુ-મુસ્લિમ એખલાસ અને અહિંસામાં જ વ્યક્તિ, સમાજ, રાજ્ય ને રાષ્ટ્રનો ગૌરવવંતો અભ્યુદય છે એવી એમની દૃઢ પ્રતીતિને પ્યારેલાલે સારી રીતે અહીં બિરદાવી છે. ગાંધીજીના વ્યક્તિત્વ, કાર્ય અને તત્ત્વવિચારને અશેષપણે પામવા માટે એમની 'આત્મકથા'ના અનુસંધાનમાં આ ભાગો વાંચવા જ રહ્યા. આ પુસ્તકનો સુભગ ગુજરાતી અનુવાદ પણ મણિભાઈ. ભ. દેસાઈની કલમે મૂળને ન્યાય આપી રહે તેવો થયો છે એ આનંદની વાત છે. પાકું પૂઠું: પૃ. ૫૭૩; રૂ. ૧૨.

વાત્સલ્યમૂર્તિ બાપુ: ગાંધીજીને મુખ્યત્વે રાજકીય પુરુષ, વિચારક, પ્રયોગવીર તરીકે સહુ જાણે-માણે છે. પરંતુ એમનામાં હૃદયવત્સલતા પણ અપરંપાર હતી તેની ઝાંખી આ નાનકડી પુસ્તિકામાં કરવામાં આવી છે. નાના-મોટા, દેશી-પરદેશી, દૂરના-નજીકના કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર એમના વાત્સલ્યની અમીધારા સહુ પર એકસરખી વરસતી હતી તેની ખાત્રી આ પુસ્તકમાં નિરૂપાએલા પ્રસંગો કરાવી આપે છે. ગાંધી-વિચારધારાના દૃઢ અનુયાયી, મધ્ય પ્રદેશના પ્રથમ કક્ષાના ગાંધીવાદી વિચારક કાશીનાથ ત્રિવેદીના મૂળ હિંદી પુસ્તક 'બાપુકી વિરાટ વત્સલતા'નો આ સુરેખ ગુજરાતી અનુવાદ બાલુભાઈ પારેખે કર્યો છે. કરુણાસભર વત્સલતાના આ પ્રેરક પ્રસંગોની રોચક રજૂઆત નાનામોટા સહુ વાચકોને આનંદ આપે એવી છે. કાચું પૂઠું; પૃ. ૯૬; રૂા. ૨.

આવા હતા બાપુ!: માનવજીવનને ઉન્નત બનાવવા બાપુજી અવિરતપણે પ્રયત્નશીલ રહ્યા હતા. એમનાં વિચાર-વાણી-આચાર માનવજાત માટે હમેશાં અમૂલ્ય સંહિતા રૂપ બની ગયાં છે. એમના જીવનના પ્રેરણાદાયી પ્રસંગોને સોમેશ પુરોહિતે અહીં વાર્તાદેહ આપ્યો છે. અહીં રજૂ થએલી દસ પ્રસંગવાર્તાઓ ગાંધીના ભવ્યોદાત્ત વ્યક્તિત્વની ઝાંખી

શબ્દકથા : 'પૂર્વસંધ્યા' · 'ઇવ'

અંગ્રેજી ભાષાના ગાઢ પ્રભાવે છાપાંઓ દ્વારા ફેલાતા ઘણા તરજુમિયા પ્રયોગો ગુજરાતીના બંધારણ અને શબ્દભંડોળને કથળાવવાનું કામ કરે છે અને ભાષાના વ્યવહારમાં ગૂંચવણો ઊભી કરે છે. એનું તદ્દન તાજું ઉદાહરણ તે 'પૂર્વસંધ્યા' શબ્દનો વિશિષ્ટ પ્રયોગ. છાપાંમાં અને રેડિયો પરથી પ્રસારિત સમાચારોમાં 'સ્વાતંત્ર્યદિનની પૂર્વસંધ્યાએ' એવો પ્રયોગ હમણાં જ ધ્યાનમાં આવ્યો. 'ઑન ધી ઈવ ઑવ ધી ઇન્ડિપેન્ડેન્સ ડે' એ અંગ્રેજી પ્રયોગનો જ આ અનુવાદ છે.

અંગ્રેજીમાં 'ઈવન' શબ્દ કેવળ કાવ્યભાષામાં 'સાંજ'ના અર્થમાં વપરાય છે. તેનું ટૂંકું રૂપ 'ઈવ' પણ તે જ અર્થમાં પહેલાં પ્રચલિત હતું. હવે તે છૂટું નથી વપરાતું, પણ 'ઑન ધી ઇવ' એવો રૂઢિપ્રયોગ પ્રચલિત છે, અને તેનો અર્થ છે 'કોઈ મહત્ત્વના દિવસની આગલી સાંજ કે દિવસ; કોઈ પણ પ્રસંગ કે ઘટનાનો તરતનો પૂર્વવર્તી સમયગાળો.' આમાંના પહેલા અર્થનો આધાર લઇને ઉક્ત અંગ્રેજી પ્રયોગમાં 'ઈવ'ને સ્થાને 'પૂર્વસંધ્યા' શબ્દ યોજાયો છે. પણ આમાં 'સંધ્યા' અને 'પૂર્વસંધ્યા' એ શબ્દોના અર્થના અજ્ઞાને જ કામ કર્યું છે. 'સંધ્યા' સામાન્ય રીતે 'સાંજ'ના અર્થમાં વપરાય છે. ('સંધ્યાપૂજા', 'સંધ્યા કરી' જેવામાં મળતો 'સંધ્યા'નો લાક્ષણિક અર્થ અહીં પ્રસ્તુત નથી.) પણ તેનો મૂળ અર્થ છે 'દિવસ અને રાતનો કે રાત અને દિવસનો સંધિકાળ'. એટલે કે સવાર અને સાંજ બંને માટે 'સંધ્યા' વપરાય અને આવો વ્યાપક અર્થ લક્ષમાં હોય ત્યારે વિશિષ્ટ અર્થ માટે વિશિષ્ટ સમયવાચક શબ્દ તેની સાથે જોડવામાં આવે છે: 'સાયંસંધ્યા' એટલે 'સાંજ' અને 'પ્રાતઃસંધ્યા' એટલે 'સવાર'. જોડણીકોશે પણ આ બંને શબ્દો આપ્યા છે.

આમ 'સંધ્યા' એક નહિ પણ બે છે અને સવાર પહેલી હોવાથી તે 'પૂર્વસંધ્યા' કહેવાય છે. 'પૂર્વસંધ્યા'નો અર્થ 'પૂર્વવર્તી કે આગલી સંધ્યા' એવો થાય, 'આગલા દિવસની સંધ્યા' એવો નહિ.

'વિષ્ણુપુરાણ'માં વિષ્ણુએ કૃષ્ણ રૂપે જન્મ લીધાની ઘટના એક સુંદર રૂપક દ્વારા જે શ્લોકમાં (૫, ૩, ૨માં) રજૂ કરેલી છે તેમાં 'સવાર' એવા અર્થમાં 'પૂર્વસંધ્યા' શબ્દ વાપરેલો છે:

> તતોઽખિલ-જગત્-પદ્મ-બોધાયાચ્યુત-ભાનુના।
> દેવકી-પૂર્વસંધ્યામાવિર્ભૂતં મહાત્મના॥

'તે પછી સમગ્ર જગત રૂપી કમળને ખીલવવા (જગાડવા) માટે ભગવાન વિષ્ણુ રૂપી સૂર્ય દેવકી રૂપી પૂર્વસંધ્યામાં આવિર્ભાવ પામ્યો—પ્રગટ્યો.'

વિશિષ્ટ દિવસની પૂર્વવર્તી હોવાથી તેને કોઈ પણ સાંજ જેવી 'સાંજ' ન કહેતાં 'સંધ્યા' કહેવી ઠીક લાગે તો પણ 'સ્વાતંત્ર્ય દિનની આગલી સંધ્યાએ' કે 'સ્વાતંત્ર્યદિન પૂર્વેની સંધ્યાએ' એવો પ્રયોગ કરવાથી 'પૂર્વસંધ્યા'ના 'સવાર' એવા અર્થ સાથેની અથડામણ ટાળી શકાશે.

હરિવલ્લભ ભાયાણી

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



'સ્નેહરશ્મિ'

જન્મ: ૧૬-૪-૧૯૦૩, ચીખલી (જિ. સૂરત). ઈ. ૧૯૨૦માં અસહકારમાં શાળા છોડી ગુજરાત વિદ્યાપીઠમાં. રાજનીતિ અને ઇતિહાસના સ્નાતક થઈ અધ્યાપક તરીકે શિક્ષણકાર્યની શરૂઆત. ગાંધીજીવનદર્શન પ્રેરિત સાહિત્યોપાસના, શિક્ષણસાધના અને જીવનવ્યવહાર. સ્વાધીનતાની લડતમાં બધે તબક્કે સક્રિય રીતે ભાગ અને ચાર વર્ષ કારાવાસ. પશ્ચિમ ભારતના શાંતિનિકેતનનું બિરુદ પામેલા શેઠ ચી. ન. વિદ્યાવિહારના એક શિલ્પી અને કર્ણધાર. કવિ ન્હાનાલાલને પુરુષ સૂક્તની યાદ આપે ને કાકાસાહેબ કાલેલકરને દયારામની કવિતાના માધુર્યનું સ્મરણ કરાવે એવી કવિતા તથા આપણા એક કાવ્યપ્રકાર તરીકે હાઈકુના સર્જક. વખતોવખત જુદીજુદી યુનિવર્સિટીઓ તથા સંસ્થાઓના સભ્ય. ગુજરાત યુનિવર્સિટીની સેનેટ અને સિંડીકેટના ચાલુ સભ્ય અને અવારનવાર કાર્યકારી કુલપતિ. ઉત્તમ અધ્યાપક તરીકે રાષ્ટ્રપતિ-પારિતોષિક અને નોંધપાત્ર સાહિત્યસર્જન માટે રણજિતરામ સુવર્ણચંદ્રકના વિજેતા, આગામી ડિસેમ્બરમાં મદ્રાસમાં ભરાનાર ગુજરાતી સાહિત્યપરિષદના ૨૯મા સમ્મેલનના વરાએલા પ્રમુખ.

૧ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પરિષદને સક્રિયપણે સજાગ રાખવા આપ શી શી યોજના દર્શાવો છો?

ઉ. સાહિત્ય બહુજનસમાજની પણ સંપત બને એવી શક્યતાવાળી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે; (૧) નાનાંનાનાં સ્થાનિક જ્ઞાનસત્રો, લોકસાહિત્યમાં ચેતનાનો સંચાર કરતા દાયરા, વગેરે. (૨) પ્રાથમિકથી માંડી ઉચ્ચ કક્ષા સુધીના ભાષાના અધ્યાપકો માટે સાહિત્યના ગ્રીષ્મ વર્ગો. (૩) 'પરબ'ને માસિક બનાવવાની વ્યવસ્થા. (૪) પરિષદે હાથમાં લીધેલાં કામ–જેવાં કે પરિષદ ભવન, પ્રકાશનો વગેરેને પાર પાડવામાં વેગ ઇત્યાદિ.

૨ સાહિત્ય પરિષદ સમય જતાં પાછી એની એ ઘરેડમય બની જાય એવો આપને ભય નથી લાગતો? આ ભયસ્થાન માટે આપ ક્યાં પગલાં લેવા માગો છો?

ઉ. જે પ્રવૃત્તિ 'સંસ્થા'માં પરિણમે તેને આવા ભયનો સામનો કરવાનો આવે જ; પરંતુ પાંગરતી સર્જક પ્રતિભા તથા આયોજનશક્તિને સહજ અભિવ્યક્તિ મળે એવું વાતાવરણ જે સંસ્થામાં હોય ત્યાં ભાગ્યે જ સ્થગિતતા આવવા પામે. આપણી પરિષદે એ દિશામાં ઘણું કરવાનું રહે છે.

૩ શુદ્ધ સાહિત્ય અંગેની આપની વ્યાખ્યા આપશો?

ઉ. સમયના દર્પણમાં પડતા શાશ્વતીના પ્રતિબિમ્બ લાધતી, રસાનુભૂતિએ પ્રેરેલી, સમયને અતિક્રમતી વાણી.

૪ પંડિત યુગ, ગાંધી યુગ ને વર્તમાન યુગમાંથી સાહિત્યની દૃષ્ટિએ આપને કયો યુગ વધારે ગમે છે?

ઉ. પંડિત યુગની સાધના, ગાંધી યુગની આદર્શોપાસના અને આજના યુગની નવી ક્ષિતિજો માટેની શોધ મને એ યુગોની લાક્ષણિકતાઓ જણાઈ છે. એ બધું ઉત્ક્રાન્તિના સહજ ક્રમ અનુસાર હોઈ પ્રગતિનું સૂચક છે; પરંતુ પોતાની આગવી મુદ્રા અંકિત કરતાં વર્તમાને હજુ ઘણું કરવાનું રહે છે.

૫ આપ સફળ આચાર્ય ને આદર્શ કેળવણીકાર છો. શિક્ષણક્ષેત્રને વધારે રસમય, પ્રેરણાદાયી તથા સરળ ને સુગમ બનાવવા આપ શું સૂચવો છો?

ઉ. વિદ્યાર્થીઓ માટે વાત્સલ્ય, સાથીઓ માટે ઉષ્મા ને શ્રદ્ધા, વાલીઓ માટે સદ્‌ભાવ ને આદર શિક્ષણક્ષેત્રે મારાં પ્રેરકબળ રહ્યાં છે.

૬ આપને મન જિંદગી એટલે? ને મૃત્યુ એટલે?

ઉ. નીચેનાં બે હાઈકુમાંથી સંભવતઃ એનો કંઈક ઉત્તર મળે:

ભરું પાણીડાં
સવા લાખની મારી
ચૂંદડી કોરી!

અજાણ્યાં ગયાં
ખૂલી દ્વાર: કલગી
મૃત્યુને કરે.

૭ હાઈકુની વિશિષ્ટતા દર્શાવશો?

ઉ. હાઈકુમાં કવિ વસ્તુને બોલવા દે છે, તે એ રીતે, કે પ્રાણવાન કલ્પન અને અપરિમિત વ્યંજનાઓનાં નવાં નવાણ એમાંથી ફૂટતાં રહે.

કરાવી જાય છે. એમના સાગરશા વિશાળગંભીર વ્યક્તિત્વમાં આપણને ડૂબકી મરાવે છે તો હિમગિરિશૃંગ શા ઉન્નત-ભવ્ય વ્યક્તિત્વની સેર કરાવે છે. વાર્તારૂપે રજૂ થએલા આ પ્રસંગો વિશાળ વાચકવર્ગ સુધી પહોંચી શકવાનું સામર્થ્ય ધરાવે છે. સોમેશ પુરોહિતના મૂળ હિંદી પુસ્તક 'મહામાનવ કે વિવિધરૂપ'નો બાલુભાઈ પારેખે આપેલો આ ગુજરાતી અનુવાદ આસ્વાદ્ય છે. કાચું પૂઠું; પૃ. ૭૫; રૂ. ૧-૮૦.

વોરા ઍન્ડ કંપની

ગાંધી ચેમ્બર્સ • ગાંધી માર્ગ • અમદાવાદ-૧

કોમલ ગાન્ધાર: શિવકુમાર જોષી કલકત્તાવાસી હોવાને લીધે એમની વાર્તાઓમાં ત્યાંની દુનિયા વેશ બદલીને પુનરાવર્તન પામતી રહે છે. એ જ કલકત્તાની દુનિયા વિષેના એમના આ સાતમા વાર્તાસંગ્રહમાં 'આધુનિક' કે 'નવી' કહી શકાય તેવી વાર્તાઓ નથી, પણ આજની અને આજના માનવીની વાર્તા એમાં છે. પાકું પૂંઠું, પૃ. ૩૧૨, રૂ. ૮-૫૦.

શ્રેષ્ઠ નાટિકાઓ: ઉમાશંકર જોષી ને ચન્દ્રવદન મહેતાથી માંડીને મધુકર રાંદેરિયા-ફીરોઝ આંટિયા સુધીના બાર જેટલા સિદ્ધહસ્ત લેખકોનાં એકાંકીઓના, સ્વ. ચુનીલાલ મડિયા સંપાદિત સરસ સંગ્રહના નવીન સંસ્કરણનું પુનર્મુદ્રણ. પાકું પૂંઠું, પૃ. ૨૬૪, રૂ. ૬.

કલા રસદર્શન: એસ.એસ.સી.ના ચિત્રના ચાલુ અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર કરેલું પુસ્તક. પાકું પૂંઠું, પૃ. ૨૨૬, રૂ. ૫-૫૦.

ઉમાશંકર જોષી: એ પ્રથિતયશ કવિ-વિદ્વાનની જુદી જુદી કૃતિઓ વિષેના મનસુખલાલ ઝવેરીના નાનામોટા વિવેચનલેખોનો સંગ્રહ. કાચું પૂંઠું, પૃ. ૧૧૦, રૂ. ૩.

ક્ષિતિજને વાંસવન: જેમને 'કવિલોક'નું ઈ. ૧૯૩૯નું પ્રથમ પારિતોષિક મળેલું તે નવા કવિ યશવંત ત્રિવેદીનાં ૭૮ કાવ્યનો સંગ્રહ. પાકું પૂંઠું, પૃ. ૧૮૮, રૂ. ૫-૫૦.

જ્ઞાનમનનમાળા: વિદ્વાન અને અધ્યયનશીલ સદાચારી પુરુષ મગનભાઈ હરિભાઈ વ્યાસના જ્ઞાનોત્તેજક અને સન્માર્ગદર્શક વિચારો હિંદીના પ્રસિદ્ધ માસિક 'કલ્યાણ'માં પ્રગટ થએલા તે 'જ્ઞાનમણિમાલા' નામે હિંદીમાં પુસ્તકાકાર પામેલા. એ પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ જિજ્ઞાસુઓને જરૂર પ્રેરક થઈ પડશે. સરળ ભાષામાં રજૂ થએલા આ ગંભીર વિચારો જીવનોપયોગી હોઈ જરૂર વાંચી જવા જેવા ખરા. કાચું પૂંઠું, પૃ. ૬૩, રૂ. ૧.

આ ધરતી! આ લોક!: ગોપાલદાસ મ. મોદીની આ પુસ્તિકામાં ચાળીસ પ્રસંગ-

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૬] —— **કરાવનાર · જલન માતરી**



કાબિલ ડેડાણવી

વહોરા કોમના 'ઝવેરચંદ મેઘાણી' તરીકે ઓળખાતા, વક્તૃત્વકળામાં પાવરધા અને સાહિત્યશોખી એવા પિતા તરફથી મળેલા ખાનદાની સંસ્કાર અને ઉત્તેજનથી ગુજરાતી ગઝલને એક શાયર પ્રાપ્ત થયો, જેણે ગઝલો, નઝમો, મુક્તકો અને સૉનેટોનો સુંદર ફાલ ગુજરાતને આપ્યો. એ શાયર ગુજરાતી ગઝલ સાહિત્યમાં કાબિલ ડેડાણવીના નામે ઓળખાય છે.

મૂળ નામ અબ્બાસ મુલ્લાં નૂરભાઈ ડેડાણવાલા. જન્મ મુંબાઈમાં ૧૬-૧૨-૧૯૨૭. અભ્યાસ બી. એ. (ઑનર્સ), એલએલ બી. વ્યવસાય વકાલત. છેલ્લાં ૨૫ વર્ષથી ગઝલોનું સર્જન કરી રહેલા શ્રી કાબિલ ઉચ્ચ કોટિના શાયર તરીકે ખ્યાતનામ છે.

બાળપણમાં 'બહુરૂપી'માં આવતી ડિટેકટિવ વાર્તાઓમાંના અતિ લોકપ્રિય પાત્ર ચિત્રગુપ્ત વકીલની માફક ડિટેક્ટિવ બનવાના કોડ પૂરા ન થયા પણ વકીલ જરૂર બન્યા. ઇ. ૧૯૬૧થી મુંબાઇની હાઇકોર્ટમાં અને સિવિલ (દીવાની) સાઇડ ઉપર પ્રૅક્ટિસ કરે છે. શરૂઆતમાંની અતિ શરમાળ પ્રકૃતિ હવે તો કદાચ વકાલતના વ્યવસાયને કારણે વધુ વહેવારનિપુણ બની ચૂકી છે.

બાળપણમાં સ્વતંત્ર મિજાજ હતો એટલો જ આજે પણ છે અને દિલની કુમાશ હજુ પણ એવી જ છે. એમના જ શે'રમાં કહીએ તો :

મનની ઉપર ભલેને અનુભવની થઈ અસર, દિલનો તો એ જ હાલ છે રેશમ સમું રહ્યું;
'કાબિલ'નું કાવ્ય એટલે વાણી અને વિચાર, જાણે કે બે નદીઓના સંગમ સમું રહ્યું.

કોઈ એને અવતરણ ન માને એ બીકે ખુશીની વાત કવિતામાં ન લખવા માગતા આ શાયરના થોડાક શે'રો માણીએ :

ઇશ્વર વિશે લખાય, હવે શક્યતા નથી,
જુઠું કહી શકાય, હવે શક્યતા નથી.
મૃગજળ પીધાં છે એટલાં કાબિલ જીવન મહીં
સત્યોનું ભાન થાય હવે શક્યતા નથી.

એટલે તો આજ ઓજસની કથા જીવતી રહી,
જેટલાં હું પી શક્યો અંધેર મેં પીધાં હતાં.

તારા મિલન પછીના દિવસનો ચિતાર છે,
જાણે કે ચાંદ સાથ ઊગેલી સવાર છે.
સાજા થવાની શાને ઉતાવળ ભલા કરું,
છે દર્દ જેનું એની મને સારવાર છે.

પાછો કોઇ દીવાનો સમજદાર થઈ ગયો
ડાહ્યા જગતના પેલા તમાશાનું શું થશે?
શેતાનને કહો કે સમસ્યા ઊભી થઈ,
શ્રદ્ધા વધી રહી છે, કુશંકાનું શું થશે?

ઘંખારો છે જગતના લોકને તેજસ્વી વસ્તુનો
કે મોતી જેમ પથ્થર પણ એ પાણીદાર માગે છે.

પ્રેમયુગમાં કોઈ વસ્તુ કદરૂપી લાગી નહીં,
ફૂલની મોસમમાં કંટકની અછત જોતો રહ્યો.
હોત કેવળ જો મિલન તો પ્રેમ સસ્તો થઇ જતે,
હું જુદાઇમાં મહોબ્બતની બચત જોતો રહ્યો.

સરવૈયું જિંદગીનું મેં ફુરસદ સમે લીધું,
મારા હિસાબમાં તો બચત દુશ્મનોની છે.

જળવાયું માન બેઉનું કેવી અજબ રીતે?
નભને શશી · ધરાને બધી ચાંદની મળી.

કાબિલ, જીવનનો પંથ તો ભૂલી નથી ગયો?
રસ્તામાં કેમ મુજને વ્યથાઓ નથી મળી!

ફરી મહેમાન થઈ આવી નિરાશા મારા દરવાજે,
બધી યે આશાને તહેનાતમાં લાગી જવું પડશે.
ફરી ભેટો થયો છે આજ નિષ્ફળતાનો જીવનમાં,
ઘણી સંભાવનાઓને હવે જાગી જવું પડશે.

ખુલ્લી આંખો જિંદગી છે, બંધ આંખો મોત છે,
પાંપણો વચ્ચેનું અંતર જિંદગાની હોય છે.

શાયરની દૃષ્ટિ જ્યારે જગત પર ફરી ગઈ,
હર ચીજ પર એ માલિકી ખુદની કરી ગઈ.
જીવનમાં ફેરફાર થવાના હતા—થયા,
હું ના ફર્યો તો છેવટે દુનિયા ફરી ગઈ.

આટલો ભેદ છે શક્તિ ને અશક્તિ વચ્ચે,
જેઓ છીનવી નથી શકતા એ દુઆ માગે છે.
આ તો કહેવાતી નહીં હોય કયામત, કાબિલ!
કેમ સૌ હાથ ઉઠાવીને દુઆ માગે છે!

સંપૂર્ણ કેમ તારી દયા ના બની શકી!
ઝૂંપડીની સાથ કાં ન ગરીબી બળી શકી?
મારા વિચાર તારા વિચારોમાં રહી ગયા,
તારા વિચારે મારી કવિતા બની શકી.

તુજને ઉદાસ જોઈ મેં આ કલ્પના કરી,
તેં ખુદ લીધેલી તારી બલા હોવી જોઇએ.
દુનિયાના લોકો પુણ્ય તરફ પણ ઢળી શકે
પુણ્યોની પાપ જેવી સજા હોવી જોઇએ.

એની નિકટ રહીને પણ છું ઉદાસ આજે,
કંટકની જેમ લઉં છું ગુલની સુવાસ આજે.

હોય છે અંત સમે આશ દુઃખીની લાંબી,
જેમ સંધ્યાએ બને દીર્ઘ બધા પડછાયા.

મેં તારી વફાને બિરદાવી,
પણ તારી જફા પર ચૂપ હજી,
મેં ચાંદનું વર્ણન ખૂબ કર્યું,
પણ દાગનું વર્ણન બાકી છે.
સૌ વાત કરે છે કે 'કાબિલ'
બર્બાદ થયો છે ઉલ્ફતમાં
એ વાત તો હું પણ માનું છું
એક તારું સમર્થન બાકી છે.

કથાઓ મૂકવામાં આવી છે. સમાજના વિવિધ ક્ષેત્રોનાં મનુષ્યોના જીવનમાંથી મળેલા પ્રેરણાત્મક પ્રસંગોને લેખકે કથાદેહ આપ્યો છે. આપણા દેશના લોકોમાં થતાં વિવિધ ગુણોનાં આ દર્શન સહુને પ્રેરક બની રહેશે. પ્રસંગોનું નિરૂપણ વાર્તાની ઢબે થયું હોવાથી એ વધારે આસ્વાદ્ય બની શક્યા છે. સરસ શૈલીમાં લખાએલા આ પ્રસંગો જરૂર વાંચવા ગમે તેવા છે. કાચું પૂંઠું, પૃ. ૧૦૮, રૂ. ૨-૫૦.

કાકા કાલેલકર સાથે વિવિધ વાર્તાલાપ: કોંકણી-મરાઠીના સિદ્ધહસ્ત પત્રકાર અને લેખક રવીન્દ્ર કેળકરે કાકાસાહેબ સાથે જે વિવિધ વાર્તાલાપ યોજ્યા તેની આ રસિક નોંધપોથી એમની છેલ્લા શતકની હિંદની સાધના સમજવાના ફળરૂપ છે. આમ કરતાં કરતાં કાકાસાહેબ અને મહાત્મા ગાંધીજીની વાતો પણ વચ્ચે વચ્ચે આબાદ રીતે ઊપસી આવી છે. પરિણામે ગાંધી-રંગ્યા કાકાસાહેબનું વ્યક્તિત્વ સુપેરે ઊપસ્યું છે. કાકાસાહેબના અનુભવમૂલક સમાજોપયોગી વિચારો આ નિમિત્તે લેખકે પ્રજા સમક્ષ મૂકી મોટી સેવા કરી છે. આ અનુવાદથી ગુજરાતી વાચકોને નિઃશંક એક મૂલ્યવાન ગ્રંથ પ્રાપ્ત થયો છે. પાકું પૂંઠું, પૃ. ૨૫૪, રૂ. ૭-૦૦.

प्रकाशन विभाग
माहिती प्रसरण विभाग, भारत सरकार
पतियाला हाउस, नवी दिल्ही-१

ભારત ૧૯૭૦ : ભારતના રાષ્ટ્રીય જીવનની વિવિધ પ્રવૃત્તિઓ અને ક્ષેત્રોનો શ્રદ્ધેય સંદર્ભ ગ્રંથ; કાચું પૂંઠું, પૃ. ૫૭૪, રૂ. ૪·૦૦

કાશ્મીર કી લોકકથાએં : કાશ્મીરના અતીતને પ્રગટ કરતી ૧૩ લોકકથાઓનો સચિત્ર ને સુવાચ્ય સંગ્રહ. છપાઈની સુઘડતા પુસ્તકને વધુ સુંદર બનાવે છે. (લે. નન્દલાલ ચત્તા; ચિત્રકાર: બ્રીજમોહન, કાચું પૂંઠું, પૃ. ૮૮, રૂ ૩·૦૦

ભારત કે નારીરત્ન : ભારતમાં સ્ત્રીઓએ પણ સંસાર, સમાજ અને દેશના ઉત્થાનમાં અમર ફાળો નોંધાવ્યો છે. આવાં ધીર, વીર અને સેવાપરાયણ વીસ નારીરત્નોની વિવિધ લેખકોએ દોરેલી આ શબ્દ સ્મૃતિઓમાં મીરાંબાઈથી છેક સુભદ્રાકુમારી ચૌહાણ સુધીની પ્રાચીન-આધુનિક સ્ત્રીઓનાં જીવનની સૌરભ મહેકી રહે છે. કાચું પૂંઠું, પૃ. ૯૦, રૂ. ૩

કદમ મિલા કે ચલ : પંડિત જવાહરલાલ નેહરુના એ સૂત્રનું ગીત રચી તે તથા બીજાં અન્ય ઓગણીસ કૂચગીતો મેજર હરિચરણ સિંહ પરવાનાએ આ ગીત પુસ્તિકામાં રજૂ કર્યાં છે. રાષ્ટ્રભક્તિથી ઊભરાતાં આ ગીતો કિશોરોમાં નવો જુસ્સો પ્રગટાવે તેવાં છે. આમાંના 'કદમ મિલા કે ચલ' ગીતને ભારત સરકારે એન. સી. સી.ના કૂચગીત તરીકે પણ સ્વીકાર્યું છે. કાચું પૂંઠું, પૃ. ૨૦, રૂ. ૧·૦૦

તિલક : 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' એ મંત્ર દેશને આપનાર ભારતીય સપૂત અને આઝાદીની લડતના આદ્ય લડવૈયા લોકમાન્ય તિલકનું વિષ્ણુચન્દ્ર શર્મા લિખિત સંક્ષિપ્ત ને સચિત્ર જીવનચરિત્ર અહીં તેર નાનાંનાનાં પ્રકરણોમાં વહેંચાએલું છે. મહાત્મા ગાંધીજી ભારતના રાજકીય તખ્તા પર પ્રવેશ્યા તે પહેલાં લોકમાન્ય ભારતના ઉદ્દામ અને અગ્રણી નેતા હતા. દેશભક્ત ઉપરાંત એક આરૂઢ પત્રકાર અને વિદગ્ધ વિદ્વાન પણ હતા. આજના કિશોર-યુવાનોમાં રાષ્ટ્રભાવના અને દેશભક્તિ જાગ્રત કરતાં આવાં ચરિત્રો અવશ્ય જ આવકાર્ય બને. કાચું પૂંઠું, પૃ. ૫૩, રૂ. ૧-૩૦

કાકેશસ કા કૈદી : વિવિધ દેશોની લોકવાર્તાઓનો આ સંગ્રહ ખાસ કરીને આપણાં બાળકોને આંતરરાષ્ટ્રીય લોકજીવન અને લોકસંસ્કૃતિની માહિતી સાથે મનોરંજન આપે છે. આ કથાઓનું એક બીજું મૂલ્ય પણ ખરું કે આ પ્રકારના વાચનથી કિશોરોની આન્તરભાવના દૃઢ બને. સરળ રોચક શૈલીની આ ૨૯ વાર્તાઓ સત્ત્વશીલ વાચન પૂરું પાડશે. કાચું પૂંઠું, પૃ. ૯૨, રૂ. ૩-૨૦

ગમ્મતના ગોળા
મોટાં માણસોની નાની વાતો

ફ્રાંસના ખ્યાત નવલકથાકારો વિક્ટર હ્યૂગો ને ઍલેક્ઝાન્ડર ડ્યૂમા ક્યાંક ભેગા થઈ ગયા. ડ્યૂમાએ પ્રસ્તાવ મૂક્યો: 'આપણે બંને ભેગા મળી એક નવલકથા લખીએ તો?'

હ્યુગોએ કહ્યું: 'અસંભવ. ઘોડા અને ગધેડાનો તે વળી મેળ મળતો હશે?'

ડ્યૂમાએ જવાબ વાળ્યો: 'તમારે મારી સાથે નવલકથા ન લખવી હોય તો કંઈ નહિ; પણ મને ઘોડો શા માટે બનાવો છો?'

મૅજિસ્ટ્રેટ: તમને પૂરી ખાત્રી છે કે આરોપીએ એ સમયે દારૂ પીધો હતો?

પોલીસ: જી, હા.

મૅજિસ્ટ્રેટ: એનો પુરાવો શો છે?

પોલીસ: પુરાવામાં તો મારે આ અનુભવ કહેવાનો છે: કાલે હું એક પબ્લિક ટેલિફોન બૂથમાં ગયો ત્યારે આરોપી ત્યાં જ હતો. મારા દેખતાં એણે બૉક્સમાં દસ પૈસાનો સિક્કો નાખ્યો, અને પછી બહાર નીકળી એક ટાવરમાં જોઈ બબડ્યો: 'અરે ભગવાન, ૧૨ રતલ વજન ઘટી ગયું મારું.'

'કાલે તો મેં મારી પત્નીને બરાબર તંગ કરી.'

'કેવી રીતે?'

'એને એક નવી સાડી લાવી આપી અને પછી અરીસો સંતાડી દીધો.'



કલિ કી મહિમા
(કવિત)

અવનીતલ સે કલદાર ગયો,
 પરચાર ભયો અબ નોટન કો;
કુરતે કો નહિ અબ ઠોર કહીં,
 અબ માન ભયો બુશકોટન કો;
કહઁ લૌં બરનૌં કલિ કી મહિમા,
 જબ તાજ ગયો સબ ભૂપન કો,
નટનાગર સંજમ લુપ્ત હુઓ,
 અરુ રાજ ભયો અબ 'લૂપન' કો.

—નટવરલાલ પ્રભુલાલ બૂચ

અનિલ-લહરી

દર્દીનું દૂધ પી જતી ઑસ્પિટલની બિલાડી એ આપણો જાહેર સેવક છે.
સોનેરી કેળાની છાલ પણ ઑસ્પિટલે જ પહોંચાડે છે.
મારવાડી કૂતરાને પૂંછડે ઘૂઘરો બાંધીને મનોરંજન મેળવે.
લોકશાહીમાં ખુરશી નહિ, પણ ખુરશી પર બેસનારા ફોલ્ડિંગ હોય છે.
જમણા ગજવામાંથી ડાબા ગજવામાં પૈસા ફેરવવાથી સિલિક વધતી નથી.
ડોકનો ઝાટકો મારવાથી જમણેરી ઝુલ્ફાં ડાબેરી થાય છે ખરાં?
આગબંબાનો ઘંટ મંદિરનો ઘંટ થાય એ તો આધ્યાત્મિક વિકાસ કહેવાય.
બંગડીમાંથી બલોયાં બનાવવાં એ વિકાસ યોજનાનો હેતુ છે.
શાહી ગવૈયાને દરબારી રાગ ગાવાનું કહ્યું તો 'સમાજવાદ સમાજવાદ' ગાવા લાગ્યો.

(રતિલાલ 'અનિલ')

મહાત્મા ગાંધીજીનો સંદેશ : (ગુજરાતીમાં) મહાત્મા ગાંધીજીનું આખું જીવન જ એમના સંદેશ જેવું હતું. તેમ છતાંય તેમનાં વિપુલ લખાણો અને અસંખ્ય ભાષણોમાં એમનો મૂલ્યવાન ઉદ્‌બોધ સમાએલો પડ્યો છે. એ પુંજમાંથી ચૂંટી કાઢેલા વિચારોને અહીં વિષય પ્રમાણે આઠ પ્રકરણમાં વિભક્ત કરવામાં આવ્યાં છે. ઈશ્વર, સત્ય અને અહિંસા, માન્યતાઓ અને મૂલ્યો, ધર્મોનો આત્મા, દરિદ્રનારાયણ, રાષ્ટ્રકલ્યાણ વ્યક્તિકલ્યાણ અને માનવકુટુંબ પરના એમના આદિ વિચારો આ પુસ્તકમાં સુગ્રથિત રીતે મૂકવામાં આવ્યા છે. એમના સંદેશના મુખ્ય મુખ્ય મુદ્દાઓને આવરી લેતું યુ. એસ. મોહનરાવ સંપાદિત આ પુસ્તક ગાંધીવિચારણાના પ્રત્યેક પ્રેમીને ઉપયોગી થઈ પડે તેવું છે. કાચું પૂંઠું, પૃ. ૧૭૦, રૂ. ૧-૫૦

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૪ · રજોદર્શન પછી]

◖ પ્રથમ રજોદર્શન પછી કન્યાના દેહને નવો ઘાટ મળે છે. આ સમયે સ્તનના સ્વાભાવિક વિકાસનું રુંધન અયોગ્ય છે. ◖ બે રજોદર્શન વચ્ચેના ગાળાના યોનિસ્રાવનાં વિવિધ કારણો છે–અને ઉપાય પણ. ◖ તરુણ વયથી આરંભાઈ જિંદગીના એક ભાગ રૂપ બની જતો સ્ત્રીઓનો સામાન્ય થાક—ફટીગ એ માત્ર શારીરિક થાક નથી.

પ્રથમ રજોદર્શન પછી આંતરસ્રાવી ગ્રંથિઓના વ્યાપાર સ્થિર બને છે. કન્યાઓના શરીરને નવો ઘાટ મળે છે. તે હવે સ્ત્રી બને છે. સ્ત્રીઓની વિશિષ્ટ કામગીરી–નવા દેહને જન્મ આપવાની કામગીરી માટે તે લાયક બને છે. દર મહિને થતો ઋતુસ્રાવ તેના સંકેત રૂપ છે. ઋતુસ્રાવ એ, સમજવામાં મુશ્કેલ એવી પ્રજનનયોજનાના એક ભાગ રૂપ છે. આના આધારે મિજાજ, વિચાર અને હકીકત પરત્વેની લાગણીઓ ઘડાય છે. વળી, પુરુષને આકર્ષતી સ્ત્રીદેહની મનોહરતા પ્રાપ્ત થાય છે.

તરુણાવસ્થા ફેરફારોનો કાળ છે. દર વરસે દેહની નવી આકૃતિ ઘડાય છે. દર વરસે તરુણતરુણી વધુ પુખ્ત વયના જેવાં બનતાં જાય છે. રજોદય પછી આ ફેરફારો ઓછા અને ધીમા હોય છે. મેનાર્કે થતાં સુધીમાં શરીરની ઊંચાઈનું માપ આવી જાય છે. પંદર સોળ વર્ષની ઉંમરે ખભા, કટિ, સ્તન અને પગ ગોળાકૃતિ ધારણ કરવાથી કન્યાનો લાક્ષણિક સ્ત્રીદેહ કંડારાય છે. પાતળા, જાડા કે બેડોળ શરીરમાં પણ કાંતિ પુરાય છે. તંદુરસ્ત તરુણીને ઊઘડતા ફૂલ જેવું સૌંદર્ય, ગુલાબની પાંખડી જેવી મુલાયમતા અને નિર્મલ નેત્રની જ્યોતિ પ્રાપ્ત થાય છે.

શરીરની ઊંચાઈ આવવામાં આનુવંશિકતા મુખ્ય છે. ઊંચાઈ ધરાવતા કુટુંબમાંથી આવતી કન્યા તેરચૌદની વયે સરેરાશ પુખ્ત વયની સ્ત્રી કરતાં ઊંચી હોય છે અને બાકીની અઢારની ઉંમરે પણ પુખ્તતા પામી વૃદ્ધિ પામતી હોવા છતાં બટકી રહે છે. રજોદય વખતે, તમારી ઉંમર અને કદ પ્રમાણે, તમે હવે પછી કેટલાં વધી શકશો, તમે ઊંચાં કે ઠીંગણાં યા સરેરાશ ઊંચાઈનાં નીવડશો એનો કયાસ આવી જાય છે.

રજોદયની અગાઉનાં બે વરસમાં વજનમાં થતો ઝડપી વધારો રજોદયના વરસ દરમિયાન ચાલુ રહે છે; પછી બંધ પડે છે. વૃદ્ધિકાળ દરમિયાન કિશોરકિશોરીને પુષ્કળ ભૂખ લાગે છે. જિંદગીભરમાં શિશુ અવસ્થાના નવ મહિના દરમિયાન અતિ ઘણી ઝડપથી વૃદ્ધિ થતી હોવાથી ભૂખ વધે છે. રજોદય અગાઉનો અને પછીનો તારુણ્યકાળ શરીરની ઝડપી વૃદ્ધિનો છેલ્લો કાળ છે. આ દરમિયાન પણ તરુણી અને તરુણો પણ વધારે ખાવામાં પડે છે. યૌવનપ્રવેશ વખતે કિશોર અને કન્યાઓનાં શરીરમાં થોડી ચરબી હોવાથી તેઓ કંઈક ભરાવદાર દેખાય છે. આ ચરબી ઉપરાંત ધડ (ટૉર્સો) પણ મોટું ને જાડું બને છે; હાથ ને પગની લંબાઈ વધે છે. ઝડપી વૃદ્ધિનો આ કાળ પૂરો થયા પછી ભૂખ ઘટવા માંડે છે. શરીરની કુલ ઊંચાઈ પ્રાપ્ત થયા બાદ ખોરાક લગભગ અરધો થાય છે. શરીરને યોગ્ય અને આવશ્યક પોષણ મળે અને મેદોવૃદ્ધિ વધારનાર ખોરાક બહુ ન ખવાય તો શરીર જાડું થતું નથી. રજોદય પછી શરીરના પ્રમાણમાં વજન વધારે હોય ને પુષ્કળ ભૂખ લાગતી હોય તો દાક્તરની સલાહ અનુસાર ખોરાકમાં કાપ સ્વીકારવો જોઈએ.

સ્ત્રીદેહને સૌંદર્ય આપનાર સ્તન પણ છે. છાતીની પેશીઓમાં વિકાસ પામતા સ્તનને આધાર આપવા માંસપેશીઓ ન હોવાથી ચરબી પુરાઇને કદમાં વધવા સાથે તે વજનદાર બને છે અને જો તેમને આધાર આપવામાં ન આવે તો ઢળી પડી બેસી જાય છે. વૃદ્ધિ પામતાં સ્તન અને ઉપસેલા પેડુને ઢાંકવા ઘણી તરુણીઓ નીચી વળીને કે ખૂંધી ચાલે છે. આમ ન થાય તે માટે બ્રેસ્યેઅૅર (અંગિકા) પહેરવી જોઈએ. અગાઉના જમાનાની કાંચળી તેની ગરજ સારતી. તેની જેમ અપલિફ્ટ પ્રકારની બ્રેસ્યેઅૅરથી સ્તનને આધાર આપી શકાય. સ્તનના ભરાવાથી વ્યાકુળ બની કોઇક તરુણીઓ સ્તન દબાઇને સપાટ દેખાય એવી કસોકસ અંગિકા પહેરે છે. પણ એવી તંગ કંચુકી પહેરવાથી સ્તનની વૃદ્ધિ રૂંધાવા સાથે ડીંટડી સ્તનમાં પેસી જાય છે. આમ થવાથી ભવિષ્યમાં બાળકને સ્તનપાન કરાવવામાં મુશ્કેલી પડે છે. કોક તરુણી પેડુનો ભાગ સપાટ દેખાડવા સસ્પેન્ડર કે પટ્ટા પહેરે છે. આથી પેડુમાં વૃદ્ધિ પામતાં પ્રજનન અવયવો પર ભીંસ આવે છે ને પરિણામે રજોદર્શન કષ્ટદાયક બને છે.

શિશ્નના નાના કદની તરુણની ચિંતાની જેમ સ્તનના નાના કદની ચિંતા પણ કોક તરુણીને સંતાપે છે. સ્તનનો વિકાસ અંતઃસ્રાવી ગ્રંથિઓના સ્રાવના નિયંત્રણ હેઠળ થાય છે. તેના ઉપર ખોરાક, વ્યાયામ કે વિટામિનોની કંઈ અસર પડતી નથી. હા, અત્યારે રૂપવર્ધક શસ્ત્રક્રિયા (કૉસ્મૅટિક સર્જરી)થી જેમ સ્તનની વધારાની પેશીઓ અને ચામડી દૂર કરી ભારે ને વજનદાર સ્તનને નાનાં બનાવાય છે તેમ સ્તનના નીચલા ભાગમાં કાપ મૂકી ત્યાં સિલિકોન રબરની ગાદી ગોઠવીને તેને પુષ્ટ ઘાટીલાં બનાવાય છે. ને બીજો ઉપાય સ્તનમાં પ્રવાહી સિલિકોનનાં ઇન્જેક્શન આપવાનો પણ છે પરંતુ તે નુકસાનકારક હોવાનું સાબિત થયું છે.


બે રજોદર્શન વચ્ચેના ગાળામાં યોનિમાં થતો થોડોથોડો સ્રાવ સ્વાભાવિક છે આંતરત્વચામાં આવેલી ગ્રંથિઓના સ્રાવથી યોનિ ઊંજાએલી (ભીની) રહેવી જોઈએ. વળી, તે સ્રાવ બહાર પડવો જોઈએ કે જેથી તે સ્થાનમાં વસતાં ઉપદ્રવી જીવાણુઓ નાશ પામીને ચેપ સામે રક્ષણ મળે. આને ફુવારા વડે કે પુષ્કળ પાણી વતી ધોઈને બંધ કરવાનો નથી. યોનિસ્રાવ રંગ ને ગંધવિહિન છે. ગુહ્યાંગના બહારના ભાગની ખાસ કરીને વાળની સફાઈની ચીવટ ન રખાય તો આ સ્રાવ વાસભર્યો બને છે.

ઈસ્ટ્રોજનના વધુકા સ્રાવની અસર હેઠળ કે વિષયવિચારથી યોનિસ્રાવ લીલોપીળો કે લીલોસફેદ, શ્લેષ્માભ કે રતાશ પડતો ફીણવાળો હોય ત્યારે ચિંતા થવી સ્વાભાવિક છે. વધુ પડતો યોનિસ્રાવ પ્રદર (લ્યુકોરિયા) કહેવાય છે. રોગિષ્ઠ યોનિસ્રાવ થવાનાં કારણોમાં સામાન્ય યોનિસ્રાવનો વધારો, દાહ, ચેપ કે જીવાણુઓનો ઉપદ્રવ છે. જીવાણુઓમાં 'ટ્રિકોમોનિયાસિસ' અને 'મોનીલિયાસિસ' મુખ્ય છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ 'ટ્રિકોમોનાસ વેજીનાલિસ'ના ચેપથી પેશાબનું પ્રમાણ વધે છે કે મૂત્રાવરોધ થાય છે. તે સાથે અણગમતો યોનિસ્રાવ ચીડ ચડે એવી ખંજવાળ લાવે છે.

આ રોગનો ચેપ જોકે સંભોગ દ્વારા લાગે છે, પણ રોગી સ્ત્રીનાં વાપરેલાં ટુવાલ કે ચડ્ડી દ્વારા, નદી-તળાવના કિનારેથી કે સ્વિમિંગ પુલના ડેક ઉપરથી અપરિણીત કન્યા કે યુવતીને પણ ચેપ લાગુ પડે છે. 'ફ્લેજીલ' નામની ત્રણ ગોળી દસ દિવસ સુધી રોજ લેવાથી આ રોગ મટે છે. આ દરમિયાન ઢીલી ચડ્ડી પહેરવી જોઈએ જેથી હવાની આવનજાવન થવાથી જલદી આરામ મળે છે.

યોનિસ્રાવ થવાનું બીજું કારણ 'કૅન્ડીડા આલ્બીકન્સ' કે 'મોનીલિયાસિસ'નો ચેપ છે. આજનાં ઍન્ટીબાયોટિક ઔષધોના સેવનથી મોનીલિયાસિસ થઈ આવે છે. પાતળો સ્રાવ, ગુહ્યાંગમાં લાહ્ય ને ખજવાળ એ એનાં લક્ષણો છે. બન્ને પ્રકારના ચેપ વખતે 'જેન્શ્યન વાયોલેટ' નામની ભૂરી દવા લગાડવાથી કે 'ડાયઆયોડોહાઇડ્રોક્વીનોલોન' પેસરી યોનિમાં રાખવાથી આરામ થાય છે. શરીરની ચોખ્ખાઈ સાથે સ્વચ્છ કપડાં અને યોગ્ય આહારથી આવી મુશ્કેલીઓ ઘટે છે. (અનુ. પૃ. ૪૫૨)

ભારતીય નિયમોવાળો શતરંજનો કોયડો નં. ૬



ભારતીય પદ્ધતિના અમુક કોયડામાં એવી ખાસ શરત હોય છે કે જો સામા પક્ષે એક પણ પ્યાદાં અને રાજા સિવાયનું મહોરું ન હોય તો શેહ ન આપી શકાય અથવા મ્હાત ન કરી શકાય. આ અંકમાં આપણે જે કોયડો જોઇશું તેમાં શેહ આપવાની છૂટ છે, પણ મહોરુ ન હોય તો મ્હાત કરી શકાય તેમ નથી. તે ઉપરાંત, કાળા રાજાને વચ્ચેનાં ચાર ખાનાં (ચોખાના) માંથી જ એક ઉપર મ્હાત કરવો અને કાળાનું એક પણ પ્યાદું મારવું નહિ એ પણ શરત છે.

1 P–Q3, K×B; 2 N–K8! રાજાને B3 પર જતો અટકાવવા.

2..., K–Q4; 3 N–B6ch, K–K4; 4 N–Q7ch! હવે કાળો રાજા Q4 ઉપર 'કેદ' થઈ જાય છે અને તેને ફરજિયાત પ્યાદું આગળ ધપાવવું પડે છે.

4..., K–Q4; 5 K–B7, P–K4; 6 N–B8! પ્યાદાએ ખાલી કરેલા ખાના ઉપર રાજા ન જાય તે માટે તે ખાનાનો કાબૂ મેળવવા.

6..., P–K5; 7 P–Q4!

ફરી પ્યાદાએ ખાલી કરેલા ખાનાનો કાબૂ મેળવવા. 7..., P–K6; 8 K–Q7! K6 ખાનાનો કાબૂ જાળવી રાખવાની ફરજમાંથી રાજા હવે ઘોડાને મુક્ત કરે છે. 8..., P–K7; 9 N–K6, P–K8(=Q) કે P×N(=R); 10 N–B7 mate. અહીં 9 N–R7 અને 10 N–B6થી પણ મ્હાત થાય તે એક ખામી છે.

મહોરું ન હોય તો મ્હાત ન કરાય તે શરત હોવાથી કાળાનું પ્યાદું આઠમી પંક્તિએ પહોંચવું જ જોઇએ. કાળા રાજાને ચાલવાના ખાના ઉપર કાબૂ રાખતા જઇને જે રીતે પ્યાદાને આગળ વધવાની ફરજ પાડી છે તે આકર્ષક છે.

સુરેશ મોદી

શતરંજના કોયડા નં. ૫માં જ્યાં કાળો ઘોડો છે ત્યાં બીજો કાળો હાથી જોઇએ. -સુ.

કલાવાર્તા

જયંત સિદ્ધપુરાનાં ચિત્રો

આ અંકની ચિત્રપ્લેટમાં જે બે ચિત્રો 'કુમારસંભવમ્' અને 'શાકુંતલમ્' આપ્યાં છે એના ચિત્રકાર જયંત સિદ્ધપુરાથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. અગાઉ 'કુમાર'ના ૪૮૫-મા અંકમાં 'રઘુવંશ'ના કેટલાક પ્રસંગો પર આધારિત એક ચિત્રસંયોજન સાથે એમની કેટલીક કૃતિઓ તથા તે પછી અંક ૫૩૩માં 'ટૉપ-વ્યૂ' શિર્ષક તળે જુદા જ દૃષ્ટિકોણથી રજૂ કરેલાં કેટલાંક ચિત્રો સાથે એમનો પરિચય પ્રકટ થયો હતો. આ અંકમાં મહાકવિ કાલિદાસની સુપ્રસિદ્ધ રચનાઓ 'કુમારસંભવમ્' તથા 'શાકુંતલમ્'ના મુખ્ય મુખ્ય પ્રસંગો આવરી લેતાં બે ચિત્રો આપ્યાં છે. 'કુમારસંભવમ્'માં એમણે પાર્વતીનો જન્મ, તેનું બાળપણ, શિવજીને પતિ તરીકે પામવા માટેની તેની તપસ્યા ને તેની પરીક્ષા અર્થે બ્રાહ્મણ રૂપે શંકરનું આગમન, કામદહન ને રતિવિલાપ, શિવજીની જાન, અને છેવટે 'કુમારસંભવમ્' વગેરે પ્રસંગોને આવરી લીધા છે. આ જ રીતે 'શાકુંતલમ્'માં પણ કણ્વના આશ્રમમાં દુષ્યંતનું આગમન, શકુંતલાનું દર્શન, દુષ્યંત-શકુંતલાના ગાંધર્વવિવાહ, દુષ્યંતના ધ્યાનમાં રત શકુંતલાને દુર્વાસાનો શાપ ને તેને કારણે સર્જાતી કરુણતા પછી છેવટ સર્વદમન અને શકુંતલા સાથેના દુષ્યંતના મિલન સુધીના પ્રસંગો સમાવ્યા છે. આ નીચે આપેલું વાલ્મીકિના આશ્રમમાં ઊછરતા લવકુશનું ચિત્ર પણ એમનું જ છે.




પિછવાઇ

કાપડ ઉપર ચિત્રકામ તો બહુ જૂના કાળથી થતું આવ્યું છે. અને ભોજપત્રના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના ચિત્રો પછી કાપડ પરનાં ચિત્રકામને જ કદાચ મૂકી શકાય. એના વિષે અનેક પ્રાચીન ઉલ્લેખો પણ મળે છે, પરંતુ બહુ વર્ષો સુધી ટકી ન શકે એવા પદાર્થોનો ઉપયોગ અને વિદેશાઓના વારંવારના હુમલાઓથી અસ્થિર બની ગએલા પ્રજાજીવનને કારણે એના બહુ પુરાણા નમૂનાઓ પ્રાપ્ય નથી. કાપડ પર ધાર્મિક પ્રસંગોનાં આલેખનોનો પ્રકાર નેપાળ અને ઓરિસ્સા તરફ પણ વિકસ્યો હતો, પરંતુ વૈષ્ણવ મંદિરોમાં ઠાકોરજીની પાછળ ધરાતી પિછવાઈની કળા તો પશ્ચિમ ભારત અને ખાસ તો રાજસ્થાનમાં ઉદેપુરથી થોડે દૂર નાથદ્વારા કે શ્રીનાથજીના યાત્રાસ્થાનમાં સારી પેઠે વિકસી હતી. વૈષ્ણવ સંપ્રદાયને આશ્રયે વિકસેલી ચિત્રકળામાં આ પિછવાઈની કળાનું સ્થાન આગવું જ રહ્યું છે.

સમગ્ર ભારતમાંથી શ્રીનાથજીની યાત્રાએ આવતા વૈષ્ણવો આ પવિત્ર સ્થાનનું કંઈ સંભારણું સાથે લઈ જવા ઇચ્છે એ સ્વાભાવિક હોઈ અહીંના ચિત્રકારોએ જે પટચિત્રો કરવા માંડયાં તે જ પિછવાઈ. ભક્તો એ લઈ જઇને ઘરમાં દેવપૂજામાં ઠાકોરજીની મૂર્તિ પાછળ એને લટકાવે છે. પિછવાઈનો આમ એક આગવો કલાપ્રકાર વિકાસ પામ્યો એમ મનાય છે.

જાળીદાર ગૂંથણીવાળી 'જામદાની', જરીકસબથી ઘેરા લાલલીલા સાટીન પર ભરાતી 'કારચોળી', ઉપસાવેલા જરીના ભરતવાળી 'ટાટામબંદી', લાલલીલા કાપડ પર રૂપેરી શોભન છાપવાળી 'છાપાની', કિનખાબની બનેલી 'કિનખાબી' અને ઘૂંટેલા કાપડ પર ચીતરાએલી એમ પિછવાઈના કેટલાક પ્રકારો છે. કલાના ઉમદા નમૂનાઓ તરીકે વૈષ્ણવેતર લોકોમાં જે વધુ પરિચિત છે તે આ ચીતરેલી પિછવાઈ જ. આલેખના, રંગાવટ અને રેખાટનની દૃષ્ટિએ આમાં કિશનગઢ શૈલીની પિછવાઈઓ સર્વોત્તમ ગણાય છે. બાળલીલા, દાણલીલા, રાસલીલા, અન્નકૂટ, ગોપાષ્ટમી, વ્રજપરિક્રમા, ગોવર્ધન પરિક્રમા ઇત્યાદિ ચિત્રવિષયો એના પર ચીતરાય છે ગોપાલકૃષ્ણના જ જીવનની આસપાસ વણાએલા આ પ્રસંગચિત્રોમાં ગૌવૃંદ તો આવે જ, અને એ ગૌવૃંદનું જે ભાવવાહી સુંદર આલેખન પિછવાઈઓમાં જોવા મળે છે એ કદાચ ભારતમાં બીજા કોઈ ચિત્રપ્રકારમાં નથી.

આજે પણ નાથદ્વારમાં પિછવાઈઓ થાય છે, પણ ધંધાની દૃષ્ટિએ સરજાતી કૃતિઓમાં અગાઉની ભાવોત્કૃષ્ટતા હવે જોવા મળતી નથી.



દર વર્ષની માફક આ વર્ષે પણ નવા વર્ષના પર્વ નિમિત્તે અનેક જાણીતા અને અજાણ મિત્રો તથા વાચકોએ, 'કુમાર' પ્રત્યેની પોતાની લાગણી અને શુભેચ્છાઓ વ્યક્ત કરતાં અનેકવિધ અભિનંદનપત્રો મોકલ્યાં છે, જેમાંના થોડા: મથાળેથી ડાબી બાજુથી જલેન્દુકુમાર (વડોદરા)નું સોનેરી કાગળ પર કરેલું નાગણીઓનું લયમધુર આલેખન; ડૉ. દિનેશ દવે (અમદાવાદ)ની રંગીન કાગળોની કલા-ચાતુરી; (બીજી હારમાં) તરણેતરના મેળામાં બલવંત જોષી (રાજકોટ)નો એક રંગીન સ્કેચ; કરાચીના સદર બજારનો મગનલાલ ત્રિવેદીએ કરેલો જલરંગી સ્કેચ અને બિહારીલાલ બારભૈયા (વડોદરા)એ જાપાની લિપિમાં આલેખેલી પોતાના નામની મુદ્રા; જમણી બાજુ મથાળે ડાબી બાજુથી દેવજીભાઈ વાજાનો પોરબંદરના બરડા ડુંગરનો રંગ-સ્કેચ; રમેશ સોનીએ લગાડેલ ગ્રામશેરીનો એક લાક્ષણિક ફોટોગ્રાફ; પ્રતાપ જાડેજા (રાજકોટ)નું એક મધુર રેખાંકન; ભૂપત લાડવા (રાજકોટ)નું ગ્રામશૈલીનું આલેખન; અમદાવાદના જ્યોતિકુમારનું એક સુંદર રેખાંકન; ખોડીદાસ પરમાર (ભાવનગર)નું લોકશૈલીનું 'ચિતર', અને છેલ્લે દિનેશ તથા ઓનિતા શાહે મુંબાઈથી મોકલેલું પોતાનું એક ભાવનાભર્યું લિનોકટ. આ ઉપરાંત આ અંકના પૂઠા પર વાસુદેવ સ્માર્ત (વારાણસી)નું રેખાંકન, ઇન્દ્ર દુગડનો મોર તથા વૃંદાવન સોલંકીનું ગ્રામશૈલીનું આલેખન એ પણ આ વર્ષનાં અભિનંદન-પત્રોમાંની જ વાનગી છે. પોતાને હાથે જ કંઈ કરીને મોકલવાના આ તથા અન્ય અનેક મિત્રો અને વાચકોના આગ્રહ પાછળની એમની 'કુમાર' પ્રત્યેની આત્મીયતા માટે ધન્યવાદ.



–સં.

ટિકિટ સંગ્રહ

કેટલીક નવી ટિકિટો





મથાળે પહેલી ટિકિટ ઈરાનના મહાન સમ્રાટ ખુશરુએ સ્થાપેલા આદર્શોના ઘોષણા-પત્રની ૨૫૦૦મી જયંતી નિમિત્તે ગઈ ૧૨મી ઑક્ટોબરે ભારતે બહાર પાડી. (પ્રેષક : ડાહ્યાભાઈ પરમાર · અમદાવાદ) ડાબીબાજુની તથા નીચેની, ઈટાલીના વિમાન વ્યવહાર 'અલઈટાલિયા'ની રજત-જયંતી નિમિત્તની છે. પોતાના નામના પ્રથમાક્ષર સાથેનાં તેના પરનાં આલેખનો ચાતુરીભર્યાં અને સૂચક છે. આ ઉપર આપેલી બંને ટિકિટો ક્વાલાલામ્પુરમાં ગઈ ૧૩મી સપ્ટેમ્બરે યોજાએલી કૉમનવેલ્થ પાર્લમેન્ટરી કૉન્ફરન્સ પ્રસંગની મલયેશિયાએ બહાર પાડી છે. બંને પર ત્યાંની પાર્લમેન્ટના મકાનનાં સુંદર દૃશ્યો છે. (એના તથા નીચેની ત્રણના પ્રેષક: સદાનંદ જોષી અમદાવાદ)















આ ત્રણ ટિકિટો 'રીજનલ કો-ઑપરેશન ફોર ડેવલપમેન્ટ'ની સાતમી જયંતી નિમિત્તે પાકિસ્તાને ગઈ ૨૧મી જુલાઈએ બહાર પાડી છે. તેમાં અનુક્રમે તુર્કસ્તાનની એડન શહેરની સેલિમાય મસ્જિદ, લાહોરની બાદશાહી મસ્જિદ તથા ઈસ્ફહાનની છઙરબાગની ધાર્મિક શાળાનું ચિત્ર છે.

અનુસંધાન] **તારુણ્યની તકલીફો** [પૃ. ૪૪૯થી

સ્ત્રીઓને એક સામાન્ય આપત્તિ થાક (ફટીગ)ની છે. આનાથી જીવન-શક્તિ હણાતી હોવાથી જીવભરની હોંસ ભાંગી જાય છે. થાકમાં મન અને શરીરની અસ્વસ્થતા આવી જાય છે. યુવાન માતાની કમર દુખવી, પ્રૌઢાની શિરોવેદના, નોકરી કરતી સ્ત્રીનો સવારના ઊઠતાંવેંતનો થાક આ બધાં શરીરના બગાડના કારણરૂપ ફટીગ તરુણ વયની સ્ત્રીને પણ પજવે છે. બોજની જેમ થાક પણ આજની ધમાલિયા સંસ્કૃતિની એક આફત છે. મન ને સંવેદના ઉપર બહુ બોજ આવે ત્યારે શરીર ધીમેધીમે નબળું પડી થાકનાં લક્ષણો વરતાય છે. આનાથી જીવનનો આનંદ અને શક્તિ હણાય છે. આ થાક, પુષ્કળ કામ ઉપાડવાથી કે શ્રમ કરવાથી લાગતો શારીરિક થાક નથી. આ તો થાકની એવી લાગણી છે કે જેમાં શિરોવેદના, કમરનો દુખાવો, શરીરનું ભારેપણું અને ચાલતાં પગ ઘસડાય તથા અવાજ માંદલો બને એવી સુસ્તી વગેરે લક્ષણો વરતાય છે. દિવસો અરે, મહિનાઓ સુધી એ અનુભવાય છે.

દરેક સ્ત્રીને પોતાના જીવનકાળમાં ઘણી વાર (સગર્ભાવસ્થામાં બાળકોને ઉછેરવામાં, ઋતુનિવૃત્તિના કાળમાં તથા નોકરી કે ઘરકામમાં મન કંટાળે એવું એકસરખાપણું, હતાશા વગેરે કારણોથી) ફટીગનો અનુભવ જિંદગીના એક ભાગરૂપ બની રહે છે. આનો પ્રથમ અનુભવ તરુણવયમાં બારથી સત્તર વર્ષની વયમાં અંતઃસ્રાવી ગ્રંથિઓના ફેરફારના વરસોમાં થાય છે. આનાં લક્ષણો ખયાલમાં ન આવે એવી રીતે શરૂ થઈ એવી જ રીતે અદૃશ્ય થાય છે. યુવાવસ્થાનાં આવાં લક્ષણોમાં સવારમાં જાગવાની મુશ્કેલી સાથે આખો દિવસ આંખો ઉપર ભાર રહે છે. આ સ્થિતિને વડીલોએ યોગ્ય રીતે સમજીને દીકરીને ટોકયા કરવાને બદલે પૂરતો આરામ મળે તે જોવું જોઈએ. અભ્યાસ કે ધંધાકીય ફરજો બાજુએ રાખી અઠવાડિયામાં ચારેક દિવસ તેને વહેલું સૂવા મળે તેમ થવું જોઈએ.

(હવે પછી 'ચહેરાની માવજત')

ઇસ્લામી સુલેખનકળા

ડૉ. ઝિયાઉદ્દીન અ. દેસાઈ
અરબીફારસી કક્ષ • પુરાતત્ત્વ ખાતું (ભારત સરકાર)

ઈસ્લામી સુલેખનમાં ભારતનો ફાળો

અરબી લિપિલેખન શૈલીઓ તેમજ તેનાં આલંકારિક સ્વરૂપોના થોડા વિસ્તૃત વર્ણન પછી હવે આ સુલેખનકલામાં ભારતે આપેલા ફાળા વિષે થોડો પરિચય આપવો આવશ્યક છે. ભારતમાં વિશેષ કરીને સમુદ્રતટના પ્રદેશોમાં મુસ્લિમ વસાહતો સારી એવી સંખ્યામાં હતી પરંતુ ૧૧-૧૨મી સદીમાં ઉત્તર હિંદ પર તેમનું રાજકીય વર્ચસ્વ સ્થપાયા પછી તેમનો વસવાટ સ્થાયી તથા વૈભવશાળી પણ થયો. પરિણામે શિલ્પસ્થાપત્યની જેમ અરબી-ફારસી સુલેખનકલાને પણ સારો એવો વેગ મળ્યો. વળી, આ દરમિયાન જ્યાંથી મુસ્લિમો આવ્યા તે દેશોમાં સુલેખનકલાનો એક શાસ્ત્ર તરીકે સંપૂર્ણ વિકાસ થઈ ચૂક્યો હતો; એટલે અહીં હિંદુસ્તાનમાં પણ ૧૩મા સૈકાથી જ આ કલાના સુંદર નમૂનાઓ સર્જાવા માંડ્યા હોય તે સ્વાભાવિક છે. છતાં સંજોગાનુસાર, મુઘલ સમય પહેલાંના સુલેખનકલાના નમૂનાઓની વસ્લીઓ ઉપલબ્ધ નથી. અલબત્ત, પુસ્તકોમાં સુલેખનના નમૂના મળે છે ખરા, પણ અલ્પ સંખ્યામાં. મુઘલ સમય પહેલાંના સુલેખનના ઉત્કૃષ્ટ નમૂના દિલ્હીમાં ઇલ્તુમિશના મકબરા ને કુત્બમિનાર, અજમેરની 'અઢાઇ દિનકા ઝોપડા' જેવા અરસિક નામથી ઓળખાતી ૧૨મી સદીના અંતમાં બંધાએલી સુંદર મસ્જિદ, તેમજ બિહાર, બંગાળ, ગુજરાત વગેરે પ્રદેશોમાં મળતા ખલ્જી અને તુગ્લુક વંશીય અભિલેખો અને સિક્કાઓમાં જોવા મળે છે.

બિહારમાં તે સમયના પ્રાદેશિક પાટનગર બિહાર શરીફમાં મળેલા સંખ્યાબંધ શિલાલેખોમાં તુગ્લુક-કાલીન સુંદર સુલેખન જોવા મળે છે. આ અભિલેખોની શૈલી મૂળ તો નસ્ખ છે પણ તેમાં રિકાઅ રહાનનાં લક્ષણો તેમજ કલાકારના પોતાના પ્રભાવથી તેના અક્ષરોના વળાંક તેમજ સ્ટ્રોકોના આડા તિરછા ખેંચાવ અતિશય કલાત્મક તથા સુરમ્ય છે. એ જ રીતે દક્ષિણમાં પણ બહ્મની સામ્રાજ્યના ઘણા અભિલેખો સુલેખનની દૃષ્ટિએ ઉચ્ચ કોટિના ગણી શકાય. આમાં યે બહ્મની પાટનગર બીદર (હાલ મૈસૂર રાજ્ય)માં જે એક સુંદર લેખ છે છે તે બહ્મની બાદશાહ મહ્મૂદશાહે ખુદ પોતાના હસ્તે ઈ. ૧૫૦૩માં સુંદર નસ્ખ શૈલીમાં લખેલો છે. ટૂંકમાં મુઘલ કાળ પહેલાંના દેશના વિવિધ ભાગોમાં શિલાલેખોના અસંખ્ય સુંદર નમૂનાઓ છે. જેમાંથી થોડા ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના અરબી અને ફારસી શિલાલેખોના અધીક્ષકના નાગપુર ખાતેના કાર્યાલય તરફથી પ્રગટ થતા અંગ્રેજી વાર્ષિક 'એપિગ્રાફિયા ઇન્ડિકાના અરેબિક ઍન્ડ પર્શિયન સપ્લિમેન્ટ'માં તથા તેના પુરોગામી દ્વિવાર્ષિક 'એપિગ્રાફિયા ઈન્ડોમોસ્લેમિકા'ના અંકોમાં પ્રકટ થએલા છે.

આ ઉપરાંત, મુઘલ સમય પહેલાંના ભારતના ઇતિહાસમાં પણ સુલેખન કલા વિષે ઉલ્લેખો મળે છે, પરંતુ એ પણ નિર્વિવાદ હકીકત છે કે મુઘલ સમય પહેલાંની સુલેખનકલાની ઉપાસનાના પ્રતીક રૂપ એવી વસ્લીઓના નમૂના મળતા નથી. આનું એક કારણ એ પણ ગણાવી શકાય કે ભારતમાં વસ્લીઓ લખવાની પ્રથા મુઘલ સમયમાં અસ્તિત્વમાં આવી હશે. વસ્તુસ્થિતિ એ પણ છે કે મુઘલ સમયના મુકાબલે દિલ્હી સલ્તનતના સમયની હસ્તપ્રતો, ચિત્રો વગેરેમાં કલા ને સુલેખનનો ખયાલ આપતી સાધનસામગ્રી પ્રમાણમાં ઓછી જળવાઈ છે.


આમ હોય તો પણ મુઘલ સમ્રાટોની કલારસિકતાએ ચિત્રકળાની જેમ સુલેખનકલાના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. દેશનિકાલ થએલો બાદશાહ હુમાયૂં પોતાના ફરજિયાત ઇરાન-નિવાસ પછી હિંદુસ્તાન પાછો ફર્યો ત્યારે પોતાની જોડે ઈરાની વિદ્વાનો, લેખકો અને કવિઓની સાથે કલાકારો પણ લેતો આવ્યો હતો એ એક ઐતિહાસિક હકીકત છે. એના પછી અકબર, જહાંગીર તેમજ તેમના અનુગામીઓ તથા તેમના અમીર ઉમરાવોના કલાપ્રેમ અને વિદ્યાપ્રિયતાના પ્રતીક રૂપ, લખલૂટ ઈનામ અકરામથી પ્રોત્સાહિત થઈ દેશમાં પરદેશી કલાકારોની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ ગઈ. આ સંદર્ભમાં સમકાલીન ઈરાની સાક્ષરો અને ઇતિહાસકારોના આ કથન તરફ ધ્યાન દોરવું અનુચિત નહિ ગણાય કે ફારસી સાહિત્ય અને કલારસિકોનું ૧૬-૧૮મા સૈકા દરમ્યાન સાંસ્કૃતિક કેન્દ્ર ઈરાન નહિ પણ હિંદુસ્તાન હતું!

મુઘલ સમ્રાટોની કલારુચિ તો જાણીતી હોઈ તેનો સવિસ્તર ઉલ્લેખ અહીં જરૂરી નથી. તેમના શાહઝાદા તેમજ શાહઝાદીઓને સારામાં સારા સુલેખકો પાસે સુલેખનની તાલીમ અપાતી હતી. ખાને ખાનાન અને એના જેવા બીજા અનેક અમીર ઉમરાવોનું પણ, વસ્તુપાળ તેજપાળની જેમ, સાહિત્યકારો અને કલાકારોનું જુદું જ વર્તુળ રહેતું અને સમૃદ્ધ પુસ્તકાલયોમાં નામી લહિયાઓ અને સુલેખકો સારા એવા વેતને કામ કરતા. ટૂંકમાં ભારતમાં સુલેખનકલાની ખરી પ્રગતિનો યશ મુગલોને છે એમ કહેવામાં અતિશયોક્તિ તો નથી જ.

હુમાયૂં તેમજ અકબરી ને જહાંગીરી દરબારના સુપ્રસિદ્ધ લહિયાઓમાં મુખ્ય એવા ખ્વાજા સુલતાનઅલી, મહ્મૂદ શિરબી, અબ્દુસ્સમદ 'શીરીન-રકમ' (મધુર-લખાણ), અકબરી પુસ્તકાલયનો ગ્રંથપાલ ઈનાયતુલ્લાહ શિરાઝી, મીરહુસૈન કુલંગી, કાતિબુલ્મુલ્કની ઉપાધિવાળો કવિ મીરદવરી, અબ્દુલ્લાહ તિર્મિઝી 'મુશ્કીન્ કલમ' (કસ્તુરી-કલમ) અને તેના પુત્રો મુહમ્મદ સાલિહ ને મુહમ્મદ મોમિન, મુહમ્મદહુસૈન કશ્મીરી 'ઝર્રીન-કલમ' (સુવર્ણ-કલમ), મુલ્લાઅલી 'મુહ્રકન' (મુદ્રાઓ કોતરનાર —seal-engraver), અબ્દુરહીમ રૌશન-કલન(તેજસ્વી-કલમ) તેમજ 'અંબરીન્ કલમ' (અંબર-કલમ), ખંજર બેગ, અશ્રફખાન મીરમુન્શી, કિફાયતખાન, મુહમ્મદ હસન કાતિબ, મુહમ્મદ શરીફ, મુહમ્મદ મુરાદ કશ્મીરી, શરફુદ્દીન અબ્દુલ્લાહ વગેરે જાણીતા છે. આ કલાકારોએ લખેલાં પુસ્તકો ને વસ્લીઓના ઘણા નમૂના સંઘરાએલા મળે છે.

શાહજહાનના રાજ્યકાળમાં સુપ્રસિદ્ધ ઈરાની નસ્તાલિક શૈલીમાં સમ્રાટ ગણાતા મીર ઈમાદ કઝવીનીના ભાણેજ આકા અબ્દુર્રશીદ દૈલમીનું ભારતમાં આગમન થયું. તે પોતે પણ ઉત્તમ નસ્તાલિક-લેખક હતો. દારા શિકોહ, શાહ શુજા, જહાનઆરા વગેરેની સુલેખન તાલીમ માટે શાહજહાંએ એની નિમણૂક કરી હતી. 'આકા'ના ઉપનામથી વધુ જાણીતા આ સમર્થ કલાકારની અનેક વસ્લીઓ સંગ્રહસ્થાનોમાં સંઘરાએલી છે. તેના પુત્ર મીર હાજીએ પણ સુલેખનમાં બાપની જેમ નામ કાઢ્યું હતું. સુલેખનકલાના અભ્યાસીઓના અભિપ્રાયમાં પિતાપુત્રની લખાવટમાં એટલું બધું સામ્ય છે કે એકને બીજાથી જુદું પાડવું કઠણ છે. એ જ કાળનો બીજો વિખ્યાત સુલેખનકાર મીર અલી છે જે મૂળ ઈરાનમાં આવેલા તબ્રેઝનો રહેવાસી હતો. શાહજહાનના દરબારમાં તેને 'જવાહિર-રકમ' (રત્નમણિ-કલમ)નો ખિતાબ હતો. ઔરંગઝેબના પુત્રોને સુલેખનનું શિક્ષણ તેની પાસેથી મળ્યું હતું. તેના મૃત્યુ પછી તેના પુત્રને પણ 'જવાહિર રકમ'નો ખિતાબ મળ્યો હતો, પણ વિવેચકોના મતે તેનું સુલેખન બાપના કરતાં ઊતરતી કોટિનું છે.

આકા અબ્દુર્રશીદના શિષ્યોમાં બે બ્રાહ્મણ ભાઈઓ ચંદ્રભાણ અને સૂરજભાણ, ખ્વાજા નામી, અબ્દુર્રહમાન ને અબ્દુરહીમ 'ફર્માન-નવીસ', ઔરંગઝેબની વિખ્યાત પુત્રી ઝેબુન્નિસા અર્થાત્ બેગમસાહેબનો શિક્ષક મુહમ્મદ અશ્રફ સઈદ અને મુહમ્મદ મુકીમ છે. દારા શિકોહની કલારસિકતાના પ્રતીક રૂપ 'મુરક્કએ દારા શિકોહ' છે જેનું સવિસ્તર વર્ણન



હૈદરાબાદના સુલેખન કલાકાર મુહમ્મદ જાબિર કુરેશીએ ઈ. સ. ૧૯૫૭માં લખેલી આ વસ્લીમાં ઈસ્લામી સુલેખનની અનેકવિધ શૈલીઓનો એકસાથે પ્રયોગ કરેલો છે.

થોડા વર્ષો પહેલાં પંજાબ યુનિવર્સિટીની ઑરીએન્ટલ કૉલેજના મૅગેઝીન-માં રજૂ થએલું. દારા શિકોહ સાથે સંકળાએલ એક સુલેખનકાર મુહમ્મદ અફ્ઝલ છે જેની વસ્લી પરથી તે પણ સારો કલાકાર જણાય છે.

આ સમયનો બીજો સુપ્રસિદ્ધ સુલેખનકાર અબ્દુલ્બાકી હદ્દાદ છે જે શાહજાદા ઔરંગઝેબના આમંત્રણથી શાહજહાનના રાજ્યકાળના અંતિમ દિવસોમાં હિંદુસ્તાન આવ્યો હતો. ગાદીએ બેઠા પછી ઔરંગ-ઝેબે તેને 'યાકૂત-રકમ' (માણેક જેવું લેખન)નો ખિતાબ આપ્યો હતો. અબ્દુલ્બાકીના સુલેખનની વિશેષતા છે 'ખફી' (બારીક લખાણ), જેનો એક ઉત્તમ નમૂનો દિલ્હીના લાલ કિલ્લાના સંગ્રહાલયમાં છે. તેના બે પુત્રો અલી અસ્ગર અને અલી અકબર પણ સારા લહિયા હતા. પણ એ બંને કરતા વધુ નિપુણ તેનો શિષ્ય અને ઔરંગઝેબના પુત્ર શાહ-આલમ બહાદુરશાહનો ગુરુ મુહમ્મદ આરિફ હિર્વી હતો, જેને તેના રાજવંશી શિષ્યે ગાદીએ બેઠા પછી 'યાકૂતરકમખાન'નો ખિતાબ આપ્યો હતો. ઔરંગઝેબના સમયનો બીજો ખ્યાતનામ સુલેખનકાર એ તેનો ગ્રંથપાલ હિદાયતુલ્લાહ 'ઝરીન-રકમ' છે. તેણે ઉપર્યુક્ત અલી 'જવાહિર-રકમ' પાસેથી સુલેખનનું શિક્ષણ લીધું હતું ને તે આ કલામાં ઔરંગ-ઝેબના પુત્ર કામબક્ષનો શિક્ષક હતો. ઔરંગઝેબના દરબારના બીજા બે અગ્રગણ્ય લહિયા મુહમ્મદ બાકિર અને હાજી ઈસ્માઈલ છે, જેમની સુલેખન-કલા ઔરંગઝેબની પ્રશંસાની અધિકારી બની હતી. હાજી ઈસ્માઈલને 'રૌશન-કલમ'ની ઉપાધિ હતી. આ સમયનો વિખ્યાત શિકસ્તા લેખક અબ્દુલ્લાહ દિરાયતખાન છે.

ઉપર્યુક્ત કલાકારોની વસ્લીઓ તેમજ સુલેખનના બીજા નમૂનાઓ જુદાંજુદાં સંગ્રહાલયોમાં સારી એવી સંખ્યામાં જોવા મળે છે. એમના સમકાલીન બીજા કેટલાક કલાકારોની વસ્લીઓ વગેરે ઉપલબ્ધ છે, પણ જેમના વિષે વધુ માહિતી મળતી નથી તે ઈબાદુલ્લા, મુહમ્મદ અમીન મશ્હદી, સૈયદ અહ્મદ, મુહમ્મદ નઈમ ઈસ્ફહાની, મુહમ્મદ સાદિક, મીર હબીબુલ્લાહ, મૂળરાજ, શેખ નૂરુલ્લાહ, મુહમ્મદ ઝાહિદ વગેરે છે.

ઔરંગઝેબના સમય પછી પણ સુલેખનનું મહત્ત્વ એવું જ રહ્યું હતું. ૧૮મા સૈકાના પૂર્વાર્ધના ઉત્તમ કોટિના લહિયાઓમાં કાઝી ઈસ્મતુલ્લાહ ખાનનું નામ મોખરે છે. તેને 'જલી' (મોટા અક્ષરો) તેમજ 'ખફી' બંને લખાવટની સારી ફાવટ હતી. તેના એક શિષ્ય અહ્મદ કુલીખાનને નસ્ખમાં સારી હથોટી હોવાનું તેની ઉપલબ્ધ વસ્લીઓ પરથી જણાય છે. તેના બીજા સમકાલીનોમાં મુખ્ય હાતિમબેગ, હાજી નામદાર, રૂપ-ચંદ ખુશ્નવીસ, અફ્ઝલ હુસૈની, મુહમ્મદ આકિલ, મુહમ્મદ મૂસા અને તેના શિષ્ય સિદ્ધરાય, મુહમ્મદ હાફિઝખાન ને તેના શિષ્યો અબુમુહમ્મદ ઈસ્માઈલ સબ્ઝવારી, લછમન (લક્ષ્મણ) સિંગ અને પંડિત લછમી-(લક્ષ્મી) રાય, અબ્દુલ્વાહિદ નાદિર-રકમ (અદ્ભુત લેખન) છે. આ જ સમયના બીજા સમય સુલેખનકારોમાં દિરાયતખાન પછી શિકસ્તા શૈલીના ઉત્તમ લેખક તરીકે મુઘલ સમ્રાટ મુહમ્મદશાહના દરબારી લહિયા મુહ-મ્મદ મુરીદખાન ગણાય છે. તેનો મશ્હૂર શિષ્ય પ્રેમનાથ છે, ને પ્રેમનાથના શિષ્યો ઈમામુદ્દીન હસન, હયાતઅલી, અબ્દુલ્કરીમ, રાજા શેરસિંગ, રાજા ઉમ્મેદસિંગ, લાલા દુર્ગાપ્રસાદ, શંકરનાથ વગેરે પણ જાણીતા છે, આ જ સમયના નકી અલ્હુસૈની અને મુહમ્મદ અહસનુલ્લાહખાન સારા તાલિક-લેખકો હતા તેમ તેમની કૃતિઓ પરથી જણાય છે.

મુઘલ સમ્રાટ આલમગીર બીજાનો દરબારી લહિયો અને સુલેખન-કળામાં તેનો પોતાનો શિક્ષક વારિસુદ્દીન ગુલામમુહમ્મદ હફ્તકલમી (સાત-કલમ નિષ્ણાત) છે. તેનું સુલેખનકારોનો વૃત્તાંત આપતું એક પુસ્તક 'તઝકેરએ ખુશ્નવીસાન' છે, જે એશિયાટિક સોસાએટી-બંગાલ, કલકત્તા, તરફથી ૧૯૨૬માં પ્રગટ થયું છે. શાહઆલમ બીજા અને તેના અનુગામીના સમયના મુખ્ય સુલેખનકારોમાં દરબારી લહિયો અને શાહઆલમના પુત્ર કામબખ્શનો શિક્ષક હાફિઝ મુહમ્મદ અલી, ખલીફા સુલ્તાન અને તેનો શિષ્ય મીર મુહમ્મદ હુસૈન, શાહ અઝીઝુદ્દીન અને તેના શિષ્યો ખુશ્વક્તરાય અને મુહમ્મદ આબિદ, અકબરશાહ બીજાના દરબારી સુલેખનકાર હાફિઝ ઈબ્રાહિમ, મુહમ્મદઅલી 'એજાઝ-રકમ' (ચમત્કાર-લેખન), મુહમ્મદ બાકિર 'નાદિર-રકમ વગેરે છે.'

આખરી મુઘલ સમ્રાટ બહાદુરશાહ પોતે એક સારો કવિ હોવા ઉપરાંત સુલેખનકલાનો પણ સારો અભ્યાસી હતો. તેના દરબારમાં યે મુઘલ રાજ્ય તેમજ સંસ્કૃતિના અસ્ત સમયે પણ સારી સંખ્યામાં કવિ-ઓ અને સુલેખનકારો મોજૂદ હતા. બહાદુરશાહે પોતે લખેલી વસ્લી-ઓ પણ દિલ્હીના લાલ કિલ્લાના મ્યૂઝિયમમાં જોવા મળે છે.

આ ઉપરાંત, ૧૮–૧૯મા સૈકાના સુલેખનકારોમાં બદુદ્દીનઅલીખાન 'મુરસ્સઅ-રકમ' (રત્નજડિત-કલમ), ગુલામ બખ્શખાન, ઉર્દૂના વિખ્યાત કવિ મીર સોઝ, મીર અહમદ તબાતબા, સૈયિદ ઈમામઅલી અને તેના પુત્ર જલાલુદ્દીન રિઝવી, મીરમુહમ્મદ હુસૈન, મીર કલ્લન, સૈયિદ ઈના-યત અહમદ 'અતારદ-રકમ' (દેવી લહિયા : અતારદ=બુધગ્રહ જેવા લેખનવાળો), દેવીનાથ સહાય 'ફૈઝ-રકમ (દૈવીકૃપા-લેખન), તજમ્મુલ-અલીખાન, ઈમામ વીર્દી વગેરેનાં નામો જાણીતાં છે. પણ આ સૌથી નિષ્ણાત અને સમર્થ કલાકાર તરીકે પ્રસિદ્ધ સૈયિદ મુહમ્મદ અમીર રિઝવી 'પંજા-કશ' છે. તે ઈ. ૧૮૫૭માં દિલ્હીમાં પોતાના મકાનનું રક્ષણ કરતાં બ્રિટિશ સૈનિકોના હાથે મરાયો હતો. તેના શિષ્યોમાં સૌથી વધુ નામ કાઢયું એક નવમુસ્લિમ આગા મીર્ઝાએ, જે જન્મે ખ્રિસ્તી હતો. પંજાકશના બીજા શિષ્ય ઈબાદુલ્લાહને બહાદુરશાહના દરબારમાં 'એજાઝ રકમ' તથા 'ઝમર્રુદ-રકમ' (નીલમ-કલમ)ના ખિતાબો મળેલા.

દક્ષિણ હિંદુસ્તાનમાં પણ મુઘલ બાદશાહતનાં લગભગ સમકાલીન એવાં પાંચ મુસ્લિમ રાજ્યોમાં ખાસ કરીને વિજાપુર, ગોવળકોંડા અને અહમદનગરની રાજધાનીઓમાં સારી એવી સંખ્યામાં સુલેખનકારો હતા. વળી, બહ્મનીઓના સમયથી શરૂ થઈ ગએલા શીયા (શુદ્ધ **શી**આ') સંપ્રદાયનો પ્રભાવ આ રાજ્યોમાં મહદ્ અંશે વધેલો હોઈ ઈરાન જેવાં શીઆ પંથી રાજ્યોમાંથી કલાકારો સારી સંખ્યામાં ત્યાં આવતા. ૧૭મી સદીના દક્ષિણનાં મુખ્ય સુલેખનકારોમાં મુહમ્મદ મુહસિન હિર્વી (બુર્હાન નિઝામશાહ, અહમદનગર), મીર ખલીલુલ્લાહ (ઇબ્રાહિમ આદિલશાહ, બિજાપુર), મુહમ્મદ હુસૈન (મુહમ્મદ કુત્બશાહ, હૈદરા-બાદ) અને મીર અરબશીરાઝી તેમજ ખુશ્નવીસખાન (સુલેખક-ખાન) (અબ્દુલ્લાહ કુત્બશાહ)નાં નામો અગ્રગણ્ય છે.

દક્ષિણના કલારસિક રાજવીઓની પરંપરા એક અર્થમાં તેમના રાજ્યના ઉત્તરાધિકારી કહી શકાય તેવા હૈદરાબાદ રાજ્યના આસફજાહી નિઝામોના સમયમાં પણ છેવટ સુધી ચાલુ રહી. દા. ત. છેલ્લા એક સૈકાના આસફજાહી દરબારના મુખ્ય સુલેખનકારોમાં હિદાયતઅલી 'વિલાયત-રકમ', જમશેદ કુલીખાન, મહારાજા કિશનપર્સાદ (કૃષ્ણ-પ્રસાદ), મુહમ્મદ મુઝફ્ફરુદ્દીન અમીર યાવર જંગ અને તેના શિષ્ય અલીખાન વગેરે મુખ્ય છે. હૈદરાબાદના સમકાલીન સુલેખકોમાં મીર્ઝા હશ્મતઅલીખાન 'નાદિર-રકમ', મુહમ્મદ જાબિર, મુહમ્મદ યાકૂબ-અલી, નવ્વાબ મુઈનુદ્દીનઅલીખાન વગેરે પ્રસિદ્ધ છે.

આ જ પ્રમાણે ઉત્તર હિંદમાં મુઘલોના અંતિમ સમયમાં અવધ (રાજધાની લખનૌ), રામપુર અને પંજાબ તથા રાજપુતાનામાં સ્વતંત્ર રાજ્યો તરીકે અસ્તિત્વમાં આવેલા બીજા નાનામોટા એવા વિસ્તારો-માં પણ સાહિત્યકારો સાથે લહિયાઓનું સારું માન હતું. ફારસી રાજ્ય-ભાષા હોઈ, તેમજ આ સમયે લગભગ સંપૂર્ણરીતે વિકાસ પામેલી ઉર્દૂ ભાષાનુ સંસ્કારી તેમજ સાધારણ જનસમૂહમાં પ્રાધાન્ય વધતું જતું હોઈ અરબી સુલેખનનો અભ્યાસ વધતો રહ્યો. વિશેષ કરીને ૧૮મી

સદીના ઉત્તરાર્ધથી તો ઉત્તર હિંદમાં ઉર્દૂ-ફારસીનું ચલણ વ્યાપક હોઈ, આપણા ગુજરાતના નાગર કુટુંબોની જેમ ઉત્તર હિંદમાં કાયસ્થ કુટુંબોએ આ ભાષાઓને અપનાવી હતી. આથી તેમનામાં પણ સાહિત્યની જેમ સુલેખનકળાના અભ્યાસીઓની સંખ્યા સારી હતી. છેલ્લે તો એ કલાનાં પાઠ્યપુસ્તકો રચનારાઓમાં 'અઝંગે ચીન'ના લેખક પંડિત દેબીપ્રસાદ જેવા બાહોશ સુલેખનકારોનાં નામ જોવા મળે છે.

લખનૌ, રામપુર વગેરેના મુખ્ય સુલેખકો છે હાફિઝ નૂરુલ્લાહ અને તેના શિષ્યો તજમ્મુલ હુસૈનખાન, સર્બ (સર્વ) સુખરાય અને નન્દરામ, મુહમ્મ અલી અને તેના શિષ્યો બખ્શુલ્લાહ, કાઝી નેઅમતુલ્લાહ, મીર નિસારઅલી તેમજ મીરઝા મુહમ્મદઅલી હક્કાક, મુહમ્મદ બાકિર તુગ્રાનવીસ (તુગ્રા-લેખક), મુહમ્મદ હુસૈન અતાખાન 'મુરસ્સઅ-રકમ' ખેરાતઅલી અને તેનો શિષ્ય આકા મુઝફ્ફરુદ્દીન, અને સમકાલીનોમાં તાજુસ્શોઅસ 'ઝરીન-કલમ' મુહમ્મદ મઝહર અલીખાન 'ખુશ-રકમ,' ઈલાહીબખ્શ 'મરજાન-રકમ', ગુલામહુસેન 'જવાહર-રકમ', શેખ મુમ્તાઝ-ઝહુસેન જૌનપુરી વગેરે છે.

છેલ્લાં સોએક વર્ષથી સુલેખનકલાની સર્વવ્યાપકતા તેમજ તેનું વર્ચસ્વ પ્રમાણમાં સહેજ ઘટ્યું છે. ફારસીને સ્થાને અંગ્રેજીની રાજ્યભાષા તરીકે સ્થાપના તેમજ પ્રાદેશિક ભાષાઓના વિકાસને લઇને આ કલા આમ તો સાવ મૃતઃપ્રાય બની ગઈ હોત, પરંતુ છેલ્લા બે અઢી સૈકામાં ઉર્દૂ ભાષાનો જે સર્વવ્યાપી જેવો વિકાસ થયો તેને લઈને આ કલા હજુ જીવંત છે. ચાલુ સદીમાં પણ ઉર્દૂ-ફારસી ભાષાનાં પ્રકાશનોમાં તેનું સ્થાન ટકી રહ્યું છે, કેમ કે બીજી પ્રાદેશિક ભાષાઓને મુકાબલે આ ભાષામાં પુસ્તકો હજુ ટાઈપ-મુદ્રણથી નહિ પણ 'લિથોગ્રાફી'થી છપાય છે. જેના માટે ઉત્તમ કક્ષાના લહિયાઓની જરૂર રહે છે. આથી દિલ્હી, લખનૌ, રામપુર, હૈદરાબાદ, મુંબાઈ, પટણા વગેરેમાં તથા ઉર્દૂ પુસ્તકો, સામયિકો-દૈનિકો વગેરેનાં મુદ્રણ તેમજ વિક્રયનાં અન્ય અનેક કેંદ્રોમાં આ કલાના અભ્યાસીઓ તેમજ સારા નિપુણ અને નિષ્ણાત કહી શકાય તેવા લહિયાઓ મળે છે. છતાં આ કલાનું ભાવિ ઉજ્જ્વલ તો શું પણ અનિશ્ચિત છે. છેલ્લા એકાદ દસકાથી ઉર્દૂ પુસ્તકમુદ્રણમાં પણ ટાઈપનો પ્રયોગ (ભારત કરતાં વધુ પાકિસ્તાનમાં જ્યાં ઉર્દૂનો એક રાજ્યભાષા તરીકે સ્વીકાર થયો છે) ઉત્તરોત્તર વધતો જાય છે એટલે આ કલાનું ભવિષ્ય લાંબું છે કે કેમ તે કહી શકાય નહિ.

અનુસંધાન] **ઉરુભંગ** [પૃ. ૪૩૫થી

'બાપુ, શાંત થાઓ. વ્યાકુળ ના બનો. તમારો પુત્ર વીર મોતે મરે છે. જે માનપૂર્વક જગતમાં જન્મ્યો ને જીવ્યો તે માનપૂર્વક જ હું સ્વર્ગમાં જાઉં છું. મારા મૃત્યુનો શોક કેવો?' પછી ગાંધારીને ઉદ્દેશીને દુર્યોધન અંતિમ વચનો બોલી રહ્યો: 'મા, તને પ્રણામ કરીને પ્રભુને એ જ પ્રાર્થના કરું છું કે મારું જો કંઇક પુણ્ય હોય તો આવતા ભવે પણ તું જ મારી મા થજે.'

અશ્રુભીની આંખે ગાંધારી ઉચ્ચરી રહી: 'બેટા, મારી જ અભિલાષા તેં વર્ણવી દીધી.'

પોતાની રાણીનો વિલાપ સાંભળી દુર્યોધન તેને આશ્વાસનનાં વચનો કહી રહ્યો: 'માલવી! તારો પતિ ધર્મયુદ્ધ લડીને વીર ગતિ પામ્યો છે ને તું ક્ષત્રિયાણી વિલાપ કરી રહી છે?'

માલવી રડતી રડતી ઉચ્ચરી: 'હું તો અબલા છું...' ત્યાં તો પૌરવી આંખનાં આંસુ લૂછતી મક્કમતાથી બોલી: 'મહારાજ, હું હવે નહિ રડું. ચિતાપ્રવેશનો મેં સંકલ્પ કરી લીધો છે.'

દુર્યોધને દુર્જયને પોતાની સોડમાં ખેંચવા માંડ્યો: 'બેટા, દુર્જય! પાંડવોને પિતા તુલ્ય ગણજે... દ્રૌપદીને મા ગણીને તેમની પૂજા કરજે.'

બલરામ દુર્યોધનના આ ઉદ્‌ગાર સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા: 'અહો! વેરને સ્થાને પશ્ચાત્તાપ આવ્યો!'

એકાએક સૌના કાન સરવા થયા. ધનુષનો પ્રચંડ ટંકાર દૂરથી સંભળાયો ને સત્વર અશ્વત્થામા એમની તરફ વેગથી ધસતો આવ્યો. દુર્યોધનને ભૂમિ પર પડેલો જોઈ એ વેદનાનો ચિત્કાર કરી ઊઠ્યો: 'કુરુરાજ! આ શું?'

'અસંતોષનું ફળ'. દુર્યોધને સ્વસ્થતાથી ઉત્તર દીધો.

અશ્વત્થામા આ સ્વસ્થતા સહી શક્યો નહિ. એ ગર્જના કરી ઊઠ્યો: 'નહિ, નહિ; મૂળ સાથે સર્વને ઉખેડી નાખીશ. કૃષ્ણ અને પાંડવોનું નિકંદન કાઢીશ.' એનું અંગ રોષથી કંપવા લાગ્યું.

દુર્યોધને શાંતિપૂર્વક કહ્યું: 'ગુરુપુત્ર! રોષ ના શોભે. આખું રાજકુળ હણાઈ ચૂક્યું છે. કર્ણ સ્વર્ગે ગયો, ભીષ્મ બાણશય્યામાં પોઢી ગયા, બધા જ ભાઇઓ યુદ્ધમાં હોમાઈ ગયા અને હું આ દશા પામ્યો છું. આપ ધનુષ્ય મૂકી દો.' અશ્વત્થામા આશ્ચર્યથી બોલ્યા: 'અરે કુરુરાજ! ઊરુની સાથે તમારો દર્પ પણ ભાંગી ગયો શું?'

'ના ના.' દુર્યોધન મક્કમ સ્વરે કહેવા માંડ્યો: 'માન (દર્પ) એ તો રાજાનું શરીર છે. માનને ખાતર મેં કુરુક્ષેત્ર માંડ્યું. જો ગુરુપુત્ર! અધર્મથી મેં પાંડવોને દ્યુતમાં પરાજિત કર્યા ને વનમાં મોકલ્યા. દ્રૌપદીના કેશ ઝાલી એનું ભયંકર અપમાન કર્યું. રણમાં બાળક અભિમન્યુને અનેક મહારથીઓએ ભેગા થઇને હણી નાખ્યો... આ બધું જોતાં પાંડવોએ તો મારો દર્પ ઉતારવા કશું જ નથી કર્યું.'

પરંતુ અશ્વત્થામાનો સંકલ્પ અચળ હતો. તેણે ત્યાં જ દુર્યોધનની સમક્ષ દુર્જયને રાજવી તરીકે સ્થાપ્યો.

સંતોષથી દુર્યોધનની દૃષ્ટિ સ્થિર થઈ...ને મૃત્યુની છાયા એને વ્યાપી વળી. એનું ચિત્ત વિકળ બની ગયું. આંખો વિસ્ફારિત કરી એ પ્રલાપ કરી રહ્યો! 'આ આવ્યા મારા પિતૃઓ...ઓ...આ કર્ણ મારું સ્વાગત કરવા આવ્યો...ના, ના...અભિમન્યુ! રોષ ન કરીશ...ઓહ! ઇન્દ્રની અપ્સરાઓ મને વધાવવા આવી...આ મહાસાગરો શાના?... આ ગંગા, યમુના...અરે...આ હંસો જોડેલું વિમા...ન આવ્યું!'

ને દુર્યોધનનો આત્મા ઊડી ગયો.

(આ વાર્તાંતરમાં સ્વ. રામનારાયણ વિ. પાઠકની અનુદિત કૃતિ 'ઊરુભંગ'નો આધાર લીધો છે તેનો ઋણસ્વીકાર કરું છું.)

ઇન્ડિયન નૅશનલ થીએટર (આઇ. એન. ટી.) યોજિત નાટ્યસ્પર્ધા

આજની નવી ગુજરાતી રંગભૂમિ કેવળ રૂપાંતરો, અનુવાદો, ફારસો વગેરેમાં જ રાચે છે એવો સૂર ઘણાં નાટ્યરસિકો પણ વારંવાર કાઢતાં સંભળાય છે. સુપેરે ભજવી શકાય એવાં સારાં સળંગ મૌલિક ગુજરાતી નાટકોની તીવ્ર તંગી સુવિદિત છે. આ પરિસ્થિતિ સુધારવામાં સહાયભૂત થવાના સદાશયથી મૌલિક ગુજરાતી નાટ્યલેખનની દ્વિતીય સ્પર્ધા ઇન્ડિયન નૅશનલ થીએટર જાહેર કરે છે. સ્પર્ધા માટે રૂપિયા પાંચ હજારનું પહેલું, ત્રણ હજારનું બીજું અને બે હજારનું ત્રીજું, એમ ત્રણ પારિતોષિકો આપવાનું વિચાર્યું છે. સ્પર્ધા માટે મોકલવાનું નાટક મૌલિક, ભજવી શકાય એવું, ન પ્રગટ થએલું કે ન ભજવાએલું હોવું જોઇએ. અન્ય નિયમો માટે અને કૃતિ મોકલવા માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

માનાર્હ મંત્રી, ઇન્ડિયન નૅશનલ થીએટર, ૧૯, હમામ સ્ટ્રીટ મુંબાઈ-૧ (બી. આર.)

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજજીવનાં
સંસ્મરણો · મનોમંથન-૧૮

ત્યારે હું કૉંગ્રેસનો વિરોધી રહ્યો

હું માનું છું કે મારા 'મનોમંથન'માં કૉંગ્રેસ વિષે અવારનવાર લખવાનું આવશે જ. મેં લખ્યું જ છે કે કૉંગ્રેસનો અને મારો જન્મ એક જ સાલ અને એક જ મહિનામાં થયો હતો. હું કૉંગ્રેસ કરતાં સપચીસ દિવસ મોટો, એટલો જ ફરક. છેક નાનપણમાં 'મામાના દીકરાએ એક નાટક ભજવી એની આવક કૉંગ્રેસને આપી છે' એમ જ્યારે સાંભળ્યું ત્યારે મનમાં એટલું જ આવ્યું કે જાતમહેનતથી કરેલી કમાણી શા માટે આ લોકો આમ વેડફી નાખતા હશે? કૉંગ્રેસ શું છે—ઘોડો કે ઊંટ એ પણ તે વખતે અમે બાળકો જાણતાં ન હતાં.

ત્યાર પછી અમે લોકમાન્યનું નામ સાંભળ્યું. (ફરગ્યુસન કૉલેજમાં ગયા પછી ગોખલે ને તિલક બંનેને મેં મારા રાજદ્વારી ગુરુ માન્યા. એ બધું છીછરું હતું.) અંગ્રેજો પારકા લોકો છે, આપણી નબળાઇઓને કારણે આપણા ઉપર રાજ કરે છે, તે અપમાનભરી સ્થિતિ છે, એટલું અમે પ્રથમથી જાણતા થયા હતા. અને અંગ્રેજોનું રાજ દૂર કરવા માટે જે કોઈ પ્રયત્ન કરે તે દેશના હિતકર્તા ગણાય, એટલું મન સાથે નક્કી થયું હતું.

કૉલેજમાં ગયા પછી 'રાજદ્વારી નેતાઓમાં નરમ અને ગરમ એવા બે પક્ષ છે' એની જાણ થઈ. નરમ લોકો માટે 'નેમસ્ત' શબ્દ વપરાતો, ગરમ લોકો માટે 'જહાલ'. સ્વાભાવિકરીતે જુવાનિયાઓ જહાલ પક્ષના હતા.

ત્યાર પછી જ રાજદ્વારી જવાબદારીનું ભાન મારામાં ઊગ્યું: દેશને સ્વતંત્ર કરવા માટે મારે કાંઈક કરવું જોઇએ. સ્વાર્થત્યાગ વગર 'સેવા' થાય નહિ, અને સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ 'બલિદાન' વગર થઈ શકે એ તો કલ્પનામાં પણ આવતું ન હતું.

મેં 'મનોમંથન'માં કાંઈક લખ્યું હશે કે નાનપણમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટે અમારી ગુપ્ત સંસ્થા હતી. પણ એમાં ઇતિહાસના જ્ઞાન વગરનાં બાલિશ વ્યાખ્યાનો, અને તે પણ બેચાર સદસ્યો વચ્ચે, અવારનવાર આપવાં, તે ઉપરાંત વધુ કાંઈ થતું ન હતું. હવે કૉલેજમાં ઇતિહાસનું જ્ઞાન વધ્યું. રાજનીતિની ચર્ચા દિવસરાત ચાલે. શિવાજીનો ઇતિહાસ, હિન્દુસ્તાન અને ઇંગ્લૅંડનો ઇતિહાસ વગેરે વાંચતાં વસ્તુસ્થિતિનું સાચું જ્ઞાન થયું. એટલે પછી અમારા યુવક મંડળે પોતાના 'ક્રાંતિકારી વિચારો' સાથે કૉંગ્રેસનું બંધારણ અને કૉંગ્રેસનો કાર્યક્રમ સરખાવવાનું જરૂરી માન્યું. અને અમે એ નિર્ણય ઉપર આવ્યા કે 'કૉંગ્રેસના નરમ દળના લોકો, અને ગરમ દળના લોકો, બંને દેશને ખોટે રસ્તે લઈ જાય છે.' 'ભારતના અંગ્રેજી રાજના બંધારણમાં સુધારા કરવાથી કે સરકાર પર દબાણ આણવાથી દેશ સ્વતંત્ર થશે એ કલ્પના જ ખોટી.' માટે આપણે 'સ્વાતંત્ર્યનો વિચાર મોળો પાડનાર અને દેશને ખોટે રસ્તે લઈ જનાર કૉંગ્રેસનો જ વિરોધ કરવો જોઇએ. પછી ભલે એ સંસ્થા દેશના નેતાઓએ સ્થાપી હોય અને રાષ્ટ્રના નામે બોલાતી હોય. આજે નહિ પણ કોક દિ' સ્વરાજ્ય મેળવવાની આશા સેવવાનો દાવો એ કરે છે, પણ એ આપણા લોકોને બંધારણીય હિલચાલ દ્વારા રાજ્યકર્તા પર પ્રભાવ પાડી એમને હાથે સ્વરાજ્ય મેળવવાની ખોટી આશા પ્રજાને આપે છે. આવી સંસ્થાનો જ્યાં સુધી આપણે વિરોધ ન કરીએ ત્યાં સુધી દેશના સ્વાતંત્ર્યનું વાતાવરણ લોકહૃદય સુધી પહોંચવાનું નથી એ અમારો નિર્ણય થયો.



કાકાસાહેબ કૉલેજના અભ્યાસકાળમાં

એ અરસામાં અમારી કૉલેજમાં બે અથવા ત્રણ ગુપ્ત સંસ્થા હતી. એમાં સાવરકરની સંસ્થા 'જાહેરરીતે ગુપ્ત' હતી. (હું એનો સભ્ય થયો હતો. એની ગુપ્ત સભાઓમાં એકબે વાર હું બોલ્યો પણ હતો. પણ એમની એ 'જાહેર ગુપ્તતા' મારે ગળે ઊતરી નહિ, એટલે હું એમાંથી નીકળી ગયો.) એ લોકો લોકમાન્ય તિલક કરતાં શિવરામ મહાદેવ પરાંજપેને શ્રેષ્ઠ માનતા. લોકમાન્યનું છાપું 'કેસરી', જ્યારે પરાંજપેનું છાપું 'કાળ'. 'કેસરી'માં કૉંગ્રેસને સ્વરાજ્યવાદી કરવાના પ્રયત્નોની ભલામણ થતી; જ્યારે પરાંજપેના 'કાળ'ને શુદ્ધ-સ્વાતંત્ર્યની સીધી ઉપાસના માન્ય હતી. હવે હું રહ્યો પૂર્ણ-સ્વાતંત્ર્યવાદી, એટલે મારી કસોટી શરૂ થઈ. લોકમાન્ય તિલકને હું નેતા માનતો, પણ એમને ગમતી 'જહાલ કૉંગ્રેસ'માં પણ મારો વિશ્વાસ બેસે એમ ન હતો.

આવી સ્થિતિમાં અમારી એક બીજી ગુપ્ત સંસ્થાના નેતાએ મને વિગતે સમજાવ્યું કે 'લોકમાન્યની બેવડી નીતિ છે. ઉઘાડી રીતે લોકમાન્ય કૉંગ્રેસવાદી છે. કૉંગ્રેસ પ્રતિષ્ઠિત સંસ્થા છે, નેમસ્ત લોકોના હાથમાં એ છે. એની મારફતે બંધારણને નામે સ્વરાજ્યનો પ્રચાર જાહેર જનતામાં છડેચોક થાય છે એ સ્થિતિનો તેઓ અમુક લાભ ઉઠાવવા માગે છે. પણ અંદરખાનેથી તેઓ બંધારણવાદી જરા યે નથી. તેઓ તો લશ્કરી તૈયારી કરીને, અંગ્રેજો સામે લડીને દેશને સ્વતંત્ર કરવામાં માને છે. એમની જાહેર હિલચાલમાં જેમ એમના જાણીતા સાથીઓ અને અનુયાયીઓ છે તેમ આ ગુપ્ત કામમાં જુદા જ લોકો એમના સાથી છે. એમનાં નામો ગુપ્ત રાખવામાં આવ્યાં છે. એમનામાંથી કેટલાક લોકો બહારથી અંગ્રેજોના ખુશામતિયા જેવા દેખાય, પણ અંદરખાનેથી પૂરેપૂરા સ્વાતંત્ર્યવાદી, ક્રાંતિકારી ને લડાઈમાં માનનારા છે. આપણે લોકમાન્યની આ જે ગુપ્ત બાજુ છે એમાં ભળવાનું છે. એમાં જ્યારે સંગીન કામ કરી બતાવીશું અને એમનો વિશ્વાસ મેળવીશું ત્યારે જ ધીમેધીમે એવા નેતાઓમાંથી એકાદ આપણને અપનાવશે. ધીમેધીમે એ સંસ્થા કે સંગઠનમાં આપણો સ્વીકાર થશે. આપણી પાસેથી ઘણું મહત્ત્વનું કામ લેવામાં આવશે. અને ગમે તે થાઓ, લોકમાન્યનો આ સંગઠન સાથે સંબંધ છે એમ સરકારને ખબર ન પડે એની ખાસ સાવચેતી રાખવી જ જોઇએ. આપણે લોકમાન્ય પાસે જઇને ક્રાંતિની વાતો કરીશું તો તેઓ આપણને દાદ નહિ દે. અંગ્રેજોના કેટલાક સી. આઈ. ડી. લોકો ક્રાંતિકારી હોવાનો દાવો કરી લોકમાન્યને મળવા ગએલા. લોકમાન્ય એમને ઓળખી ગયા. સી. આઈ. ડી.ને કશું મળ્યું નહિ. ફજેત થઇને પાછા ગયા.

માટે આપણામાંથી કોઇએ પણ લોકમાન્ય પાસે જઇને ક્રાંતિની ચર્ચા કરવાની નથી. આપણામાંથી સૌથી ઉપરને છેડે ત્રણ જણા જ છે, જે લોકમાન્યને મળીને બધી વસ્તુ કહી દે છે. એમની પાસેથી (અનુ. પૃ. ૪૫૮)

મુફલિસની બાદશાહી

બાબુભાઈ વૈદ્ય

'...**એ**ના દરવાજા દિનભર ક્યારે ય બંધ નહિ થાય, અને રાત તો ત્યાં હશે જ નહિ.' અમારી હૉસ્પિટલનો હું જ્યારે વિચાર કરું છું ત્યારે મને બાઈબલનું આ વાક્ય યાદ આવી જાય છે. એને એ બરાબર લાગુ પડતું હતું. એનાં દ્વાર પણ સદા ય ખુલ્લાં જ રહેતાં. કામમાંથી મુક્તિ મેળવી બેસવાનો વિચાર અમારે માટે વર્જ્ય હતો.

તે રાત પણ એવી જ હતી. ભયંકર ઠંડીમાં સારું યે લંડન ઘસઘસાટ ઊંઘતું હતું ત્યારે અમારી હૉસ્પિટલમાં એક અજબ પ્રસંગ આકાર લઈ રહ્યો હતો. મોડી રાતે કૅઝ્યુઅલ્ટીમાં એક કેસ આવ્યો. ઍમ્બ્યુલન્સના માણસોએ એક શબવત્ બેભાન બાઇને દર્દીઓને તપાસવાના ટેબલ પર લાવીને મૂકી. એમાંનો એકાદ જણ બોલ્યો યે ખરો. 'બાપડી, શરીરમાં કંઈ યે રહ્યું લાગતું નથી.' નદી કાંઠેથી એ આવી હાલતમાં મળી હતી.

બાઈના ચહેરા પરના લાલી ને પાઉડરના થથેડા તથા એના દીદાર પરથી જણાઈ આવતું હતું કે જેને નીતિમય જીવન કહીએ એનાથી એ દૂર હતી. પણ છતાં એના ચહેરા પર એક પ્રકારનું ગૌરવ અને સંસ્કારિતા પણ જણાતાં હતાં. ન જાણે કઈ રીતે એ આવી ગર્તામાં સરી પડી હશે. ખેર. બાઇને લાવવામાં આવી એ પછી થોડી વારે એક જવાન પણ આવી ચડયો. બાઈની હાલત પૂછવા જ એ આવેલો. હજી એણે ત્રીસી પૂરી કરી લાગતી નહોતી. પોતાના જાળામાળા કોટ પર લટકતો લશ્કરી ચંદ્રક બતાવી તેણે કટુ સ્વરે પોતાની ઓળખ આપતાં કહ્યું કે પોતે ઈંગ્લૅંડનો એક વીર સૈનિક હતો અને ભર્યાભર્યા લંડન શહેરમાં ટેમ્સના કાંઠે જાહેર બાંકડા સિવાય માથું ટેકવવાનું એને માટે કોઈ સ્થાન રહ્યું નહોતું. એ રાતે કાતિલ ઠંડીમાં પોતે ઠૂંઠવાઈ ન જાય એટલા સારુ ઊંઘવાને બદલે એ લટાર મારી રહ્યો હતો, ત્યાં અંધારામાં આ બાઈ એને ઠેબે આવી અને એણે ઍમ્બ્યુલન્સ બોલાવીને બાઇને હૉસ્પિટલમાં પહોંચાડી હતી.

અમે બાઇને તપાસી ત્યાં સુધી એ બહાર બેસી રહ્યો. નિદાન કરતાં બહુ વાર ન લાગી. ગર્ભસ્રાવનો કેઈસ હતો ને બાઈના શરીરમાંથી પુષ્કળ લોહી વહી ગયું હતું. તાત્કાલિક એને એકાદ પિન્ટ જેટલું લોહી આપવાની જરૂર હતી, અને તે પછી યે એ બચશે જ એવી કોઈ ખાતરી નહોતી.

નિદાન સાંભળી તુરત પેલો જવાન બોલ્યો : 'કહો સાહેબ, એ ઓરતને બચાવવા હું કંઈ કરી શકું?' દર્દીને લોહી આપવું એટલે શું તેની પૂરી વિગત અમે એને સમજાવી અને એમાં રહેલા ભયથી પણ એને જ્ઞાત કર્યો. એ સાંભળ્યા પછી પણ ઇંગ્લંડના એ વીરે પોતાનું લોહી આપવાની તત્પરતા ફરીફરી ભારપૂર્વક જારી રાખી.

એનું લોહી તપાસ્યું અને પછી ધોરી નસ પર અમે કાપ મૂક્યો. હવે જ અમને ખયાલ આવ્યો કે એની નસમાંથી વહેવા માંડેલું લોહી બંધ થઈ શકે તેમ નહોતું. એની ધોરી નસને બંધ કરી શકાય તેવી એ નહોતી. પેલી બાઇને તો જરૂર હતી એટલું લોહી આપ્યું પણ આ જવાનને બચાવવાનો હવે કોઈ ઉપાય નહોતો! તુરત અમે એને ઈમરજન્સી વૉર્ડમાં દાખલ કર્યો. દાક્તરો અને નર્સોએ અત્યંત કાળજી અને પૂરી મમતાથી એની સારવાર કરવા માંડી. પણ પોતાની સ્થિતિની ગંભીરતા એ કળી ગયો. અને આ વખતે સહેજ પણ કટુતા વિના એણે કહ્યું : 'આપ મારી કંઈ ફિકર કરશો નહિ, ડૉક્ટર! મને આનો જરા ય રંજ નથી. આમે ય મારું જીવન બહુ સુખરૂપ નથી રહ્યું.' અને એના આ ઔદાર્યને અહોભાવથી જોઈ રહેલા દાક્તર ને નર્સને એણે પૂછયું : 'હવે પેલી બાઇને કેમ છે?' ને જ્યારે એણે જાણ્યું કે એને સારું છે ને કદાચ એ બચી જશે ત્યારે એના ચહેરા પર એક મધુરું સ્મિત ફરકી ગયું.

બીજે દિવસે સવારે વૉર્ડમાં સૂર્યનાં કિરણો પથરાતાં હતાં ત્યારે એ મુફલિસ શૂરવીરે અંતિમ શ્વાસ લીધો. એ વખતે એના વદન પર પૂર્ણ સંતોષની એક દૈવી આભા ઝગઝગી રહી હતી. એ જ સમયે બીજા વૉર્ડમાં એના રક્તદાનથી બચી ગએલી પેલી બાઇએ ભાનમાં આવી પહેલી વાર પોતાની આંખો ખોલી.* (અંગ્રેજી ઉપરથી)

* આ પ્રસંગના મૂળ લેખક ડૉ. ફિલિપ ઈનમાન લંડનની એક હૉસ્પિટલમાં સુપરિન્ટેન્ડેન્ટ હતા. પોતાના હૉસ્પિટલ-જીવન દરમિયાન અનુભવેલા કેટલાક માનવતાની મહેક પ્રસરાવતા પ્રસંગોને એમણે ઈ. ૧૯૨૭ માં 'ધ હ્યૂમન ટચ' નામના પોતાના એક પુસ્તકમાં ઉતાર્યા છે, જેમાંનો આ એક છે. આજે તો રક્તદાન વિષે બિલકુલ ભય રહ્યો નથી પણ આ બનાવને આજથી ચાર દાયકા પહેલાંનાં સંદર્ભમાં જોવાથી એ અનામી સૈનિકની માનવતાનું ખરું મૂલ્ય આંકી શકાશે.

અનુસંધાન] **મનોમંથન** [પૃ. ૪૫૭

સૂચના અને આજ્ઞા મેળવે છે. આ બધું જેને માન્ય હોય તે જ અમારામાં ભળી શકે. આ વાત અમે તમને પહેલેથી ન કહી; જ્યારે અમારી દૃષ્ટિએ અમે તમારી કસોટી કરી ને એમાં તમે પસાર થયા ત્યારે જ આ વાત તમને કહીએ છીએ. હજી ઘણા કાળ સુધી તમે અમારી ગુપ્ત સંસ્થામાં રહી કામ કરશો ત્યાર પછી જ પેલાત્રણ જણ સાથે તમારો પરિચય કરાવવામાં આવશે અને પછી તેઓ તમને સીધી સૂચનાઓ આપી શકશે.'

અમારી એ ગુપ્ત સંસ્થાઓમાં દાખલ થતાં પહેલાં અમારે ગુપ્તતાના સોગંદ લેવા પડતા, ગુરુજનો આગળ બેસી ભગવાનનું નામ લઈ 'બધી વસ્તુઓ ગુપ્ત રાખીશું' એ જાતના સોગંદ લીધા પછી જ થોડી થોડી માહિતી અમને મળતી.

હવે તો સ્વરાજ્ય થઈ ગયું છે, અંગ્રેજ સરકારની બીક રહી નથી. છતાં 'સોગંદ એ સોગંદ'. એ તોડવામાં લાભ હોય તો યે તે ન તોડાય. આજે કશું સંકટ ન હોય તો યે સોગંદ ન તોડવામાં જ પવિત્રતા છે એ વિચારને હું વળગી રહ્યો છું. ઉપર જેટલું લખ્યું છે તે અમારા વખતનું વાતાવરણ કેવું હતું એની કલ્પના આપવા પૂરતું કહ્યું છે. એમાં સોગંદનો ભંગ નથી તેથી જ આટલો વિસ્તાર કર્યો. જે વસ્તુ ગુપ્ત રાખું છું તેમાં કાંઈ ભારે વસ્તુ રહેલી છે એમ હું માનતો નથી. છતાં સોગંદને વળગી રહેવું એ જ ઉત્તમ છે.

આ બધું જાણ્યા પછી મારા મનમાં લોકમાન્ય પ્રત્યેની ભક્તિ ટકી; અને સાથેસાથે બંધારણીય આંદોલનમાં માનનાર કૉંગ્રેસ પ્રત્યેનો મારો વિરોધ કાયમ રહ્યો. કૉંગ્રેસના કાર્ય વિષે હું હમેશાં વાંચું, કૉંગ્રેસના સદસ્યો જોડે સંબંધ રાખું, એની સભાઓમાં વ્યાખ્યાનો પણ આપું, પણ હું કૉંગ્રેસનો સદસ્ય ન જ થયો.

આગળ જતાં જ્યારે હું ગાંધીજીના કાર્યમાં ભળ્યો અને એમણે નાગપુર કૉંગ્રેસમાં દાખલ થઈ કૉંગ્રેસનો આદર્શ ફેરવીને પૂર્ણ સ્વાતંત્ર્ય દાખલ કરવાનું નક્કી કર્યું ત્યારે મનને દબાવી કૉંગ્રેસના નિયમ પ્રમાણે એક વરસ માટે હું કૉંગ્રેસમાં દાખલ થયો. અને પૂર્ણ સ્વરાજ એટલે કે પૂર્ણ સ્વાતંત્ર્ય એ જ કૉંગ્રેસનો આદર્શ છે એ ઠરાવ સર્વાનુમતે પાસ કરાવવામાં મેં મારો હાથ ઊંચો કર્યો. તે ક્ષણથી કૉંગ્રેસ વિષે મારા મનમાં કશો વિરોધ રહ્યો નથી.

અને છતાં, અહીં એટલું ઉમેરું કે ત્યાર પછી કો'ક વર્ષે જ હું કૉંગ્રેસનો સદસ્ય રહ્યો હોઈશ. ઘણે ભાગે ન પણ રહ્યો હોઉં. મને કોઈ પૂછે કે 'તમે કૉંગ્રેસમાં છો?' તો હું જવાબ આપતો આવ્યો છું કે 'હું કૉંગ્રેસનો 'સદસ્ય' છું કે નહિ એ હું જાણતો નથી; હું કૉંગ્રેસનો નિષ્ઠાવાન 'સૈનિક' છું એટલું હું જાણું છું. કૉંગ્રેસ પણ એ જાણે છે અને કૉંગ્રેસ મારી પાસેથી ગમે ત્યારે સેવા માગી શકે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં

નવેમ્બર ૧૯૪૬ વર્ષ ૨૩ અંક ૨૩૫

આજથી પચ્ચીસ વર્ષ ઉપર ચાલેલી 'ચિત્રવિજ્ઞાન'ની પ્રબોધક અને રસદૃષ્ટિ ખીલવતી લેખમાલાનો એક વધુ ખંડ.

ચિત્રરચનાનો શ્રેષ્ઠ હેતુ અને આદર્શ તો છે રૂપની છંદગતિનું સુંદર નિરૂપણ કરવું તે. આ છંદગતિ અથવા છંદલીલા—rhythm એ જાણે રૂપની નાડીના ધબકાર જેવી છે. સંગીત અને નૃત્યકળામાં તો એ rhythm—છંદગતિનાં રૂપ ને અસ્તિત્વ આપણે સહેલાઈથી સમજી શકીએ છીએ. પણ ચિત્રમાં છંદગતિ અનુભવવી જરા અઘરી છે. ગતિ તો હોય, પણ માત્ર નક્કી કરેલા-બાંધ્યા રસ્તે જ આવર્ત કરે એ ગતિને 'છંદ' ન કહી શકાય. છંદ તો વિવિધ વિચિત્ર પ્રકારની ભંગિ, મરોડ, હાવભાવથી, નાનામોટા તાલ વડે ને વચ્ચેવચ્ચે વિરામ લઈને પોતાનો પ્રકાશ કરે છે.


કવિતા અને ચિત્રમાં છંદની આ ગતિ-લીલા પ્રત્યક્ષ રીતે બતાવવી અશક્ય છે, કારણ કે તેનાં વિષય-વસ્તુ હાલીચાલી શકતાં નથી. એને તો માત્ર કાગળ અથવા ફલકની જ મર્યાદામાં, સ્થિર અક્ષરો અથવા રેખાઓ રૂપે લિપિબદ્ધ કરી દીધા હોય છે. ચિત્રમાં ગતિ બતાવવાનો ફક્ત એક જ ઉપાય છે—વળાંક લેતી રેખાઓના સમૂહની મદદ લેવી તે (જુઓ આકૃતિ ૬૧ થી ૬૭). રેખાઓના ઊંચાનીચા હીલોળાથી જ ગતિ અથવા ગમનનો આભાસ આપી શકાય છે. ચિત્ર નં. ૭૦ તથા '૭૧માં કમળના મૃણાલની લાવણ્યમય વાંકી રેખાઓમાં ચિત્ર કેવું સહેલાઈની ખીલી ઊઠ્યું છે! એ વાંકી રેખાના પ્રત્યેક વળાંકમાં એક નિશ્ચિત 'સંયમિત' ભંગિ (મરોડ) છે. આ 'સંયમિત' મરોડ જ છંદની સૃષ્ટિ ખડી કરે છે. ગતિ જો અસંયમિત હોય તો તેનાથી છંદ સારો ખીલવી શકાતો નથી. એટલે યતિ અથવા સંયમ એ છંદની જરૂરી પ્રાણ-શક્તિ જેવો છે જે ઉદ્દામ, ઉછાંછળી ગતિમાં છંદ પ્રકાશી શકતો નથી.

ઘડિયાળના લોલકના ગમનાગમનના માર્ગને (ચિત્ર નં. ૬૮) જો રેખાની ભાષામાં રૂપ આપી શકાય તો એક અખંડ વાંકી રેખાનો તરંગ મૂર્તિમાન થાય. રેખાતરંગના એવા એકધારા છંદમાં ને એકસરખા માપમાં પણ છંદલીલાના અમુક રસનો અનુભવ મેળવી આંખ તૃપ્તિ પામે છે. સાપની ચંચલ, શીઘ્ર ગતિલીલામાં આપણને એ પ્રકારના છંદરસનો આભાસ થાયે છે. (ચિત્ર ૬૯). સમુદ્રના તરંગોના એક ઉપર એક ચાલ્યા આવતા નિરવચ્છિન્ન હિલોળાના એકધારા મધુર રસનો આસ્વાદ આપણા મનને દોલાયમાન કરે છે. (ચિત્ર નં. ૬૩). ચીન જાપાનના ચિત્રકારો સમુદ્રની આ લહરીમાળાની અદ્‌ભુત ગતિલીલા અને તેના ઉત્થાન-પતનના ચેતનાભર્યા ધબકારને અદ્‌ભુત રેખારસમાં જીવંત કરવાની કલામાં સિદ્ધહસ્ત છે. જગવિખ્યાત જાપાની ચિત્રકાર હોકુસાઈનું સુપ્રસિદ્ધ 'સમુદ્રતરંગ'નું ચિત્ર આનું સરસ દૃષ્ટાંત છે. (જુઓ નીચેનું ચિત્ર)





વળાંકો લેતી રેખાઓના સમૂહથી ચિત્રમાં જે ગતિ લાવવામાં આવે છે અને જુદા જુદા મરોડની એ ગતિમાં વ્યાપી રહેલા નિયમને કારણે સમગ્ર રેખાવલિ જે છંદમાં નાચી ઊઠે છે એનાં સુંદર ઉદાહરણો અજંટા (ડાબી બાજુ), અમરાવતી(નીચે) વગેરેનાં કમળનાં સુશોભનોની સુમધુર છંદલીલામાં મળી આવે છે.





ટપાલ-ટિકિટની કથા-૧૧

ટપાલ-ટિકિટના ઇતિહાસમાં કેટલીક ટિકિટો અજબ ખ્યાતિ ધરાવે છે. કોઈ ટિકિટો દુર્લભ બની જવાને લીધે મૂલ્યવાન બની રહે એ તો સ્વાભાવિક છે; છાપકામ કે આલેખન યા લખાણની ભૂલથી યે અમુક ટિકિટો વિખ્યાત બની રહી છે, તો સાએરાલીઓનની ટિકિટો એના આકારથી; જ્યારે ભુતાનની ટિકિટો એની ત્રિપરિમાણ છપાઈથી કુતૂહલજનક બની રહી છે. પણ અમુક ટિકિટો એવી ય છે કે જેની છપાઈમાં કંઈ ભૂલ ન હોય, ને છતાં યે તે ટિકિટ સંગ્રાહકો માટે એક અજબ આગવા કુતૂહલની પ્રેરનાર બની છે. એ છે ભૂતિયા ટિકિટો. આ ટિકિટો સાથે કંઈ અજબ અવનવો ઇતિહાસ સંકળાએલો હોય છે તો કોઈ સાથે અજબ ઇતિફાક. થોડાં ઉદાહરણ જોઈએ.



△ સર્બિયાની આ ટિકિટ ઊંધી જોતાં તેના પરનાં બે મહોરાં ઉપરાંત એક 'ડેથ માસ્ક' (મૃત માનવીના ચહેરાની છાપ) જેવો ભ્રમ પણ દેખાય છે. આ ટિકિટ બહાર પડયા પછી સર્બિયાના રાજા ઍલેક્ઝાંડર પહેલાનું ખૂન થએલું. ટિકિટ પરના પેલા 'ડેથ માસ્ક'ના ભ્રમને લોકોએ રાજાના કમોતની આગમવાણી માની.



◁ પ્રશિયાની આ ટિકિટને ઊંધી કરીને જોતાં તેમાંના ગરુડની બે પાંખ અને ગરદન વચ્ચેના ગાળામાં અરસપરસ ચર્ચા કરતા બે સજ્જનો દેખાય છે.



△ ઑસ્ટ્રીઆની આ ટિકિટમાં ફૂલદાનમાં ગોઠવેલા ગુલાબની મધ્યની મોટી પાંખડીમાં હિટલરના ચહેરાનો ભાસ થાય છે.

આ જાણે કે કોઈ આગમવાણી હોય તેમ એ બહાર પડયા પછી થોડા જ સમયમાં હિટલરે એના પર આક્રમણ કર્યું અને આ એ દેશની છેલ્લી ટિકિટ બની રહી.



માધુકરી

થાઓ નષ્ટ નસીબ, લુપ્ત સઘળા થાઓ અકસ્માત, ને
સીમાઓ દૃઢ થાવ ના નિયત સૌ ઉત્કર્ષની, પ્રાપ્તિઓ
સિદ્ધિઓ શ્રમથી જ હો પરિણુતા, આયુ શ્રમે સુંદર,
ને આનંદ હજો બધા શ્રમીણુને સંધ્યા પરિક્લાન્તિમાં. –ફ્રશનસ્

ભારતનાં પ્રતિભા-પુત્રી ડૉકટર ઇરાવતી કર્વે

'ગયાં ત્રીસેક વર્ષથી પૂનામાં પ્રકાશી રહેલી ભારતમાતાની એક તેજસ્વી જ્ઞાનદીપિકા ૧૧મી ઑગસ્ટ ૧૯૭૦ને દિવસે બુઝાઈ ગઈ. વીસ વર્ષ પહેલાં આ દીપિકાએ લંડન યુનિવર્સિટીમાં માનવવંશવિદ્યાના વિષયમાં પ્રચલિત એક અંધકારને દૂર કર્યો હતો; હમણાં અમેરિકાની બર્કલે યુનિવર્સિટી (કૅલિફૉર્નિયા)ના નિમંત્રણ પર આ પ્રતિભા-પુત્રી અમેરિકા ગઈ અને પોતાની પ્રખર જ્ઞાનપ્રભા વડે અનેક સ્થળોને આલોકિત કર્યાં. ત્યાં જતી વેળા બૉન (જર્મની)માં એમના ઉપર હૃદયરોગનો ભયંકર હુમલો થયો; પરંતુ અદ્ભુત સંયમ અને સહનશીલતાથી આ ભારત-પુત્રી એવી દશામાં પણ યાત્રાની તકલીફો વેઠીને અમેરિકા ગઈ. અમેરિકામાં ઉત્કૃષ્ટ ડૉકટરો દ્વારા તેમના રોગનો ઉપચાર કરવામાં આવ્યો. એમનું હરવા-ફરવાનું બંધ થયું. યુનિવર્સિટીઓએ એમના ઓરડામાં જ વિદ્યાર્થીઓ પાઠ લેવા જાય એવી વ્યવસ્થા કરી અને આ મનોનિગ્રહી વિદુષીએ સૂતાં સૂતાં જ એમને જ્ઞાનદાન કર્યું.'

ભારતની એ પ્રજ્ઞાપુત્રી ઈરાવતી કર્વેનો જન્મ ઈ. ૧૯૦૫માં બ્રહ્મદેશમાં થયો હતો. એમના પિતાશ્રી જી. એચ. કરમરકર ત્યાં એન્જિનીઅર હતા. પોતાની પુત્રીના જન્મસ્થાનના સ્મરણમાં એમણે બ્રહ્મદેશની ગંગા સમી ઈરાવતી નદીના નામ પરથી એનું નામ પાડયું હતું.

વિદ્યાલયનું શિક્ષણ પૂરું કરીને ઈરાવતીએ પૂનાની પ્રખ્યાત ફરગ્યુસન કૉલેજમાં દર્શનશાસ્ત્રનું અધ્યયન કરીને ઈ. ૧૯૨૬માં પ્રથમ વર્ગમાં બી. એ.ની પરીક્ષા પાસ કરી, અને બે વર્ષ પછી મુંબાઈ યુનિવર્સિટીમાંથી સમાજશાસ્ત્રના વિષય લઈને પ્રથમ વર્ગમાં એમ. એ.ની પદવી મેળવી તે જર્મની ગયાં; અને ત્યાં બર્લિન યુનિવર્સિટીમાંથી ઈ. ૧૯૩૦માં માનવવંશ-વિજ્ઞાનમાં પીએચ. ડી. થયાં. અહીં જ તેઓ ફરગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ શ્રી દિનકર ધોંડો કર્વેના પરિચયમાં આવ્યાં અને આગળ જતાં તેમની સાથે લગ્નસંબંધમાં આબદ્ધ થયાં.

ઈ. ૧૯૩૧માં ઈરાવતીબહેન ભારતીય મહિલા વિદ્યાપીઠનાં રજિસ્ટ્રાર (કુલસચિવ) અને ૧૯૩૯માં પૂનાની ડેક્કન કૉલેજમાં સમાજશાસ્ત્રમાં પ્રાધ્યાપિકા બન્યાં, એમનો જ્યાં વિદ્યાવ્યાસંગ છેવટ સુધી રહ્યો. મહાભારતનાં પાત્રો પરત્વે સર્વથા નવીન દૃષ્ટિએ લખાએલા એમના અદ્ભુત શોધપૂર્ણ ગ્રંથ 'યુગાંત'ને સાહિત્ય અકાદમીએ પારિતોષિક આપ્યું છે.



મહારાષ્ટ્રની સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન એમના પ્રિય વિષયો હતા. સંત જ્ઞાનેશ્વર અને વિઠોબા પ્રત્યે એમની વિશેષ ભક્તિ હતી. સંપ્રદાયની સંસ્કૃતિ-પરંપરા અને રીતભાતોનું અનુશીલન કરવાના ઉદ્દેશથી એમણે સંપ્રદાયનાં લોકો સાથે પંઢરપુરની યાત્રા પણ કરી હતી.

પ્રાધ્યાપક ડૉકટર ધુર્યેના તત્ત્વાવધાનમાં ઈરાવતીબહેન મહારાષ્ટ્રના બ્રાહ્મણો વિષે વિશેષ શોધ કરી રહ્યાં હતાં. એમના માર્ગદર્શન નીચે પૂના વિશ્વવિદ્યાલયના પચાસેક વિદ્યાર્થીઓએ

પીએચ. ડી. માટે મહાનિબંધો લખ્યા છે.

પોતાના ત્રીસ વર્ષના અધ્યયનકાળ દરમ્યાન એમણે સમાજશાસ્ત્ર અને માનવવંશવિજ્ઞાન ઉપરાંત અન્ય વિષયોનું પણ અનુશીલન કર્યું હતું. રામાયણ અને મહાભારત જેવાં આપણા દેશનાં ચિરંજીવ મહાકાવ્યોનો એમણે સમાજશાસ્ત્ર, માનવવંશવિજ્ઞાન અને માનસવિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસ કરેલો. સંસ્કૃતસાહિત્યનું એમને અદ્ભુત આકર્ષણ હતું.

પૂનાની ડૅક્કન કૉલેજના પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા ડૉ. હસમુખ સાંકળિયા પોતાની સ્મૃતિઓમાં લખે છે:

'૧૭મી ઑગસ્ટ ૧૯૩૯ના દિવસે ડૉ. સુમિત્ર કત્રે, ડૉ. ઈરાવતી કર્વે, પ્રાધ્યાપક શેજવલકર, પ્રાધ્યાપક શંકરન્ અને હું આ કૉલેજમાં શોધકર્તા તરીકે દાખલ થયા. ઈરાવતી કર્વેનું સમાજશાસ્ત્રીય અધ્યયન ખૂબ ગહન હતું. છતાં તેઓ કહેતાં હતાં કે ભારતવર્ષમાં જ્યાં સુધી અતિ પ્રાચીન માનવનું અસ્થિ-પંજર અથવા કપાળ ન મળે ત્યાં સુધી પ્રાચીન સંસ્કૃતિ અને આધુનિક સમાજ અને તેની સંસ્કૃતિના વિષયમાં નિશ્ચિત સંબંધ સ્થાપિત કરી બતાવવો એ એક સમસ્યા જ રહેશે. તેને માટે ઈરાવતીબહેને બધાં કામો પડતાં મૂકીને મારી સાથે ઉત્તર ગુજરાતના લાંઘણજ નામક ગામે ઉત્ખનન કરી પહેલી જ વાર એક પ્રાચીન માનવની ખોપરી શોધી કાઢી. ખોદકામ કરતાં કરતાં હું માંદો પડયો ત્યારે માતાની જેમ મારી પરિચર્યા કરી. મારાથી ત્રણ વર્ષે મોટાં ભગિની જેવાં ઈરાવતીબહેનના વાત્સલ્યનો મને ત્યારે પરિચય થયો. એવડાં મોટાં વિદુષી હોવા છતાં કોઈ પણ કામ કરતાં એમને લઘુતા લાગતી નહિ. એક વાર અમે ગુજરાતની એક નદીનાં કોતરોમાં કામ કરતી વેળા અમારો સામાન ઊંચકવા માટે અમે હરિજનોને રોકેલા, તેથી ગામ-લોકોએ અમારો બહિષ્કાર કર્યો. આખો દિવસ રખડયા પછી એક નાની ઝૂંપડી મળી, તેમાં ઘણાં કષ્ટ વેઠીને અરધાં સુકાએલાં ઇંધણ બાળીને ઈરાવતીબહેને રસોઇ તૈયાર કરી અમને પ્રેમથી જમાડયા.'

સ્વાભિમાની પ્રકૃતિનાં ઈરાવતીબહેન અસત્ય અને અનૌચિત્યને સહન કરવા કોઈ રીતે તૈયાર નહિ. ગમે તેવો મોટો માણસ હોય તેને તેઓ સાચી વાત કહેતાં અચકાતાં નહિ. છતાં એમની અંદર અદ્ભુત વાત્સલ્ય અને સ્નેહભાવ હતો. કોઇના પ્રત્યે અન્યાય થતો જોઈને તેઓ તેની વહારે દોડી જતાં. શ્રી વિઠ્ઠલરાવ ઘાટે એમની ન્યાયપ્રિયતાની એક વાત લખે છે: 'પૂનાની ડૅક્કન કૉલેજમાં એક પંજાબી યુવક કોઈ હોદ્દા પર હતો. ઈરાવતીબહેનને એમ લાગ્યું કે તેના પ્રત્યે અન્યાય થયો છે. તેઓ તે યુવકની રક્ષા માટે કટિબદ્ધ થયાં. બીજા સૌ સહકારીજનોના વિરોધ છતાં એઓ એકલાં યુનિવર્સિટીના અધિકારીઓ ને કુલપતિ સાથે પણ લડયાં. છેવટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (દિલ્હી) સુધી પહોંચ્યાં અને કલકત્તાવાળા વિશ્વવિખ્યાત વિદ્વાન પ્રશાંતકુમાર મહાલનવીસને પણ પોતાને નૈતિક બળ વડે પોતાના પક્ષે કરીને વિજયી બન્યાં.'

ઈરાવતીબહેનની પ્રતિભા અને વિદ્વત્તા વિષે શ્રી ઘાટે મહાશય લખે છે: 'એક વર્ષ માટે ઇરાવતીબહેન લંડન યુનિવર્સિટીમાં ભારતીય માનવ-વંશ-વિજ્ઞાનનાં પ્રાધ્યાપિકા બની ગએલાં. ત્યાંના ઘણા વિદ્વાનો કહે છે કે ઈરાવતીબહેને તો કેટલાક ક્રાંતિકારી વિચારો અને સિદ્ધાન્તો અજબ નિપુણતાથી અમારે ગળે ઉતારી દીધા છે. આજ સુધી અમે લોકો પ્રો. પ્રીસ્ટલેના સિદ્ધાન્તને અનુસરીને એમ માનતા કે ભારતમાં સાત વંશો છે. ઈરાવતીબહેને અમારી આ ભૂલમાં સુધારો કર્યો. એમણે ભારતના અનેક પ્રદેશોનાં ગામેગામમાં પરિભ્રમણ કરી હજારો લોકોના લોહીનું નિરીક્ષણ કર્યું છે, મસ્તકોનાં માપ લીધાં છે, તેમનું વર્ગીકરણ કર્યું છે અને ત્યાર પછી જ પોતાના સિદ્ધાન્તની પ્રસ્થાપના કરી પ્રો. પ્રીસ્ટલેના સાઠ વર્ષજૂના સિદ્ધાંતને ફગાવી દીધો છે.'

અનેક વિદ્વત્ પરિષદો સાથે એમને પ્રગાઢ સંબંધ હતો. એમની ગ્રંથ-



કૃતિઓમાં કેટલીક આ પ્રમાણે છે: ૧) રેશિયલ કૉન્ફ્લિક્ટ, ૨) રેશિયલ પ્રૉબ્લેમ્સ ઈન ઇન્ડિયા, ૩) ઍન્થ્રોપોમેટ્રિક મેઝરમેન્ટ ઑવ મરાઠાઝ, ૪) પરિપૂર્ણ નિબંધસંગ્રહ (મરાઠી), ૫) મરાઠી લોકોની સંસ્કૃતિ (મરાઠી), ૬) કિનશિપ ઑર્ગેનાઈઝેશન ઈન ઇન્ડિયા, ૭) સોશ્યલ એડ્યુકેશન ઑવ શિડ્લ્યૂડ ટ્રાઈબ્ઝ, ૮) પ્રિલિમિનરી રીસર્ચ ઑવ ધ થર્ડ ગુજરાત એક્સપિડિશન (પ્રો. સાંકળિયા સાથે,) ૯) પશ્ચિમી ખાનદેશના ભીલો, ૧૦) આપણી સંસ્કૃતિ, ૧૧) યુગાંત (મહાભારત વિષે શોધ-ગ્રંથ).

મહારાષ્ટ્રના નારીસમાજમાં ઈરાવતીબહેનનું સ્થાન અનોખું હતું. જીવનની છેલ્લી ઘડી સુધી શાસ્ત્રાનુશીલન કરનાર ઈરાવતીબહેને કેટલાંક નવીન શોધકાર્યોની રૂપરેખા તૈયાર કરી હતી. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના દોઢ લાખ રૂપિયાના અનુદાનથી ગયા દોઢેકવર્ષથી તે ધનગર નામની આદિવાસી જાતિ વિષે સંશોધન કરી રહ્યાં હતાં. શોધખોળ જેવા શ્રમ-સાધ્ય ક્ષેત્રમાં કામ કરતાં છતાં પત્ની, માતા અને ભગિનીના રૂપમાં તેઓએ એક આદર્શ હિંદુ મહિલા તરીકે પોતાનું જીવન યશસ્વી બનાવ્યું હતું. પોતાના શતાયુષી અને યશસ્વી ધર્મપિતા (શ્વસુર) ભારતરત્ન મહર્ષિ અણ્ણાસાહેબ કર્વેની સેવા-શુશ્રૂષા માટે તેઓ સમર્પિત ભાવથી કર્મપરાયણ રહેલાં. એમનાં વાત્સલ્ય અને તપોનિષ્ઠ જીવન વિષે શ્રી ઘાટે લખે છે:

'શ્રીમતી ઈરાવતીબહેન અન્નપૂર્ણા હતાં. વિદ્યાકીય ક્ષેત્રનાં આવાં એક પ્રતિભાવંત સન્નારી અદ્ભુત કૌશલ સાથે ગૃહસ્થાશ્રમ ચલાવતાં. પોતાનાં તથા બીજાઓનાં બાળકોને સ્નેહથી સાચવતાં. સુસ્વાદુ ભોજનની જાતજાતની વાનીઓ તૈયાર કરવાનું એમને સુસાધ્ય હતું. અને સ્નેહપૂર્વક જમાડવામાં તો તેથી ય વધુ આનંદ તેઓ અનુભવતાં.'

આવાં હતાં પ્રજ્ઞા, પુરુષાર્થ, પ્રીત અને સંસ્કૃતિની સૌરભથી પોતે મહેકતાં અને બીજાઓને મહેકાવી દેતાં નારીવિભૂતિ શ્રીમતી ડૉક્ટર ઈરાવતીબહેન કર્વે. —શંકરદેવ વિદ્યાલંકાર

ગણિતગમ્મત

'૨૯' એ સંખ્યામાં ખાસ કાંઈ દેખીતું રહસ્ય જણાતું નથી. સહેજ વિચાર કરતાં જણાશે કે એ અવિભાજ્ય સંખ્યા છે. વિશેષ વિચાર કરતાં એમ પણ જણાશે કે એ સંખ્યા બે વર્ગ સંખ્યાના સરવાળા બરાબર છે.

$$૨૯ = ૨^{૨} + ૫^{૨}$$

ખાસ વિચિત્રતા એ છે કે એના નીચે મુજબ બબ્બે સંખ્યાના વિભાગોનો ગુણાકાર ક્રમિક સંખ્યાનો સરવાળો બતાવે છે. જેમ કે:

(૧+૨૮)=(૩+૨૬)=(૫+૨૪)=(૧૦+૧૯)=(૧૪+૧૫)=૨૯ અને

૧×૨૮=(૧+૨+૩+૪+૫+૬+૭)

૩×૨૬=૭૮=(૧+૨+૩+.........+૧૨)

૫×૨૪=૧૨૦=(૧+૨+૩+.........+૧૫)

૧૦×૧૯=૧૯૦(૧+૨+૩+.........+૧૯)

૧૪×૧૫=૨૧૦=(૧+૨+૩+૪+...+૨૦) —એમ.એન. ખત્રી

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧

દમ

દમને શ્વાસ તથા ઍસ્થમા કહે છે. એ શ્વસનતંત્રનો વ્યાધિ છે અને વૃદ્ધાવસ્થામાં અધિક જોવા મળે છે. સામાન્ય રીતે આપણે જે શ્વાસ અંદર લઈએ છીએ તેના કરતાં બહાર નીકળતો ઉચ્છ્વાસ ટૂંકો હોય છે. આ બંને ક્રિયા એકબીજી પછી તરત થાય છે: એટલે કે શ્વાસ અને ઉચ્છ્વાસ વચ્ચે ગાળો હોતો નથી. પરંતુ શ્વાસરોગમાં આ સ્થિતિ બદલાઈ જાય છે. શ્વાસ લીધા પછી થોડી વારે ઉચ્છ્વાસ થાય છે ને તે બે વચ્ચે અલ્પ સમયનો ગાળો પડે છે.

વાતાવરણમાં ધૂળ, ધુમાડો, ઝીણી રજ, રૂની રૂંવાટી, ઠંડો પવન વગેરે શ્વાસમાં જવાથી તથા કફ કરે તેવા ભારે, ચીકણા, મીઠા, ઠંડા ખોરાકનું વધુપડતું સેવન કરવાથી કે અતિ પરિશ્રમ, શ્વસનતંત્રના અંગોમાં સોજો વગેરેને કારણે દમ થાય છે. આ રોગ કેટલીક વાર વારસાગત પણ હોય છે.

દમમાં શ્વાસકૃચ્છતા એટલે કે શ્વાસ લેવા-મૂકવામાં મુશ્કેલી પડે છે. છાતી અને પડખાંમાં દુખે છે ને સૂવા કરતાં બેસી રહેવાથી સારું લાગે છે. શ્વાસોચ્છ્વાસનો અવાજ આવે ને કફનો ગળફો નીકળે ત્યારે રાહત અનુભવાય છે.

ચિકિત્સા

૧) તલનું તેલ અથવા વાતહર ઔષધિથી સિદ્ધ કરેલા મહાનારાયણ તેલ, સહચર તેલ, બલા તેલ કે નિર્ગુંડી તેલને ગરમ કરી છાતીએ ગરમ ગરમ માલિશ કરી, પછી હૉટ વૉટર બૅગથી છાતીએ શેક કરવો. આથી કફ બહાર નીકળતાં રોગીને રાહત જણાશે.

૨) જો ઊલટી કરીને કફ બહાર કાઢી નાખવામાં આવે તો ઘણો લાભ થાય. એ માટે મીઠાવાળું ગરમ પાણી વધારે પ્રમાણમાં પીને ગળામાં લીમડાનાં પાનની સળી કે આંગળી નાખી ઊલટી કરાવવી. આ રીતે ઘણો કફ બહાર નીકળી જશે.

૩) ઔષધોમાં સોમચૂર્ણ, હરિદ્રાચૂર્ણ, સીતોપલાદિચૂર્ણ, રસસિંદુર, અર્કવટી, અર્કલવણ, શ્રૃંગભસ્મ, અભ્રકભસ્મ, ટંકણભસ્મ, ભારંગ્યાદિ ક્વાથ, દશમૂલ ક્વાથ, અગત્સ્ય હરિતકી અવલેહ વગેરેનો ઉપયોગ થઈ શકે.

૪) ઠંડો ખોરાક, ઠંડું પાણી, ઠંડો પવન સેવવાં નહિ. છાતીના રક્ષણ માટે ગરમ બંડી પહેરી રાખવી, બપોરે બંધ બાથરૂમમાં ગરમ પાણીએ જ નાહવું. ખોરાક હળવો ને ગરમગરમ જ ખાવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

વિક્રમ સંવત

સંવત નામ 'સંવત્સર' શબ્દનું સંક્ષિપ્ત રૂપ છે, જેનો અર્થ છે 'વર્ષ'. ઘણી વાર સં., સંવ, કે સવ, યા સ. દ્વારા પણ સંવત સૂચવાય છે. બહુધા મનાય છે તેમ 'સંવત' શબ્દ માત્ર વિક્રમ સંવત જ નહિ પણ અન્ય વર્ષગણનાના નામ સાથે પણ વપરાયો છે. ભારતમાં વિવિધ વિસ્તારમાં જુદાજુદા સમયે અનેક સંવત ચાલતા રહ્યા છે, જેવા કે સપ્તર્ષિ સંવત, કલિયુગ કે યુધિષ્ઠિર સંવત, વીરનિર્વાણ સંવત, બુદ્ધનિર્વાણ સંવત, મૌર્ય સંવત, સેલ્યુકિડી સંવત; શક સંવત, કલચુરિ, ગુપ્ત, ગાંગેય, હર્ષ, કોલ્લમ્ (કોલંબ), નેવાર (નેપાલ), ચાલુક્ય વિક્રમ, સિંહ, લક્ષ્મણસેન, પુડુવૈપ્પુ, રાજ્યાભિષેક (રાજશક) વગેરે સંવત ઉપરાંત બાર વર્ષનો બાર્હસ્પત્ય સંવત્સર, ૬૦ વર્ષનો બાર્હસ્પત્ય સંવત્સર, ગ્રહપરિવૃત્તિ સંવત્સર તથા સૌર વર્ષ, ચાંદ્ર વર્ષ, હિજરી સન, શાહૂર સન, વિલાયતી સન, અમલી સન, બંગાલી સન, મગિ સન, ઈલાહી સન અને ઈસ્વી સન.—આમ, કાળગણનાની અનેક ગણતરી આપણે ત્યાં ચાલતી આવી છે.

આમાંના આપણી તરફ પ્રચલિત વિક્રમ સંવતને માલવ સંવત કે માલવ કાલ પણ કહે છે. 'કૃત' તરીકે પણ તેનો ઉલ્લેખ થએલો છે, જેની માસ-પક્ષ-યુક્ત તિથિગણના 'માલવ પૂર્વા' અર્થાત્ માલવા (કે માલવો)ની ગણના અનુસારની જણાઈ છે. મનાય છે કે માલવાના રાજા વિક્રમે કે વિક્રમાદિત્યે શકોનો પરાજય કરી પોતાના નામનો આ વિક્રમ સંવત ચલાવ્યો. ધૌલપુરમાંથી મળેલા ચાહમાન (ચૌહાન) ચંડમહાસેનના વિ. સં. ૮૯૮ (ઈ. ૮૪૧)ના એક શિલાલેખમાં પહેલવહેલું આ સંવત સાથે વિક્રમનું નામ જોડાએલું મળ્યું છે.

એ પહેલાં પ્રાપ્ત લેખોમાં વિક્રમનું નામ તો નથી, પણ તેમાં દર્શાવેલાં વર્ષોની ગણના જોતાં માલવ ગણ (જાતિ) અથવા માલવ (માલવા)-ના રાજા કે રાજ્યની સ્થાપનાના સમયથી આ સંવતનો પ્રારંભ થતો જણાય છે. જૂના જયપુર રાજ્યના કર્કોટક નગરમાંથી મળેલા કેટલાક પ્રાચીન સિક્કાઓ પર 'માલવાન(નાં) જય (યઃ)' એવું લખાણ છે. આની લિપિ ઈ. સ. પૂર્વે ૨૫૦થી ઈ. ૨૫૦ વચ્ચેના ગાળાની એટલે કે વિક્રમ સંવતનો જે ગાળામાં પ્રારંભ થયો ત્યારની મનાય છે. આ સિક્કાઓ પરથી અનુમાન થાય છે કે માલવ જાતિના લોકોએ વિજય મેળવીને તેની યાદમાં એ સિક્કા પાડ્યા હશે. સમુદ્રગુપ્તે માલવ જાતિ પર આધિપત્ય મેળવ્યું હતું એ પરથી માની શકાય કે માલવોનો એ વિજય ગુપ્તોની પહેલાંનો હશે. સંભવિત છે કે માલવ જાતિના લોકોએ અવંતી જીતીને પોતાનું રાજ્ય ત્યાં સ્થાપ્યું હોય અને એ પરથી કાલાનુક્રમે એ દેશ પણ માલવ કે માલવા કહેવાયો હોય અને ત્યાં માલવ રાજ્ય સ્થપાયાના સમયથી પ્રચલિત થવાથી વિક્રમ સંવત 'માલવકાલ' કે 'માલવ સંવત' કહેવાયો હોય.

કેટલાક વિદ્વાનો માને છે કે વિક્રમ સંવતનું મૂળ નામ 'માલવ સંવત' જ હતું, પણ સમય જતાં ગુપ્ત વંશના રાજા ચંદ્રગુપ્ત (બીજા)નું નામ આ સંવત સાથે જોડાઈ ગયું. ચંદ્રગુપ્ત બીજાનાં શ્રી વિક્રમ, વિક્રમાદિત્ય, સિંહ વિક્રમ, અજિત વિક્રમ વગેરે બિરુદો હતાં. પણ આ કલ્પના તો જ ખરી પડે કે જો ઇતિહાસ પરથી એવું સિદ્ધ થાય કે ચંદ્રગુપ્તની પહેલાં વિક્રમ નામે અન્ય કોઈ પ્રસિદ્ધ રાજા હતો નહિ. આથી એમ પણ માની શકાય કે જેનું નામ આ સંવત સાથે જોડાયું છે એ વિક્રમ માલવ જાતિનો મુખી કે રાજા હોય અથવા ચંદ્રગુપ્ત (બીજા)ની પહેલાંનો કોઈ રાજા હોય.

વિક્રમ સંવતનો આરંભ કલિયુગ સંવતના ૩૦૪૪ વર્ષ પછીનો મનાય છે. વિક્રમ સંવત શક સંવત કરતાં ૧૩૫ વર્ષ અને ઈસ્વી સન કરતાં ૫૭ કે ૫૬ વર્ષ આગળ છે. દેશના કેટલાક— ખાસ કરીને ઉત્તર તરફના ભાગમાં તેનો આરંભ ચૈત્ર સુદ ૧થી અને કેટલાક ભાગમાં કાર્તિક સુદ ૧થી થાય છે. આમ, ચૈત્રાદિ વિક્રમ સંવત કાર્તિકાદિ વિક્રમ સંવતથી ૭ મહિના વહેલો આરંભાય છે. જૂના કાઠિયાવાડ, ગુજરાત તથા રાજપુતાનાના કેટલાક ભાગમાં વિક્રમ સંવતનો આરંભ આષાઢ સુદ ૧થી પણ થતો હતો જેના પરથી તે આષાઢાદિ સંવત પણ કહેવાય છે. જૂના ઉદેપુર વગેરે રાજ્યોમાં તે શ્રાવણ વદ ૧થી શરૂ થતો હતો.

હકીકતે વિક્રમ સંવતની ગણના કાર્તિક સુદ ૧ અને શક સંવતની ચૈત્ર સુદ ૧થી છે. પણ ઉત્તર હિંદનાં પંચાંગ શક સંવતના આધાર પર બનતાં તેમાં ચૈત્ર સુદથી ૧ થી વર્ષારંભ થતો હોઈ ત્યાંના લોકો વિક્રમ સંવતનો વર્ષારંભ પણ ચૈત્ર સુદ ૧ થી માનવા લાગ્યા હશે. ઉત્તર ભારતના પ્રાચીન લેખોમાં કાર્તિકાદિ અને ચૈત્રાદિ એમ બંનેમાં વિક્રમ સંવતની ગણના મળે છે. ઈસ્વી સનની ૧૨મી શતાબ્દી સુધીના લેખોમાં કાર્તિકાદિ સંવત અધિક પરંતુ ૧૩ થી ૧૬મી સદી દરમિયાનના લેખોમાં ચૈત્રાદિ સંવત વધુ મળે છે. (ગૌરીશંકર હીરાચંદ ઓઝાના એક લેખના આધારે)

બળિયાદેવ



બળિયાકાકા અથવા બળિયાદેવની પૂજા સૌરાષ્ટ્રમાં લગભગ બધે સ્થળે જોવા મળે છે. શીતળાના રોગની સાથે આ દેવનું નામ જોડાએલું છે. ઘરમાં રોગ નીકળે એના મારણ અર્થે બળિયાદેવની માનતા, બાધા-આખડી રખાય છે. ઝાલાવાડમાં, ખાસ કરીને ધ્રાંગધ્રામાં આને લગતો એક વિચિત્ર રિવાજ આજે પણ ચાલુ છે. ઘરમાં થએલો રોગ મટે ત્યારે બળિયાદેવનું એક માથું ઘડાવી ગામ બહારના મંદિરમાં તેને પૂજન સાથે પધરાવી આવે છે. આ સાથે આપેલો ફોટો ધ્રાંગધ્રાના કિલ્લાની રાંગમાં ભેગાં થએલાં બળિયાદેવનાં માથાંનો છે. મંદિરોનાં પટાંગણમાં ને અહીં-તહીં વધી પડેલાં માથાં આમ કિલ્લાની રાંગમાં કે મંદિરની દીવાલમાં સાચવી રાખવામાં આવે છે. નવું માથું પધરાવી જનાર આગળનાં માથાંઓનું આણુંપાતળું પૂજન પણ કરે છે.

બળિયાદેવનાં આ માથાંનાં પૂજન પાછળ અર્ધ પૌરાણિક, અર્ધ ઐતિહાસિક કથાતંતુ પણ રહેલો છે. સ્વ. રત્નમણિરાવ 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ'માં પૃ. ૨૩૪ અને તેની પાદનોંધમાં લખે છે: 'સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં બર્બરના ઉલ્લેખો છે. બર્બરિકને શિવ-પૂજક ગણ્યો છે. એનું માથું પૂજાય છે એમ કહી બળિયાકાકા સાથે એને મેળવવાનું સૂચન કુમારિકા ખંડમાં કર્યું છે. સ્કંદપુરાણ બર્બરિકને ઘટોત્કચનો પુત્ર કહે છે અને એનું માથું પૂજાશે એવું કૃષ્ણનું વરદાન છે એમ લખે છે. રાહુનું માત્ર માથું જ પૂજાય છે.–બળિયાકાકાનું પણ માથું જ પૂજાય છે. કોઈ બાબરિયા વીરની પૂજાને પૌરાણિક રૂપ અપાયું હશે?'

સૌરાષ્ટ્ર–ગુજરાતમાં બર્બર (બાબરિયા) જાતિ એક કાળે બળવાન ગણાતી. સિદ્ધરાજના સમયમાં તેને ભૂત ગણવામાં આવતી. બાબરા ભૂતની સહાયથી સિદ્ધરાજે માળવા જીત્યું એમ મનાય છે. સૌરાષ્ટ્રનો એક ભાગ આજે ય 'બાબરિયાવાડ' કહેવાય છે. ધ્રુમલીના જેઠવા રાણાઓની સહાયમાં રહી ધ્રુમલીનો કોટ બર્બર લોકોએ ચણી આપ્યો તેવી કથા છે. આજે પણ આભપરાના કિલ્લા પાસે 'બાબરા ભૂતનું તળાવ' છે.

આમ સ્કંદપુરાણની પૌરાણિક વાત અને બર્બર જાતિની ઐતિહાસિકતા બળિયાદેવના રૂપે, તેના માથાના પૂજન રૂપે સમાજમાં સચવાએલી જોવા મળે છે. —લેખન અને તસવીર: નરોત્તમ પલાણ

હમદર્દી મંદિર

એકાદ–બે રવિવાર ભલે હરવાફરવામાં કે નાટક-સિનેમા જોવામાં ગાળીએ; પરંતુ બાકીના બે રવિવાર તો હૉસ્પિટલમાં જઈ કોઈક એકલ-વાયા દર્દીના સ્વજન બનીને, વેદનાનાં આંસુ લૂછવામાં, એને હૈયા-ધરપત આપે એવા મીઠા બે બોલ કહેવામાં અને એના જીવનની એક-લતા અળગી કરવામાં ગાળીએ તો કેવું સારું? આ 'સદ્વિચાર પરિવાર'નાં વાક્યોથી પ્રેરાઈને મુંબાઈના થોડાક નવલોહિયા યુવાન ભાઈઓએ માનવતાનાં કાર્યો માટે 'હમદર્દી મંદિર નામની' સંસ્થા સ્થાપી છે. આ સંસ્થાના ઉપક્રમે છેલ્લા બે વરસથી હૉસ્પિટલોમાં જઈ. સમાજથી તર-છોડાએલા કમભાગી દર્દીઓને મળી, આશ્વાસનના બે મીઠા શબ્દો સાથે ત્રણેક હજાર નિઃસહાય દર્દીઓને રૂ. ચારેક હજારની કિંમતનાં ફળો વગેરેની તેમણે વહેંચણી કરી છે. આ સંસ્થા સમાજનો સક્રિય સહકાર માગે છે: પોતાની સાથે પીડિતોનાં આંસુ લૂછવા જવા જૂનાં કપડાં, મૅગેઝીનો વગેરે દર્દીઓના લાભાર્થે આપવા તેમજ શક્ય નાણાંકીય સહાય કરવા અપીલ કરે છે. સંપર્કસ્થાન: હમદર્દી મંદિર, ડૉ. શ્રી દિનેશ હીરજી ગાલા, ૧૯/૨ આઝાદ નગર, વડાલા, મુંબઈ-૩૧.

▮. શસ્ત્રક્રિયા પછી દરદીઓને બહારનો ચેપ ન લાગે તેવા વાતાવરણમાં રાખવા માટે બ્રિટનમાં દરદીના પલંગ ઉપર છત્રીની જેમ ગોઠવી શકાય એવી એક વિશિષ્ટ યંત્ર વ્યવસ્થા બનાવવામાં આવી છે. તેમાંની હવા શસ્ત્રક્રિયા ખંડની હવા કરતાં ૨૦૦ ગણી વધુ સ્વચ્છ રહેતી હોવાનો દાવો છે. દાઝી ગયેલા કિરણોત્સારનો ભોગ બનેલા દરદીઓ માટે પણ તે ઘણી લાભપ્રદ બની શકશે.

▮. ઔદ્યોગિક પ્રક્રિયાઓ માટે ખારા પાણીને મીઠું બનાવવાની સૌથી સસ્તી રીત ઇલેક્ટ્રો–ડાયાલિસિસ છે એવું લાંબા કાળથી માનતા આવેલા બ્રિટિશ વૈજ્ઞાનિકોએ તેમની પ્રથમ મોટી સફળતા મેળવી છે. આ નવા પ્લાન્ટની કાર્યશક્તિ કલાકની ૨૨,૦૦૦ ગૅલન પાણીની હશે. અને આ પ્રકારનો યુરોપમાં તે સૌથી મોટો પ્લાન્ટ બનશે.

▮. બ્રિટનમાં 'નૉર્ડાન હેડલૅન્ડ લૅબોરેટરીઝ' બનાવેલો 'ઇમેકૉન' નામે કૅમેરા એક સેકન્ડમાં ૨ કરોડ ઉપરાંત છબિઓ લઈ શકે છે. વિશ્વમાં તે સૌથી વધુ ઝડપી કૅમેરા હોવાનું મનાય છે. યંત્રો ઝડપથી ફરતાં હોય ત્યારે તેના ફરતા ભાગોના અભ્યાસ માટે એ ઉપયોગી બનશે.

સર વિન્સ્ટન ચર્ચિલ

ઈંગ્લૅંડના ગૌરવ અને વિજયની સતત સ્થાપના કરતા રહીને એક નવો જ ઇતિહાસ



રચનાર, વિશ્વના સમર્થતમ રાજપુરુષોમાંના એક સર વિન્સ્ટન લિયૉનાર્ડ સ્પેન્સર ચર્ચિલનો જન્મ ઇ. ૧૮૭૪ની ૩૦મી નવેમ્બરે થયો હતો.

હેરો સ્કૂલમાં પ્રારંભિક અભ્યાસમાં એ 'ઢ' હોઈ પિતા રૅન્ડોલ્ફે એમને સેન્ડહર્સ્ટની સૈનિક શાળામાં મૂકયા જ્યાંથી ૨૧ વર્ષની વયે 'ફોર્થ હસાર્સ' ટુકડીમાં સ્થાન મળ્યું. યુદ્ધ ખબરપત્રી તરીકે એમણે ક્યુબા અને ઇજિપ્તની સફર પણ કરીઅને એક સૈનિક ટુકડીમાં હિંદુસ્તાનમાં પણ સેવા આપેલી.

ઈ. ૧૮૯૯માં એ પહેલીવાર ચૂંટણીમાં ઊભા, હાર્યા, અને એટલે ૧૯૦૦માં બોઅર યુદ્ધના ખબરપત્રી તરીકે દક્ષિણ આફ્રિકા ગયા. જ્યાં કેદ પકડાયા ને સિફતથી ત્યાંથી નાસી પણ છૂટયા. ફરી ચૂંટણી લડી, જીત મેળવી ૧૯૦૫માં લિબરલ પક્ષમાં સંસ્થાનોના નાયબ મંત્રી બન્યા. ૧૯૧૧માં નૌકાખાતામાં નિમણુક થતાં એમણે ઈંગ્લિશ નૌકાદળને સુસજ્જ બનાવ્યું. પહેલા મહાયુદ્ધમાં શસ્ત્રસરંજામ ખાતાના પ્રધાન બની ત્યાંથી સંસ્થાખાતામાં ગયા. ૧૯૨૪માં તેઓ નાણામંત્રી બન્યા.

બીજા મહાયુદ્ધ દરમિયાન ૧૯૪૦માં તેઓ બ્રિટનના વડાપ્રધાન બન્યા અને પોતાની મુત્સદ્દીગીરી, સમયસૂચક નિર્ણયશક્તિ અને વ્યૂહરચનાની આગવી પ્રતિભાનો મોટો ફાળો આપી જર્મનીને શરણાગતિ સ્વીકારવાની ફરજ પાડવામાં પોતાનો હિસ્સો પણ પુરાવ્યો હતો. ૧૯૫૦માં એ ફરી વડા પ્રધાન બન્યા.

મુત્સદ્દી હોવા ઉપરાંત વાણી અને લેખન પર એમનું એકસરખું પ્રભુત્વ હતું. 'મેમ્બર્સ ઑવ માર્લબરઅ', 'ધ સેકન્ડ વર્લ્ડ વૉર', 'હિસ્ટરી ઑવ ધી ઈંગ્લિશ સ્પીકિંગ પીપલ' વગેરે એમનાં વિખ્યાત પુસ્તકો છે. ૧૯૫૩નું સાહિત્ય માટેનું નૉબેલ પારિતોષિક પણ એમને મળેલું.


સાહસ, અડગતા યુયુત્સા અને સામ્રાજ્ય રક્ષાના પ્રતીક સમા ચર્ચિલે ૬૦ વર્ષ સુધી સ્વદેશની ગૌરવભરી સેવા બજાવી ૧૯૫૫થી રાજકારણમાંથી નિવૃત્તિ લીધી હતી. અવકાશના સમયમાં ચણતર અને ચિત્રકળામાં એમણે રસ દાખવ્યો હતો.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં

તા. ૧, ૧૯૫૪ ૧૪૦ વર્ષે મુક્ત બનેલી ભારતમાંની ફ્રેન્ચ વસાહતોનો વહીવટ ભારતને સોંપાયો.

તા. ૪, ૧૯૨૧ દિલ્હી મુકામેથી કૉંગ્રેસની કારોબારી સમિતિએ વિદેશી કાપડનો બહિષ્કાર કર્યો.

તા. ૫, ૧૬૦૫ ગાય ફૉક્સના કાવતરાની નિષ્ફળતા. રાજા તરીકે સમગ્ર ધર્મસમાજ ઉપર પોતાની જ સત્તા સ્થાપવાના અભરખામાં જેઈમ્સ ઇંગ્લૅંડના પ્યુરિટનો અને કૅથોલિકોને આપેલા વચનોને વિસારીને તેમના પર જોહુકમી ચલાવવા માંડયો. પોતે ધર્મશાસ્ત્રોનો અભ્યાસી તથા સ્કૉટલૅન્ડના પ્રેસ્બિટેરિયન ધર્મસમાજના નીતિનિયમો પ્રમાણે ઊછર્યો હોવા છતાં એને પ્યુરિટનો પ્રતિ દિલસોજી નહોતી. એ જ રીતે અંગ્રેજ ધર્મસમાજની જાહેર પ્રાર્થનામાં ગેરહાજર રહેવા બદલ હજી યે કૅથલિકોને દંડ આપવો પડતો હતો. જેઈમ્સના વચન મુજબ કંઈક ધાર્મિક રાહત માળવાની આશાઓ નિષ્ફળ જતાં કેટલાક કૅથલિકોએ રાજા અને એના પ્રધાનોને મારી નાખવા એક કાવતરું રચ્યું. સ્પેઈનના લશ્કરમાં દારૂગોળો ફોડવામાં નિપુણતા મેળવી આવેલા ગાય ફૉકસે એની જવાબદારી ઉપાડી, પણ કાવતરાબાજોમાંના એકે પોતાના મિત્ર અને પાર્લમેન્ટના એક સભ્યને મરતો બચાવી લેવા નિશ્ચિત કરેલા દિવસે પાર્લમેન્ટની સભામાં ન જવા ચેતવ્યો. આ પરથી શંકા જતાં તપાસ ચાલી અને અંતે પાર્લમેન્ટના ભોંયરામાં એકઠા કરેલા દારૂગોળાને આગ ચાંપવાની છેવટની તૈયારી કરતો ગાય ફૉકસ ઝડપાઈ ગયો. કાવતરું નિષ્ફળ ગયું. રાજા બચી ગયો. પણ આ કાવતરાથી અજાણ એવા મોટા ભાગના કૅથલિકો–એટલે કે સમગ્ર કૅથલિક સમાજ પર આ કારણે બદનામીનો બટ્ટો લાગી ગયો. એ કાળે આ બનાવની ઈંગ્લૅંડ પર એવી ઘેરી અસર પડી હતી કે એની નિષ્ફળતાની ઉજવણીનો આનંદ આજે પણ એક તહેવાર પેઠે દર વર્ષે નિયમિત ઊજવવામાં આવે છે.



તા. ૬, ૧૮૧૭ ફતેસિંહરાવ ગાયકવાડ સાથે સંધિ કરીને અંગ્રેજોએ અમદાવાદ મેળવ્યું.

તા. ૮, ૧૯૧૭ રશિયામાં બૉલ્શેવિક બળવાનો આરંભ થતાં ક્રાંતિનાં મંડાણ થયાં.

તા. ૧૧, ૧૮૭૮ કથકલી નૃત્યના ઉદ્ધારક કેરળ કોકિલ કવિ વળ્ળત્તોળ નારાયણ મેન્વનનો જન્મ.

તા. ૧૨, ૧૮૪૧ સર્જરીમાં આશીર્વાદરૂપ, બેહોશીની દવા ક્લૉરોફૉર્મનો પ્રથમ વાર ઉપયોગ.

તા. ૨૨, ૧૭૭૪ ભારતમાં અંગ્રેજી રાજસત્તાની જડ કાયમ કરનાર અને તેને વિસ્તારનાર રૉબર્ટ ક્લાઇવે અનેક પ્રકારના માનસિક ભારણ નીચે પોતાનું ગળું કાપી આપઘાત કર્યો.

તા. ૨૪, ૧૯૩૭ મહાન હિંદી વિજ્ઞાનાચાર્ય સર જગદીશચંદ્ર બોઝનું અવસાન.

તા. ૨૪, ૧૮૫૯ ચાર્લ્સ ડાર્વિને પ્રાણીઓની ઉત્ક્રાંતિનો ઐતિહાસિક સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો.

કયારી કેસર કી કરે, અંદર બૂએ પયાજ,
પાની દેય ગુલાબ કા, આખર પ્યાજ કી પ્યાજ.

પરમ જ્ઞાની નાગા બાવા તોતાપુરીને રોજ પ્રાર્થના કરતા જોઈ રામકૃષ્ણ પરમહંસે તેની જિજ્ઞાસા વ્યક્ત કરતાં તોતાપુરીજીએ પોતાના હાથમાંનું ચકચકિત કમંડલ બતાવીને કહ્યું: 'અંતઃકરણ આ ધાતુપાત્ર જેવું છે. એને રોજ રોજ ધ્યાન-પ્રાર્થનાથી માંજ્યા કરવાથી તેના પર કાટ ચડતો નથી.'

અનેકાર્થી શબ્દ : **ચોકી**=રખેવાળી, પહેરો; થાણું કે ગેટ; ચાર બાજુવાળી રચના. તેવી કૂંડી; સીડીની વચ્ચેનો ચોરસ ટપ્પો; બાજોઠ; એક જાતનું ઘરેણું; છાણાં ભરેલું ગાડું-ચોકડું; ત્રિશંકુ તારામંડળ; દક્ષિણ દિશા; થાંભલાની બેસણી; મીઠાઈ ભરવાનું લોખંડનું સાધન.

કહેવતો : 'બેસતો વાણિયો, ને ઊઠતો બકાલી'-બંને સસ્તો માલ વેચતા હોય છે; વાણિયો ઘરાક જમાવવાની ખ્વાહિશથી અને શાકવાળો વીણાઈને રહ્યોસહ્યો માલ કાઢી નાખવાની ઉતાવળથી. સમાજદર્શન કરાવતી આવી પ્રબોધક બીજી ઘણી કહેવતો હોય છે. દા. ત. 'છાશ લઈએ તળેથી અને દૂધ લઈએ ઉપરથી'-છાશનો ઘાટો ભાગ હમેશાં વાસણને તળિયે હોય અને દૂધનો ક્રીમવાળો ઘાટો ભાગ હમેશાં ઉપરના ભાગમાં હોય. પણ વેપારી કદી એ વસ્તુઓ હલાવ્યા વિના આપે જ નહિ.




સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક ને સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો)ની રજત જયંતી નિમિત્તની ૪થી નવેમ્બરની ભારતની ટપાલટિકિટ.
(પ્રેષક : ડાહ્યાભાઈ પરમાર-અમદાવાદ)

શિયાળામાં થીજું ઘી કાઢવા માટે પળી કે ચમચો ગરમ કરી વાપરવાથી સરળતા થશે.



મીઠાની મહત્તા : પૃથ્વીમાંથી મળતી ચીજોમાં મીઠા જેટલી આવશ્યક બહુ ઓછી હશે. મીઠા વિના માનવજાત ને ઘણાંખરાં પ્રાણીઓ નાશ પામ્યાં હોત. સદીઓ પહેલાં માણસને રીબાવીરીબાવીને મારવા માટે એને મીઠું આપવું બંધ કરાતું હતું! બહુ ઓછા લોકો મીઠા વગર એક મહિનાથી વધુ સમય સુધી જીવી શકે.



કલાકણિકા : નાખી દેવા જેવા પાટિયાના ટુકડા ને તાર-એ બે ચીજોમાંથી કારીગર આંગળાં કેવી સુંદર ચીજ બનાવી શકે તેનો આ નમૂનો છે. રંગનો ઓપ આપ્યો કે ઓર ખીલી ઊઠે. પંખીના પાંજરા તરીકે અથવા અંદર વીજળીનો દીવો કે નાનો ફૂલછોડ રાખવાના ફાનસ કે ઝાંપી તરીકે તે ઘરની રોનક બદલી દે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨૮થી)

આપના નિયમિત રીતે પ્રકાશિત 'કુમાર'માં સુંદર લેખો વાંચવા મળે છે. હજુ સુધી કોઈ મૅગૅઝીન આવું ઉચ્ચ ધોરણ સાચવી શક્યું નથી. પરંતુ એક બાબત તરફ ધ્યાન દોરવાનું કે આપના મૅગૅઝીનમાં શાળોપયોગી એકાંકી નાટકો જો દર અંકમાં આપ રજૂ કરો તો ગુજરાતની શાળાઓને અને વિદ્યાર્થીઓને તે ઘણાં ઉપયોગી થઈ પડશે. અગાઉ તમે જે નાટકો પ્રકાશિત કરતા તેવાં નાટકો હવે ઉપલબ્ધ નથી. તો આપ 'કુમાર'માં નાટકનો વિભાગ શરૂ કરી ગુજરાતની શાળાઓને ઉપયોગી થઈ પડશો.

(સાલવી) —આચાર્ય, સાલવી હાઈસ્કૂલ

'એમ કહું કે અહીં ઊતરતાં જ તે દિવસે મેથિયા અથાણું ને સણુંગ વાલની દાળ ખાધી તો તમે માનશો? કવિબન્ધુ રાજેન્દ્ર શાહની કૃપા થકી, રહ્યો તેટલા દિ' દાળ ભાત રોટલી ને શાક, શિખંડ દૂધપાક, વાલ મગ ખીચડી, ઢોકળાં ઢોકળી, વડાં ભજિયાં ખાવા મળ્યાં...મને એમની મૂળ ઓળખાણ આપેલી રાજેન્દ્ર શાહ કવિજને, એટલે મેં એમને લખ્યું કે ક્યાંક હોટેલમાં વ્યવસ્થા કરજો. રાજેન્દ્રના મિત્ર લોકપતિ ભક્ત તે ખરેખરા ભક્ત જ...'

'કુમાર'ના ઑગસ્ટ અંકમાંના શ્રી ચન્દ્રવદન મહેતાના લેખ 'સાનફ્રાન્સિસ્કોમાં સૂરત બારડોલી'માં ઉપરનાં વાક્યો છે. આ પ્રસંગમાં શ્રી રાજેન્દ્ર શાહનું નામ કેવી રીતે આવી શકે તે સમજાતું નથી; રાજેન્દ્રને એ પ્રસંગ સાથે કાંઈ સંબંધ હતો નહિ, તે ઉપરાંત તેઓ એથી અજાણ હોવા જોઈએ.

ખરી બિના એવી છે કે શ્રી લોકપતિ ભક્ત મૂળ તો 'શ્રી વિશ્વવંદ્ય ગ્રંથમાળા'ના પ્રકાશક શ્રી જગન્નાથ ડૉક્ટરના સ્નેહી; અને લોકપતિ મુંબાઈ આવ્યા હતા તે વખતે રાજેન્દ્રની તેમ મારી પણ ઓળખાણ શ્રી જગન્નાથે જ એમની સાથે કરાવેલી. ચન્દ્રવદન અમેરિકા જવાના હતા ત્યારે સાનફ્રાન્સિસ્કોમાં એમના પરિચિત કોઈ ન હોવાથી ત્યાંની વ્યવસ્થા માટે મને વાત કરી, તે ઉપરથી મેં જગન્નાથને પૂછ્યું કે લોકપતિ દ્વારા કાંઈ ગોઠવી શકાય? એમણે જણાવ્યું કે લોકપતિ સાહિત્યરસિક છે એટલે ચન્દ્રવદનની પરોણાગત કરતાં એમને જરૂર આનંદ થશે. તદનુસાર શ્રી જગન્નાથે જ, લોકપતિને એ વિષે લખ્યું અને ચન્દ્રવદનને એની જાણ કરવા મને કહ્યું. તે પ્રમાણે મેં ચન્દ્રવદનને લખ્યું કે જગન્નાથ મારફત ગોઠવણ થઈ છે, અને લોકપતિનું સરનામું આપી જણાવ્યું કે તેમને સાનફ્રાન્સિસ્કોની તારીખો જણાવશો. વધુમાં જગન્નાથે પણ લોકપતિને ભલામણ લખેલી એટલે લોકપતિએ પણ ચન્દ્રવદનને લખ્યું ને બધી વ્યવસ્થા સંતોષપૂર્વક થઈ ગઈ.

લેખ સાથે જે ચિત્ર છપાયું છે તેની નકલ પણ ચન્દ્રવદનના પાછા ફરતાં પહેલાં લોકપતિએ જગન્નાથને મોકલી હતી અને મેં જોઈ હતી.

(મુંબાઈ) --વિલોચન ધ્રુવ

ઑક્ટોબર અંકના પૃષ્ઠ ૪૬૮ ઉપર મથાળે, જે ઉચ્ચ પ્રકારની, સ્રગ્ધરાની ચાર કાવ્યપંક્તિઓ ટાંકેલી છે તેના કર્તાનું નામ દર્શાવેલું નથી. આપની તથા વાચકોની જાણ માટે લખવાનું કે એ પંક્તિઓ સ્વર્ગસ્થ સાક્ષરશ્રી દોલતરામ કૃપારામ પંડ્યા કૃત, 'અમરસત્ર' નાટકનું છેલ્લું આશીર્વચન છે. આપના ઉતારામાં બીજી પંક્તિ, સુધારીને મૂળ અનુસાર નીચે પ્રમાણે વાંચવા વિનંતી છે: 'શ્રદ્ધા સત્યે, સુધર્મે અનવરત રતિ સિદ્ધની શુદ્ધ ભક્તિ.'

(મુંબઈ) —રંજિતલાલ હ. પંડ્યા

સામાન્ય રીતે ઉચ્ચારો અને અંગ્રેજી શબ્દોની જોડણીમાં ચોખ્ખાઈનું આગ્રહી 'કુમાર' હિપ્પી અંગેના લેખોમાં 'મારીજુઆના'ને બદલે 'મારૂજુઆના' કેમ લખે છે? અંગ્રેજી શબ્દ સ્પષ્ટ Marijuana છે.

(ભાવનગર) —ભૂપેન્દ્ર ક. ઠક્કર